RNI No. GUJGUJ/2014/55998 | Retail Selling Price : ₹ 20/- | Published Date Every 1st of January/April/July & October

આઈશ્રી સોનલમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ–રાજકોટ દ્વારા પ્રકાશિત



# ચારણ સંસ્કૃતિ

સં. ૨૦૮૦
ચૈત્ર–જેઠ

www.sonalmaatrust.org

વર્ષ : ૧૦ (સળંગ–૧૩(૯૮)) અંક : ૫૪ એપ્રિલ – જૂન ૨૦૨૪




ચારણી સાહિત્ય અને લોક સાહિત્ય દ્વારા સંસ્કાર અને સંસ્કૃતિને જાળવી રાખવા પ્રયત્ન કરતું મેગેઝિન

# આઈ શ્રી સોનલમા એજ્યુકેશનલ એવોર્ડ ૨૦૧૯/૨૨/૨૩



આઈશ્રી સોનલમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટ દ્વારા
૩૨માં સમુહ લગ્ન મહોત્સવમાં સૌરાષ્ટ્ર કચ્છના વિદ્યાર્થીઓને અપાયેલ
એજ્યુકેશનલ એવોર્ડ અર્પણની બોલતી તસ્વીરો તા. ૪-૨-૨૦૨૪





પૂ. કંચનમાના વરદ હસ્તે જયરાજ ગઢવી
ધો. ૧૨, પી.આર. ૯૯.૮૩ (કવાડીયા)



પૂ. પાલુબાપુના વરદ હસ્તે રીતીકા ચાટકા
ધો. ૧૦, પી.આર. ૯૯.૭૫ (જુનાગઢ)



શ્રી ગીરીશભાઈ મોડના વરદ હસ્તે હર્ષ ભાંસળીયા
ધો. ૧૨, પી.આર. ૯૯.૯૬ (રાજકોટ)



શ્રી રામભાઈ જામંગના(મેનેજીંગ ટ્રસ્ટી) વરદ હસ્તે
યશરાજ ગઢવી, ધો. ૧૨, પી.આર. ૯૯.૮૯(રાજકોટ)



શ્રી નરેન્દ્રભાઈ બુધશીના વરદ હસ્તે રઘુવીર અરડુ
ધો. ૧૦, પી.આર. ૯૯.૧૫ (મજાદર)



શ્રી બાબભાઈ પાલીયા(પ્રમુખ)ના વરદ હસ્તે યુવરાજ ગઢવી
ધો. ૧૦, પી.આર. ૯૯.૪૬ (બોટાદ)



# સોનલ બીજ શતાબ્દી ઉજવણી - લંડન











આપણા સૌ ના પરમ પ્રિય આઈ શ્રી સોનલ મા ના શતાબ્દી વર્ષની ઉજવણી પરંપરા મુજબ પોષ સુદ બીજ **૧૩** જાન્યુઆરી **૨૦૨૪** શનિવાર ની સંધ્યાએ ધામધુમ ભકિતભાવ અને ઉત્સાહ પૂર્વક ઉત્તરલંડન સ્થિત દરજી પેવેલીયન માં યોજાય. સૌ પ્રથમ ભોજનપ્રસાદ થી શરૂઆત થઈ. લગભગ બસો થી વધુ લોકોએ સહભોજન કર્યું. અમારા સ્વયંસેવકો ના આયોજન થી સરસ રીતે સંપન્ન થયુ

**તે પ્રસંગની એક ઝલક**


–પ્રતાપભાઈ જાળફવા, લંડન

# અભિનંદન

# હાર્દિક શુભેચ્છા

## ભાંસળીયા પરિવારનું ગૌરવ






**શ્રી વિવેક વજુભા ભાંસળીયા**

B.A. LL.B (એડવોકેટ)

**કૃપાયું કુળદેવી તણી, નિતિ પરસ્ત હોય નેક, ભાચળિયો રવિ ભણે, વાંણી વિમળ "વિવેક"**

આદિત્ય બિરલા હેલ્થ ઈન્શ્યોરન્સમા સૌરાષ્ટ્ર કચ્છના એરીયા હેડ તરીકે ફરજ બજાવતા મુળ ગામ રાબાના સમઢીયાળા અને હાલ રાજકોટ રહેતા શ્રી વજુભા માણસુરભા ભાંસળીયાના સુપુત્ર શ્રી વિવેક ભાંસળીયાએ સમગ્ર ચારણ ગઢવી સમાજનુ ગૌરવ વધારવા બદલ ભાંસળીયા પરિવારને ખૂબ ખૂબ અભિનંદન....

તાજેતરમાં તા : 10/03/24 ના રોજ યોજાયેલ સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના પદવીદાન સમારોહમાં ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે શ્રી વિવેક ભાંસળીયાને B. A. LLB ( integrated) ના ૬ સેમેસ્ટરમા સમગ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સીટી પ્રથમ આવવા બદલ સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવેલ હતો. આ સમારોહમા ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ તથા રાજય કક્ષાના શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનશેરીયા અને સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના કુલપતિ શ્રી નિલામ્બરીબેન દવેની ઉપસ્થિતિમાં સુવર્ણ ચંદ્રક મળતા ગૌરવની ક્ષણ બની હતી. શ્રી વિવેકે LLB ના પ્રથમ વર્ષથી જ ગુજરાત હાઈકોર્ટના વિદ્વાન ધારાશાસ્ત્રી સાથે રહી ફોજદારી તથા વાહન અકસ્માત વળતર ક્ષેત્રે ઈન્ટર્નશીપ કરેલ હતી. અને હાલ તેઓ રાજકોટ તથા ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ ખાતે ધારાશાસ્ત્રી શ્રી રવિન્દ્રભાઈ સાથે કામ કરી રહ્યા છે.

શ્રી વિવેક ભાંસળીયાને સુવર્ણ ચંદ્રક ( gold medal) મળતા તેમના પિતાને તથા ભાંસળીયા પરિવારને ઠેર ઠેર થી અભિનંદનની વર્ષા થઈ રહી છે.

:: શુભેચ્છકો ::

વજુભા માણસૂરભા ભાંસળીયા - (૯૯૦૯૯૬૦૪૫૬)

હર્ષભા વજુભા ભાંસળીયા

Advt.

ત્રૈમાસિક 'ચારણ સંસ્કૃતિ' અંક(૫૪) –– વર્ષ : ૧૦(સળંગ–૧૩(૯૮))
એપ્રિલ–જૂન ૨૦૨૪ : વિ.સં.૨૦૮૦ (ચૈત્ર–જેઠ)

: ટ્રસ્ટી મંડળ :
બાબભાઈ પાલીયા – પ્રમુખશ્રી
૯૭૨૩૪ ૫૪૦૮૨
રામભાઈ જામંગ – મેનેજીંગ ટ્રસ્ટીશ્રી
૯૮૨૪૨ ૮૮૮૫૨
રમેશભાઈ જાળગ – ટ્રસ્ટીશ્રી
૯૭૨૩૪ ૪૮૨૦૫
નરેન્દ્રભાઈ(નીતુભાઈ)ઝીબા – ટ્રસ્ટીશ્રી
૯૪૨૬૯ ૬૦૩૯૯
હરેશભાઈ આલગા – ટ્રસ્ટીશ્રી
૯૯૨૫૦ ૩૪૯૩૪

: ટ્રસ્ટની બેંક :
AAISHRI SONALMA EDUCATION & CHARITABLE TRUST - RAJKOT
( Bank of India,University Road Branch, Rajkot )
A/c No.312710210000008
IFSC CODE : BKID0003127

: ટ્રસ્ટની વેબસાઈટ :
www.sonalmaatrust.org

: તંત્રી–સંપાદક :
રામભાઈ જામંગ-૯૮૨૪૨ ૮૮૮૫૨

: સહ સંપાદક :
રાજુલ દવે-૯૪૨૬૨ ૨૯૫૧૭

: ફોટોગ્રાફર :
મુળુભાઈ ઘાંઘણિયા-૯૮૭૯૪ ૨૨૭૨૦

: ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર :
ઈ-૧૨૮૫ તા.૧૯/૯/૧૯૮૩

: સોનલ વાડી માટે પૂછપરછ :
રમેશભાઈ જાળગ-૯૭૨૩૪ ૪૮૨૦૫
દિપકભાઈ મહેતા-૯૪૨૮૨ ૯૬૩૦૦

## –– અનુક્રમણિકા ––


| | | |
|---|---|---|
| ૦૧ દાદો સૂરજ રે ઉગેને સોનબાઈ... | રામભાઈ જામંગ | ૦૭ |
| ૦૨ ટ્રસ્ટને મળેલ દાનની યાદી | - | ૦૯ |
| ૦૩ સબદ હમારા ખરતર ખાંડા | રાજુલ દવે | ૧૦ |


### લેખ વિભાગ


| | | |
|---|---|---|
| ૦૪ મા સરસ્વતી ચારણના મુખમાં.. | નરેન્દ્ર મોદી | ૧૨ |
| ૦૫ આઈ સોનલમા શતાબ્દી ઉત્સવ | સંકલન | ૧૩ |
| ૦૬ મઢડા મહોત્સવ એટલે શતાબ્દીનું... | વી.એસ. ગઢવી | ૧૭ |
| ૦૭ ભેદની ભીંત્યું ભાંગનારા સાધુ-સંતો | પ્રવીણ ગઢવી | ૨૦ |
| ૦૮ ચારણો અને ઈતિહાસ | ડો.પ્રદ્યુમ્ન ખાચર | ૨૪ |
| ૦૯ કાંટો કેળને ખાય | ડો.નિરંજન રાજ્યગુરુ | ૨૬ |
| ૧૦ સોનલ શતાબ્દી પછી શું...? | ઈસુભાઈ ગઢવી | ૨૮ |
| ૧૧ ચારણની ખોળાધરી | જયમલ્લ પરમાર | ૩૧ |
| ૧૨ ચારણને ચકમક તણી | રામભાઈ જામંગ | ૩૨ |
| ૧૩ રાજસ્થાનની એક જ કુટુંબની... | પુષ્પદાન ગઢવી | ૩૩ |
| ૧૪ અમદાવાદ-મોટેરામાં આઈશ્રી.. | ઘનશ્યામભાઈ ગઢવી | ૩૮ |
| ૧૫ પ્રાયશ્ચિત | ચંડીદાન ગઢવી | ૪૦ |
| ૧૬ ઊર્જાની ઓળખ | નરસંગભાઈ ઠાકરિયા | ૪૩ |
| ૧૭ પુસ્તક પરિચય | રાજુલ દવે | ૪૪ |
| ૧૮ જન સેવા એ જ પ્રભુ સેવા | મહેરબાનભાઈ ગઢવી | ૪૫ |
| ૧૯ ભૂજ ખાતે ચારણી સાહિત્ય... | સંકલન | ૪૭ |
| ૨૦ શકિતનું રહસ્ય | મોહમ્મદ માંકડ | ૪૮ |
| ૨૧ મહેસાણા ખાતે સોનલ બીજ.. | ભરતદાન ગઢવી | ૫૧ |
| ૨૨ આજના યુગનો મહારોગ.. | વિનોદ મકવાણા | ૫૨ |
| ૨૩ માનસિક સ્વાસ્થ્ય માટે.. | ડો.હરીશ રાબા | ૫૪ |
| ૨૪ સ્વ.હેમુ ગઢવીની સર્જન યાત્રા | રાજેન્દ્ર ગઢવી | ૫૭ |
| ૨૫ કાગ એવોર્ડ સમારંભ | રાજુલ દવે | ૬૦ |
| ૨૬ પંચત્વમાં પીગળી ગયો પંકજ... | આર.પી.જોશી | ૬૨ |
| ૨૭ અમીરસ ઈતિહાસનો(૩૬) | રામભાઈ જામંગ | ૬૪ |
| ૨૮ જાહેરાત | - | ૬૬ |


### કવિતા


| | | |
|---|---|---|
| ૨૯ શિવશંકર સ્તુતિ | કાનભા મોખીયા | ૬૮ |
| ૩૦ નથી ગમતું | બાબુ ગઢવી | ૬૮ |

| | | |
|---|---|---|
| ૩૧ વ્યસનો તજો | ભાવેશભા ખાત્રા | ૬૯ |
| ૩૨ ઈશ્વરને અરદાસ | બદ્રીનાથ ચારણ | ૬૯ |
| ૩૩ સોનલમાનો ભાવ | દાદુભાઈ ગઢવી | ૭૦ |
| ૩૪ ગઝલ | જીલુભા રાબા | ૭૦ |
| **મળવા જેવા માનવી** | | |
| ૩૫ અશ્વિનભાઈ કે. ગઢવી | વેજાંધ ગઢવી | ૭૧ |
| **અન્ય** | | |
| ૩૬ સમાચાર વિભાગ | હિતેષ ગઢવી | ૭૨ |


**: ડિરેક્ટરી પ્રાપ્તિ સ્થાન :**
**સોનલ સ્ટોર્સ, રાજકોટ**
ગઢવી કનુભાઈ કેશરિયા
(મો.નં.૯૭૨૩૨ ૭૦૬૯૭)

**ચારણ સંસ્કૃતિ અંકને લગતા લેખ/ કવિતા વગેરે મોકલવાનું સરનામું**
**શ્રી રાજુલ દવે – સંપાદકશ્રી**
૧૧/બી, વરદભૂમિ, કૈલાસનગર,બેંક ઓફ બરોડાવાળી શેરી, કોટેચા ચોક કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૭
(મો.નં.૯૪૨૬૨ ૨૯૫૧૭)

**उठो, जागो और तब तक मत रूको**
**जब तक लक्ष्य की प्राप्ति ना हो जाए।**

**–– અંકમાં પ્રસિદ્ધ થતા દરેક લખાણો સાથે ટ્રસ્ટીમંડળ સહમત છે તેમ માની લેવું નહીં ––**

**ચારણ સંસ્કૃતિ મેગેઝિનની જાહેરાત અંદરના આખા પેઈજના રૂા.૧૦૦૦/– બ્લેક એન્ડ વ્હાઈટ, ટાઈટલ તથા ફોર કલરના ભાવ ટ્રસ્ટી મંડળ અને જાહેરાત આપનારની અનુકુળતા મુજબ રહેશે.**

૧. લેખકશ્રીઓ, આપના લેખો કાગળની એક બાજુએ ટાઈપ કરેલ અથવા તો સ્પષ્ટ અક્ષરોમાં દોઢથી બે પાનામાં સમાવિષ્ટ થઈ જાય તેવા અંક પ્રકાશિત થયેથી ૩૦ દિવસ સુધીમાં (અન્ય કોઈ સામયિકમાં પ્રસિદ્ધ કરવા મોકલાવેલ ન હોય કે પ્રસિદ્ધ થયેલ ન હોય તેવા જ) મોકલી આપશો અન્યથા ધ્યાને લેવામાં આવશે નહીં.

૨. આ 'ચારણ સંસ્કૃતિ' મુખપત્રનો હેતુ અને ભાવના એવી છે કે વધારેમાં વધારે પરિવારોનાં ઘરે પહોંચે અને વંચાતું થાય તેથી આપ અન્ય પરિવારોને પણ ગ્રાહક બનાવો. લવાજમ ભરવાની વધુ વિગતો અને જાણકારી માટે નીચેની વિગતે સંપર્ક કરી શકો છો. લવાજમ ૫ વર્ષનું રૂા.૫૦૦/-, વિદેશમાં રૂા.૫૦૦ ૦/- છે.

૩. ડાયરેકટ બેંકમાં લવાજમ ભરવા માંગતા હોય તો બેંક ઓફ ઈન્ડિયા,યુનિવર્સિટી રોડ બ્રાંચ,રાજકોટના A/c No.312710210000008, IFSC CODE : BKID0003127 (AAISHRI SONALMA EDUCATION & CHARITABLE TRUST - RAJKOT) (મનીઓર્ડર/ ચેક / કુરિયરથી પણ લવાજમ ભરી શકો છો)જમા કરાવી મેસેજ દિનેશભાઈ નરેલા (98243 35398) ને આપના ગ્રાહક નંબર સાથે જણાવી શકો છો. જયાં જયાં કુરિયરની સર્વિસ ઉપલબ્ધ છે ત્યાં અમે મેગેઝિન કુરિયરથી તેમજ અન્ય જગ્યાએ પોસ્ટ દ્વારા મોકલીએ છીએ. મેગેઝિન બહાર પડયા બાદ પંદર દિવસે પણ અંક મળેલ ન હોય તો કુરિયર શ્રી દિપક ઘાંઘણિયા (97270 93150) રાજકોટનો સીધો જ સંપર્ક કરવો. છતાં નિરાકરણ ન આવે **તો** જ ટ્રસ્ટીઓનો સંપર્ક કરવા નમ્ર અનુરોધ છે.


**મુદ્રક : ગિરીશ ઓફસેટ,જયંત કે.જી.મેઈન રોડ,રાજકોટ – મો : ૯૮૨૫૫ ૯૭૭૯૪**
**ટાઈટલ : લેટેસ્ટ ગ્રાફિક, રાજકોટ – મો : ૯૮૨૫૦ ૮૧૪૦૦**
e-mail : latestconcept@gmail.com -OR- vhjbraval@gmail.com
**પ્રૂફ રીડર : હરેશ પરમાર – મો : ૯૪૨૭૪ ૯૭૫૫૧**
**સદ્‌ભાવના મૂલ્ય : રૂા. ૨૦–૦૦ ((પાના–૮૦ (૦૮–કલર))**
**સોનલમા ટ્રસ્ટની વેબસાઈટ :** www.sonalmaatrust.org

# તંત્રી સ્થાનેથી – દાદો સૂરજ રે ઉગેને સોનબાઈ સાંભરે

• રામભાઈ જામંગ

**દાદો સૂરજ રે ઉગેને સોનબાઈ સાંભરે,**
**એવા ઝાડવા ઝંખે રે ઝરમર મેવલો,**
**તું વરસી જા અનરાધાર રે,**
**સૂરજ રે ઉગેને સોનબાઈ સાંભરે...**

સોનલબીજ શતાબ્દી મહોત્સવ અગાઉ સૌ આ અવસરને વધાવવા અધિરા થયા હતા. અદકેરા આયોજન માટે અગાઉથી પોત-પોતાની શકિત પ્રમાણે નિષ્ઠા અને લાગણી સાથે તન,મન અને ધનથી ઉમળકો બતાવી રહ્યા હતા ત્યારે પણ કવિ વિનંતી કરે છે કે હે માઁ,આ ઝાડવા રૂપી મનખો તારા આશીર્વાદ રૂપી ઝરમર મેવલો, ઝંખે છે પણ તું તો દયાળુ, કૃપાળુ, માયાળુ મમતાવાળી માઁ છો, તો તું અનરાધાર વરસી જા અને એવી વરસી કે શતાબ્દીના ત્રિદિવસીય મહોત્સવમાં જાણે **હેલી મંડાણી.** વિશ્વના ચોકમાં વાતાવરણ વ્રેમંડમાં વાતુ કરવા લાગી, સંતો, મહંતો, માતાજીઓ, ભકતો, સામાજિક રાજકીય આગેવાનો, કવિઓ, કલાકારો, કાર્યકરો રૂપી નદીઓના ઘોડાપૂર મઢડે મળવા માટે ઉતાવળા થયા. લોકશાહીના વહીવટ કર્તાઓ, પ્રજાના પ્રતિનિધિઓ સરપંચથી લઈને વડાપ્રધાનશ્રી, કલાર્ક થી લઈ કલેકટરશ્રીની, રાજયપાલ થી રાજાઓ અને પ્રજાના પૂર આવ્યા.

અગાઉ આયમાનું પૃથ્વી ઉપર પ્રાગટય થયું ત્યારે પણ-

**સુતા ચારણને જગાડવા માડી પ્રગટી તૂં પ્રભાત,**
**સૂરજ સોનલ નામનો ઉગ્યો અને દૂર થયો અંધકાર,**
**સોનલમા મઢડાવાળી ભજી તોય ભેળિયા વાળી,**
**સોનલમા આભ કપાળી ભજા તોય ભેળિયા વાળી.**

આમ સૂર્યના સોનેરી કિરણો સાથે સૂર્યોદય થતા આધ્યાત્મિક રૂપે ચારણ સમાજની જાગરણની શરૂઆત થઈ અને વિવિધ ક્ષેત્રે પ્રગતિ-પ્રયાણો માટેના આઈમાના પ્રયાસો પરિણામ આપતા થયા. એ આપણે સહુ જોઈ શકયા છીએ.

ત્યાર પછી સૂર્યના સોનેરી કિરણો સાથેનું પ્રભાત ઉગ્યું અને કવિની પાછી કલમ ઉપડી અને પ્રભાતીમાં પ્રગટી અને લખ્યું છે કે,

**હે જુગ જુગની જગદંબે માઁ આઈ સોનલને સંભારજે,**
**પ્રથમ પહેલાં પરમેશ્વરીનું ધ્યાન રૂદિએ ધારજે,**
**કરી ભલેરા કાર્ય તું આઈ સોનલને સંભારજે.**

અને આ રચનાની આખરી કડીમાં કવિ કહે છે કે,

**કામ, ક્રોધને લોભ કેરા માઁ વેગ બહુ વિકરાળ છે,**
**જીતી લેવાને જાળગા મા સોનલને સંભારજે.**

આ શતાબ્દીની પૂર્ણાહુતિ તે આ આખરી કડીથી આપણે જીવનમાં વર્તનની શરૂઆત થાય તો શતાબ્દીની ઉજવણીની યથાર્થતા સાથે આઈમા પણ રાજી થશે. આઈમા રાજી થાય તેનાથી મોટી ઉજવણી કોઈ હોઈ જ ન શકે અને આઈમાએ આદરેલા કાર્યો, પ્રવૃત્તિઓ જેમાં કેળવણી, શિક્ષણ અને સામાજિક જાગરણની પ્રવૃત્તિઓ સમાજની સંસ્થાઓ અને આગેવાનો, કાર્યકર્તાઓ અને સેવકો દ્વારા સારી સેવાઓ થઈ રહી છે, એ આઈમાને ગમ્યું છે.

આ સેવા એટલે...સેવાનું ક્ષેત્ર અને ધરતી માતાનું ખેતર એ બન્નેને પોતાનો પાક અનાજ રૂપે અને સેવા રૂપે ઉગતા પહેલા ચૈતર મહિનાના ધોમ ધખતા તાપમાં તપવું પડે છે. ત્યાર પછી ખેતરને ખેડીને તેમાં વાવણી અનાજના બિયારણની કરે છે તેમ સેવાના ક્ષેત્રમાં પણ તપ્યા

પછી ધૈર્ય–ધીરજરૂપી ખાતર નાખવું પડે છે. અને ત્યારબાદ તેમાં નિષ્ઠારૂપી પાણી પીવરાવવું પડે છે અને ત્યારબાદ સેવાની કૂંપળો ફૂટે છે અને ઉગે છે. ખરેખર સેવા ફળી કે ઉગી તેનું પ્રમાણ શું? તે પણ જાણવું જરૂરી છે. આપણે તો સેવા કરતા કરતા ક્યારેક જાણતા અજાણતા કુસેવાતો ન થઈ જાય તેના માટે પણ સતત જાગૃત રહેવું પડે છે અને નિષ્ઠારૂપી પાણી પીવરાવવું પડે છે. આ બન્ને વસ્તુથી સેવા શોભાયમાન બને છે અને સેવકનું જીવન ધન્યતા પ્રાપ્ત કરવા માટે પાત્રતા પ્રાપ્ત કરવા લાયકાતની કક્ષાએ આગળ વધે છે.

અત્યાર સુધીના આ સમયના પર્વોમાં લોકશાહીનો મહામુલો પર્વ ચૂંટણી લોકસભાની આવી રહી છે તેમાં અતિ અમૂલ્ય એવા મતનું મતદાન કરી રાષ્ટ્રના લોકશાહીની રખેવાળીના ભાગીદાર બનીને યોગ્ય ઉમેદવારને મતદાન કરીને આપણી ફરજ બજાવીએ અને શકિતની ઉપાસના ચૈત્રી નવરાત્રિ અને અન્ય તહેવારો – ઉત્સવો ઉજવીને અન્યના જીવનમાં ઉજાસ પાથરવાના પ્રયત્ન કરીએ.

(૯૮૨૪૨ ૮૮૮૫૨)

•••

**ચારણ સંસ્કૃતિ મેગેઝિનને દર વર્ષે એકવાર અનુદાન આપનારા મહાનુભાવો**

- ૧૧૦૦૦ શ્રી હરેશભાઈ તથા સુભાષભાઈ જે. ગઢવી – મુંબઈ (ભાડલા)
- ૧૧૦૦૦ શ્રી કીર્તિદાન ગઢવી – રાજકોટ
- ૧૧૦૦૦ આઈશ્રી સોનલમા ચારણ ગઢવી સમાજ – ગોધરા
- ૫૦૦૦ પદ્મશ્રી ભીખુદાનભાઈ ગઢવી – અમદાવાદ
- ૫૦૦૦ શ્રી વી. એસ. ગઢવી, આઈ.એ.એસ.(નિવૃત્ત) – ગાંધીનગર
- ૫૦૦૦ શ્રી કે.વી. બાટી, ડેપ્યુટી કલેકટરશ્રી
- ૫૦૦૦ શ્રી આર. જી. ગઢવી, આસિ.કમિશનર સેલ્સટેક્ષ(નિવૃત્ત) – અમદાવાદ
- ૫૦૦૦ શ્રી માણસુરભાઈ ગોકળભાઈ સોયા,સેલ્સટેક્ષ ઓફિસર(નિવૃત્ત)– અમદાવાદ
- ૫૦૦૦ ડો. કેશવ ડોસાભાઈ કારીયા – જામખંભાળિયા
- ૫૦૦૦ શ્રી નરસંગભાઈ ઠાકરીયા, અધિકારીશ્રી(નિવૃત્ત) – સુરત
- ૫૦૦૦ શ્રી લાભુભાઈ નનુભાઈ બાવડા, અધિકારીશ્રી(નિવૃત્ત) – ગાંધીનગર
- ૫૦૦૦ શ્રી કિરીટકુમાર ઉમાભાઈ ટાપરિયા, સેલ્સટેક્ષ ઓફિસર(નિવૃત્ત)–ગાંધીનગર

**ખાટી પણ ખાધી નહીં, દાટી માટી માંય;**
**ફરવું ફળિયામાં, ભોરિંગ થઈ ભભૂતિયા.**

**આઈશ્રી સોનલમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ,રાજકોટ**

**આ અંકના સમય દરમિયાન મળેલ દાનની યાદી(રૂા.૧૦૦૦/– ઉપર)**

| દાતાશ્રીનું નામ | રકમ (રૂા.) | વિગત | પહોંચ નં. |
|---|---|---|---|
| ○ શ્રી શૈલેષભાઈ પૂનાભાઈ જામંગ,રાજકોટ | ૧૫૫૫૫-૦૦ | જ.મં.પરિવાર | ૧૯૦૪ |
| ○ શ્રી આપણાં એક સદગૃહસ્થ | ૧૧૦૦૦-૦૦ | જ.મં.પરિવાર | ૧૯૦૧ |
| ○ શ્રી આપણી એક સદગૃહિણી | ૧૧૦૦૦-૦૦ | જ.મં.પરિવાર | ૧૯૦૨ |
| ○ શ્રી રામજીભાઈ શિયાણી,રાજકોટ(હ:જયેશભાઈ શિયાણી) | ૧૧૦૦૦-૦૦ | ચા.સં.શુભેચ્છા | ૪૧૫૭ |
| ○ શ્રી અજયભાઈ દિલીપભાઈ ગોખરૂ,અમદાવાદ(અમેરીકા) | ૧૧૦૦૦-૦૦ | જ.મં.પરિવાર | ૧૮૯૮ |
| ○ શ્રી હનીષભાઈ ઠાકરિયા,લંડન | ૧૦૪૦૦-૦૦ | જ.મં.પરિવાર | ૧૭૯૫ |
| ○ શ્રીમતિ વિદ્યાબેન મોરારદાન ગઢવી, માધાપર(કચ્છ) | ૧૦૦૦૦-૦૦ | જ.મં.પરિવાર | ૧૭૯૭ |
| ○ શ્રી વી. એસ. ગઢવી, ગાંધીનગર | ૧૦૦૦૦-૦૦ | જ.મં.પરિવાર | ૧૯૦૩ |
| ○ શ્રી રાધીકા જ્વેલર્સ (હ:અશોકભાઈ), રાજકોટ | ૫૧૦૦-૦૦ | ચા.સં.જા.ખ | ૪૧૬૮ |
| ○ શ્રી મેહુલભાઈ રામભાઈ જામંગ,રાજકોટ(જન્મદિવસ પ્રસંગે) | ૫૧૦૦-૦૦ | જ.મં.પરિવાર | ૧૯૦૫ |
| ○ શ્રી ભૂપતભા ગંગદાસભા ગુઢડા,અમદાવાદ (સુપુત્ર દિપકભાઈના શુભલગ્ન પ્રસંગે) | ૫૧૦૦-૦૦ | વાડી ભેટ | ૧૯૬૨ |
| ○ શ્રી ભરતભાઈ શિવરામભાઈ લાંબા,જામનગર (સુપુત્ર મનીષના શુભલગ્ન પ્રસંગે) | ૫૦૦૦-૦૦ | વાડી ભેટ | ૧૯૫૭ |
| ○ શ્રી નિરજ વિજયભાઈ લાંબા,લંડન | ૫૦૦૦-૦૦ | જ.મં.પરિવાર | ૧૯૬૮ |
| ○ શ્રી પ્રવીણભાઈ કાળાભાઈ સોયા,રાજકોટ (સુપુત્ર ડો.મહાવીરાના શુભલગ્ન પ્રસંગે) | ૫૦૦૦-૦૦ | વાડી ભેટ | ૧૯૭૭ |
| ○ શ્રી લાભુભાઈ નનાભાઈ બાવડા,ગાંધીનગર | ૫૦૦૦-૦૦ | ચા.સં.શુભેચ્છા | ૪૧૫૮ |
| ○ શ્રી લાભુભાઈ નનાભાઈ બાવડા,ગાંધીનગર | ૫૦૦૦-૦૦ | જ.મં.પરિવાર | ૧૭૯૮ |
| ○ શ્રી કિરીટભાઈ ટાપરિયા, ગાંધીનગર | ૫૦૦૦-૦૦ | ચા.સં.શુભેચ્છા | ૪૧૪૯ |
| ○ શ્રી મનોજભાઈ બચુભાઈ નૈયા,લંડન(હ:વિજય જામંગ) | ૫૦૦૦-૦૦ | જ.મં.પરિવાર | ૧૮૦૦ |
| ○ શ્રી વી. એસ. ગઢવી, ગાંધીનગર | ૫૦૦૦-૦૦ | ચા.સં.શુભેચ્છા | ૪૧૬૭ |
| ○ શ્રી નરસંગભા અમરાભાઈ ઠાકરિયા, સુરત | ૫૦૦૦-૦૦ | ચા.સં.શુભેચ્છા | ૪૧૫૯ |
| ○ શ્રી હરેશભા ભીખુભા નાંદણ, જેતપુર | ૨૫૦૦-૦૦ | ચા.સં.જા.ખ | ૪૧૬૬ |
| ○ શ્રી પુજારા ટેલીકોમ, રાજકોટ(હઃ મુકેશભાઈ કિડિયા) | ૨૫૦૦-૦૦ | ચા.સં.જા.ખ | ૪૧૭૧ |
| ○ શ્રી વિજયભાઈ દામજીભાઈ સોલંકી | ૨૧૦૦-૦૦ | વાડી ભેટ | ૧૭૯૯ |
| ○ શ્રી પ્રવીણભા બચુભા નાગલાણી,જસદણ (સુપુત્ર દિપકના શુભલગ્ન પ્રસંગે) | ૧૧૦૦-૦૦ | વાડી ભેટ | ૧૯૭૪ |
| ○ શ્રી રાજુભા જીવાભા નૈયા,માંડવી (સુપુત્ર ધ્રુવના શુભલગ્ન પ્રસંગે) | ૧૧૦૦-૦૦ | વાડી ભેટ | ૧૯૭૩ |
| ○ શ્રી જનકભા લાખાભા ઘાંઘણીયા | ૧૧૦૦-૦૦ | ટ્રસ્ટને મળેલ ભેટ | ૧૮૮૮ |
| ○ શ્રી દેવરાજભા ગોવિંદભા મધુડા, સુરેન્દ્રનગર (સુપુત્ર અવિનાશના શુભલગ્ન પ્રસંગે) | ૧૧૦૦-૦૦ | વાડી ભેટ | ૧૯૭૮ |
| ○ શ્રી દિલુભા શિવુભા નૈયા, લુણાગરી (સુપુત્ર જીજ્ઞેશના શુભલગ્ન પ્રસંગે) | ૧૧૦૦-૦૦ | વાડી ભેટ | ૧૯૭૯ |
| ○ શ્રી પ્રગતિ કો.ઓ.સોસાયટી, રાજકોટ | ૧૦૦૦-૦૦ | ચા.સં.શુભેચ્છા | ૪૧૫૨ |
| ○ શ્રી રમેશભાઈ નારણભાઈ જાળગ(ટ્રસ્ટી),રાજકોટ | ૧૦૦૦-૦૦ | શ્રદ્ધાંજલિ | ૪૧૭૦ |

**–– ટ્રસ્ટ આપ સહુનો આભાર માને છે ––**

**હિસાબી સંકલન :** શ્રી યોગેશભાઈ પારેખ(એકાઉન્ટન્ટ)(૯૯૭૮૪ ૪૨૭૬૫)

# સબદ હમારા ખરતર ખાંડા

• રાજુલ દવે (સંપાદકીય)

'ચારણ સંસ્કૃતિ'ના ૫૪મા અંકનું સમાપન કરતી વેળાએ સંપાદકીય લખવાનું હતું ત્યાં ગોરખનાથજીનો એક દુહો યાદ આવી ગયો.

**સબદ હમારા ખરતર ખાંડા,રહણિ હમારી સાંચી;**
**લેખૈ લિખી ન કાગદ માંડી, સો પત્રી હમ બાંચી.**

(અમારી વાણી તલવારની ધાર જેવી છે ને વર્તન સો ટકા સાચું છે. અહીં પોથાં-થોથાંની પીંજણ નથી, પણ અનુભવમાં આવ્યું ને જીવતરમાં ઊતાર્યું તે આલેખ્યું છે.)

ગોરખનાથજી તો સિદ્ધપુરૂષ હતા. નાથ સંપ્રદાયમાં તેમને ભગવાન શિવના અવતાર અને ચિરંજીવ માનવામાં આવે છે. આ સંતોની વાણી અનુભૂતિજન્ય હતી. રાષ્ટ્ર આજે વિચારોની અરાજકતામાં અટવાઈ ગયું હોય ત્યારે ગોરખનાથજીનો ઉપરોકત દુહો યથાર્થ લાગે છે. રોજેરોજ જે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે તેને કોઈ સૈદ્ધાંતિક કે નૈતિક ભૂમિકા ઉપર વિચારવાને બદલે પરિસ્થિતિના દબાણ અને તત્કાલીન લાભની દૃષ્ટિએ જ વિચારવામાં અને ઘટાવવામાં આવે છે.

કોઈ એક રાજકીય પક્ષમાં પણ જે વિચારો ઉપર પક્ષની રચના થઈ હોય છે તેની ભૂમિકા ઉપર સર્વસંમત થઈ શકાતું નથી. બહારથી સર્વસંમતિ લાગતી હોય તો પણ આંતરિક રીતે વિરોધાભાસો અને વિસંવાદો તરી આવે છે.

સત્તામાં ભાગીદારી તો આજે ઓછા વધતા પ્રમાણમાં તમામ રાજકીય પક્ષો ભોગવે છે. દુઃખદ સ્થિતિ એ છે કે રાજકારણ, અર્થકારણ અને સામાજિક ઉત્થાન માટેના કાર્યક્રમો દેશની થઈ રહેલી દુર્દશાનાં મૂળમાં જઈને એનાં કારણો બતાવી, કોઈ ચોક્કસ ઉકેલનું માર્ગદર્શન આપવાને બદલે ઊભી થતી પરિસ્થિતિની પાછળ પાછળ ચાલે છે.

દેશના અંદાજે ૯૭ કરોડ મતદારો એપ્રિલ અને મે મહિનામાં લોકશાહીનો ઉત્સવ મનાવશે. વિશ્વની સૌથી મોટી લોકશાહીનું ગૌરવ ધરાવતા ભારત માટે આગામી વર્ષો કલ્યાણકારી બની રહે એવી આશા રાખીએ !

૦૦૦

'ચારણ સંસ્કૃતિ'નો અંક નં.૫૪, નવા નાણાકીય વર્ષના આરંભે વાચકોને મળશે. ગત જાન્યુઆરી મહિનામાં મઢડા ખાતે ત્રણ દિવસ માટે આઈ સોનલમા જન્મ શતાબ્દી ઉત્સવ ઉજવાયો, તેનું સંકલન અંકના શરૂઆતના પૃષ્ઠોમાં સમાવ્યું છે. વડાપ્રધાને કરેલું વર્ચ્યુઅલ ઉદ્‌બોધન 'મા સરસ્વતી ચારણના મુખમાં બિરાજમાન હોય છે' સમારંભનું મહત્વનું પાસું હતું. આ વકતવ્યના અંશોને આવરી લઈને સંકલન કરાયું છે. ઈસુભાઈ ગઢવીએ શતાબ્દી પછી શું ? એ પ્રશ્ન યોગ્ય રીતે ચર્ચ્યો છે. ૧૩મી માર્ચે કાગધામ (મજાદર)ખાતે મોરારિબાપુની હાજરીમાં કાગ એવોર્ડ અર્પણ સમારોહ યોજાયો, જેનો અહેવાલ પણ અંકમાં વાંચવા મળશે. જાણીતા ગાયક પંકજ ઉધાસ સદ્‌ગત થયા, તેમને અંજલિ આપતો આર.પી. જોશીનો લેખ પ્રાસંગિક બનશે. પ્રવીણભાઈ ગઢવી અને ડો.નિરંજન રાજયગુરૂએ સંતસાહિત્ય ઉપર લખ્યું છે. ઈતિહાસના અધ્યાપક ડો.પ્રદ્યુમ્ન ખાચરનો લેખ 'ચારણો અને ઈતિહાસ' ચારણોની પરંપરા અને જયમલ્લ

પરમારનો લેખ 'ચારણની ખોળાધરી' ઉજળા ઈતિહાસનો સંક્ષેપ પરિચય કરાવે છે. પરંપરા અને ઈતિહાસમાંથી પ્રેરણા લઈને આગળનો માર્ગ કંડારવાનો હોય છે. ભૂતકાલીન ગૌરવમાં રાચવાનો ઉદ્દેશ આ લેખકોને અભિપ્રેત નથી.

'રાજસ્થાનથી વીર ત્રિપુટી' પુષ્પદાનભાઈના લેખનો બીજો હપ્તો આ અંકમાં પ્રકાશિત કર્યો છે. આગામી અંક નં.૫૫માં આ દીર્ઘ લેખનો ત્રીજો અને અંતિમ હપ્તો પ્રસિદ્ધ થશે. ચંડીદાનભાઈની નવલિકા અને મહેરબાનભાઈએ લખેલો સમાજસેવાનો પ્રસંગ વાચકોને ગમશે. નરસંગભાઈ ઠાકરિયા, વિનોદ મકવાણા અને ડો.હરીશ રાબાના લેખો પણ અંકમાં સમાવ્યા છે. મોટેરામાં આઈ વરૂડી મંદિર અને ભૂજ ખાતે યોજાયેલ કાર્યક્રમને બદલે અલગ લેખ સ્વરૂપે મુકયા છે. રામભાઈ જામંગનો 'અમીરસ ઈતિહાસનો',મળવા જેવા માનવી, કાવ્ય વિભાગ અને સમાચાર વિભાગ જેવા કાયમી વિભાગો તો ખરા જ. હેમુભાઈ ગઢવીની સર્જના યાત્રા વિશેનો લેખ વાચકોને ગમશે.

મે અને જૂન મહિનાઓમાં વિદ્યાર્થીઓની પરીક્ષા તથા લોકસભાની ચૂંટણીના પરિણામો આવશે. ૧૦ જૂન આસપાસ શૈક્ષણિક સંસ્થાઓમાં નવા શૈક્ષણિક વર્ષનો આરંભ થશે. ચૈત્રી નવરાત્રિ, રામનવમી, હનુમાન જયંતી, મહાવીર જયંતી, અખાત્રીજ, બુદ્ધપૂર્ણિમા જેવા તહેવારો એપ્રિલથી જૂન માસના સમયગાળામાં આવશે. કાળઝાળ ઉનાળો ચાલતો હશે ત્યારે ગરમીના મારણ જેવા અમૃતફળ કેરીનો સ્વાદ આપણે લઈશું.

**કવિઓ અને લેખકો પોતાની કૃતિઓ અંક મળ્યાના એકાદ મહિનામાં કુરીઅરથી મોકલી આપે એવી વિનંતી છે. વ્યવસ્થાના ભાગરૂપે વોટ્સએપથી રચનાઓ ન મોકલવી, પણ કુરીઅરથી જ સંપાદકના સરનામે મોકલવી તેવું ખાસ સૂચન છે. લેખક મિત્રો આ સૂચનનો ભાવાર્થ સમજે અને કુરીઅર અથવા પોસ્ટથી કૃતિઓ મોકલે તેવી આશા છે.**

(૯૪૨૬૨ ૨૯૫૧૭)

•••

**–– મોગલ મંગલ મહોત્સવ ––**

આઈ–મોગલધામ પાણીધ્રા મોગલ માંગલ્ય મહોત્સવનું ભવ્ય ધાર્મિક આયોજન તા.૯ એપ્રિલ ૨૦૨૪ના રોજ કરેલ છે. પૂ.આઈમા તથા મોગલછોરૂ પરિવાર સૌને પધારવા આમંત્રણ પાઠવેલ છે.

G.P.S.C.(ગુજરાત જાહેર સેવા આયોગ) દ્વારા આયોજિત ફાયર ઓફિસર વર્ગ–૨ ની જાહેર સ્પર્ધાત્મક પરીક્ષામાં ગઢવી સમાજના બે યુવાનો નિમણૂક માટે પસંદગી પામ્યા છે :

**૧) અનિરુદ્ધસિંહ કનકસિંહ ગઢવી**

**૨) સમીર વિષ્ણુદાન ગઢવી**

બંને ભાવિ અધિકારીને અભિનંદન...

# મા સરસ્વતી ચારણના મુખમાં બિરાજમાન હોય છે

• નરેન્દ્ર મોદી

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તા.૧૩/૧/૨૦૨૪ના રોજ વીડિયો સંદેશ-વર્ચ્યુઅલી માધ્યમથી જૂનાગઢ જિલ્લાના સોનલ ધામ, મઢડા ખાતે આઈશ્રી સોનલમાના જન્મ શતાબ્દી મહોત્સવમાં તમામ ભકતો અને ચારણ સમાજને સૌને શુભકામના પાઠવી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર – ગુજરાત મહાન સંતો અને વિભૂતિઓની ભૂમિ રહી છે. ગિરનારમાં ભગવાન દત્તાત્રેય સહિત જૂનાગઢ, મઢડા સહિતના આ સ્થાનકો આધ્યાત્મિક ઊર્જા આપે છે. વડાપ્રધાને સોનલ માની માનવતા અને સામાજિક સેવા તેમજ રાષ્ટ્રસેવાનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે, સોનલ મા સનાતની સંત પરંપરામાં આધુનિક યુગના પ્રકાશસ્તંભ હતા. આઈશ્રી સોનલ માનું સમગ્ર જીવન ધર્મ સેવા, સામાજિક સેવા અને રાષ્ટ્ર સેવાને સમર્પિત હતું. સોનલ માએ વ્યસન અને સામાજિક દૂષણો સામે જનજાગૃતિ લાવી પરિશ્રમથી આત્મનિર્ભરતાનો સંદેશ આપ્યો હતો. સોનલ માએ ભગતબાપુ, કનુભાઈ લહેરી, કલ્યાણજીભાઈ શેઠ સાથે પણ સામાજિક અને રાષ્ટ્ર સેવામાં કાર્ય કર્યું હતું.

ભારત વિભાજન સમયે જયારે જૂનાગઢને તોડવાની કોશિશ કરવામાં આવી ત્યારે સોનલ મા રણચંડીના રૂપમાં ઊભા રહ્યા હતા. તેમના મુખે ભકતોએ 'રામાયણ' પણ સાંભળી છે. વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, અયોધ્યામાં ૨૨મી જાન્યુઆરીએ રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા થઈ રહી છે ત્યારે આઈશ્રી પ્રસન્ન થશે. વડાપ્રધાનશ્રીએ આ અવસરે ધર્મસ્થળો, તીર્થસ્થળોમાં સ્વચ્છતા અભિયાન શરૂ થઈ રહ્યું છે તે અંગે પ્રસન્નતા વ્યકત કરી સૌને દીપજયોતિ પ્રગટાવવા અનુરોધ કર્યો હતો.

વડાપ્રધાને ચારણ સમાજના સાહિત્ય – લોકસાહિત્ય સર્જનમાં યોગદાન અંગે ઉલ્લેખ કરી ઈસરદાસજી, પિંગળશીબાપુ, મેરુભા, શંભુદાનજી, શંકરદાનજી, કવિ કાગબાપુ, હેમુ ગઢવી, કવિ દાદ અને ભીખુદાનભાઈ ગઢવી સહિતના લોક-સાહિત્યકારોનો ઉલ્લેખ કરીને તેમના દ્વારા ચારણી સાહિત્ય-સમાજ સમૃદ્ધ થતો રહ્યો અને આ પરંપરા જળવાઈ રહી તેમ જણાવ્યું હતું.

તા.૧૩મી જાન્યુઆરીએ પોષ સુદ બીજ, એટલે સોનલ બીજનો મુખ્ય ઉત્સવ હતો. વડાપ્રધાને ગુજરાત અને રાજસ્થાનમાં વસતા ચારણ ગઢવી સમાજને પોષ સુદ બીજના અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે આઈ સોનબાઈ માતાજીએ તેમના સદાચારી જીવન થકી સમગ્ર ચારણ સમાજ ઉપરાંત મેર, આહિર, કાઠી અને અન્ય સમાજોમાં શિક્ષણ અને સમાજ સુધારણાના કાર્યોનો આરંભ કરાવ્યો હતો.

'ચારણ' શબ્દનો ઉલ્લેખ 'ભાગવત'માં મળે છે. ચારણ જાતિ ઉપર મા કરણીજીના આશીર્વાદ છે અને મા સરસ્વતીની આજીવન ઉપાસના કરે છે. હું ગુજરાતમાંથી છું, એટલે ચારણ જાતિની આદિ-અનાદિ શકિતના આશીર્વાદ મારી ઉપર કાયમ રહ્યા છે. રાજવીઓના સમયમાં રાજકવિની ભૂમિકા ચારણ નિભાવતા. ચારણ જાતિમાં અનેક કવિઓ ભૂતકાળ માં થયા અને વર્તમાનમાં પણ છે. આ જાતિ ઉપર મા સરસ્વતીના આશીર્વાદ હંમેશા રહ્યા છે. મા સરસ્વતી ચારણના મુખમાં બિરાજમાન હોય છે.

**(આઈ સોનલમા શતાબ્દી ઉત્સવમાં તા.૧૩/૧/૨૦૨૪, સોનલ બીજના સપરમા દિવસે વડાપ્રધાને સમારંભને કરેલા વર્ચ્યુઅલ સંબોધનના અંશો)**

• • •

# આઈ સોનલમા શતાબ્દી ઉત્સવ

• સંકલન

બેસતા ૨૦૨૪ના વર્ષના જાન્યુઆરી મહિનાની ૧૧,૧૨ અને ૧૩ના ત્રણ દિવસો, કેશોદ તાલુકાના મઢડા ખાતે આઈ સોનલમા શતાબ્દી ઉત્સવ ભવ્ય રીતે ઉજવાઈ ગયો. એક વર્ષ કરતાં વધારે સમયથી આ પ્રસંગની તૈયારી ચાલતી હતી. મઢડાના મૂક સેવક ગિરીશઆપાએ પ્રસંગની સફળતા માટે રાત–દિવસ એક કર્યા હતા. ગુજરાતનો વ્યાપક પ્રવાસ ખેડેલો. ચારણ અને ચારણેતર સમાજમાંથી મહોત્સવની સફળતા માટે ભરપૂર સહયોગ મળ્યો. યુવાન સ્વયંસેવકોની ફોજ કામે લાગી, જેણે સુચારૂ વ્યવસ્થા ગોઠવીને સમારંભ ઉપર ચાર ચાંદ લગાવી દીધા. હજારો લોકોની અવરજવર, એક પછી એક કાર્યક્રમો અને છતાં ગિરીશઆપા સહિતના આયોજકો હળવાફૂલ બનીને ફરતા હોઈ ! વિશાળ આયોજનયુકત સમારંભ સફળ રહે તેને આઈમાની કૃપા જ માનવી રહી ને !

નાના એવા મઢડા ગામ અને આસપાસના ચાંદીગઢ, બાલાગામ સહિતના ગામના લોકો ત્રણ દિવસના ઉત્સવને પોતીકો ગણીને વ્યવસ્થા–આયોજનમાં સહભાગી બન્યા. એકસો વિઘા જમીનમાં ત્રણ વિશાળ ડોમ તૈયાર કરવામાં આવ્યા હતા. સમારંભનો શુભારંભ કર્યા પછી મોરારિબાપુએ 'માનસ'માં જનક રાજા સીતાજીના સ્વયંવરનો મંડપ વસિષ્ઠ ઋષિને બતાવે છે અને ઋષિ મંડપની પ્રશંસા કરે છે તે પ્રસંગ ટાંકીને મુખ્ય ડોમની સજાવટને પ્રમાણ્યું તેમાં હાજર સૌ કોઈની લાગણીનો પડઘો પડતો હતો. ત્રણ દિવસના કાર્યક્રમનું મહત્ત્વનું પાસું સમય પાલન હતું. દરેક કાર્યક્રમો નિયત સમયપત્રક અનુસાર શરૂ થતા અને નિશ્ચિત થયેલી સમયમર્યાદામાં પૂરા થતા હતા. અમુક વકતાઓને બાદ કરીએ તો, મોરારિબાપુ, દંડીસ્વામી સદાનંદજી સરસ્વતી, ગવર્નર આચાર્ય દેવવ્રતજી, કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા, સ્વામી સચ્ચિદાનંદજી સહિતના વકતાઓએ સમય – મર્યાદાનું ચુસ્ત પાલન કર્યું હતું.

તા.૧૧ જાન્યુઆરીએ સવારે ૧૦:૩૦ કલાકે ઉદ્દ્ઘાટન સત્ર આરંભાયું. દીપ પ્રાગટય કરીને સમારંભને ખુલ્લો મુકયા બાદ મોરારિબાપુએ 'ગીતા'માં ભગવાન કૃષ્ણે માતાના જે લક્ષણો વર્ણવ્યા છે તે આઈ સોનબાઈમા માં દષ્ટિગોચર થતા હોવાનું જણાવ્યું હતું. તેમણે કહ્યું કે વર્તમાન સમય દેખાડાનો છે, લોકોને જે નથી હોતા તે દેખાવું ગમે છે, ત્યારે આઈ સોનબાઈ 'પોતાવટ પાળવાવાળા' હતા. દાયકાઓ પૂર્વે શ્રાવણ મહિનામાં વેરાવળમાં યોજાયેલી પોતાની રામકથામાં આઈ સોનબાઈ પધારેલા તેનું મોરારિબાપુએ ભાવપૂર્વક સ્મરણ કર્યું હતું. સોનલમાની કીર્તિની વ્યાખ્યા કરવા બેસીએ તો એક કથા થાય. સભામંડપમાં સોનલમાની શકિત કયાંક ફરતી હશે, કયાંક ભગતબાપુની ચેતના ભ્રમણ કરતી હશે, કયાંક મેરૂભા ગઢવી હોંકારો દેતા હશે. તલગાજરડાનો સાધુ આ મહોત્સવમાં આવી ખૂબ રાજીપો અનુભવે છે. મોરારિબાપુએ મઢડાનું નામ શતાબ્દી અવસર પર બદલીને 'સોનલધામ' રાખવાનો વિચાર આપ્યો અને સંબંધિત લોકો આ દિશામાં પ્રયાસ કરે તેવું સૂચન કર્યું હતું.

દ્વારકાના દંડીસ્વામી સદાનંદજી

સરસ્વતીએ કહ્યું કે ભારત એક વિશાળ બગીચો છે, તેમાં ચારણો સહસ્રદલ કમળ છે. મૂળ રૂપમાં રહીને ઓળખ ન ગુમાવનાર કોઈ જ્ઞાતિ હોય તો તે ચારણ જ્ઞાતિ છે.

સમારંભના સ્વાગત પ્રમુખ વી. એસ. ગઢવીએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે આઈ સોનલમાએ શિક્ષણ, સંસ્કાર અને વ્યસનમુકિતની આહ્‌લેક જગાવી હતી. તેમણે ૩૨ વર્ષ પ્રવાસ કર્યો હતો. જેમાં ૧૩ વખત કચ્છ ગયેલા. આ ઉપરાંત બરડા, હાલાર, વાળાંક, બાબરિયાવાડ મધ્યપ્રદેશના નિમાડ અને રાજસ્થાનનો પ્રવાસ ખેડયો હતો, જેમાં શિક્ષણ સાથે સંસ્કારની વાત પ્રસરાવી હતી. વી.એસ. ગઢવીએ ત્રણ દિવસના કાર્યક્રમને વિશેષ અને ઐતિહાસિક ગણાવ્યો હતો. ૧૯૭૪માં જૂનાગઢ ખાતે આઈ સોનલમાનો વનપ્રવેશ ઉત્સવ યોજાયો ત્યારે તેના સ્વાગત પ્રમુખ તરીકેની જવાબદારી વી.એસ. ગઢવીના પિતા શકિતદાનભાઈએ સંભાળી હતી. અર્ધી સદી પછી પુત્રે પિતાએ ભૂતકાળમાં નિભાવેલી જવાબદારીને પૂર્ણ ન્યાય આપ્યો હતો.

ત્રણ દિવસના સમારંભમાં હજારો ભાવિકો ઉપરાંત રાજકીય તથા સામાજિક આગેવાનો અને સંતો-મહંતો-આઈમાઓ અનુકૂળતા મુજબ ઉપસ્થિત રહ્યા હતા. આઈમાનો શતાબ્દી ઉત્સવ પોતાને આંગણે ઉજવાતો હોય તેવો ભાવ ભાવિકો તેમજ અતિથિઓમાં જોવા મળતો હતો. કંચનમા અને ગિરીશઆપા આવેતુઓને હેતથી મળતા હતા. રાજસ્થાનથી આવેલા ભૂતપૂર્વ સાંસદ ઓમકારસિંહ લાખાવત, જાણીતા ગાયક ભિખુદાનભાઈ ગઢવી અને રાજકોટના ઠાકોર સાહેબ માંધાતાસિંહજીએ ઉદ્‌ઘાટન સત્રમાં પ્રાસંગિક વકતવ્ય આપ્યા હતા. ઉદ્‌ઘાટન સત્રનું સંચાલન મહેશભાઈ મહેડુએ કર્યું હતું. દિનેશ માવલ સંપાદિત 'ચરજ' સામયિકના 'નારીશકિત અંક'નું વિમોચન આ પ્રસંગે થયું હતું.

બપોરે ત્રણથી સાડાપાંચની બેઠકમાં ચારણ અને ચારણેત્તર વિદ્વાનો – ચંદ્રપ્રકાશ દેવલ, ડો. બળવંત જાની, ડો. અંબાદાન રોહડિયા, રાજુલ દવે, નરસંગભાઈ ઠાકરિયા, ડો.પ્રદ્યુમ્ન ખાચર, રામકુભાઈ ખાચર, ડો.ઈન્દ્ર ગઢવી વગેરેએ ચારણો તેમજ આઈ પરંપરા બારામાં વકતવ્ય આપ્યા હતા. આ બેઠકનું સંચાલન દિનેશ માવલ અને તીર્થંકર રોહડિયાએ કર્યું હતું.

ooo

સમારંભનો ત્રીજો દિવસ, તા.૧૩મી જાન્યુઆરી એટલે પોષ સુદ બીજ(સોનલ બીજ). હૈયેહૈયું દળાય એવી મેદની સભામંડપમાં જામી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વર્ચ્યુઅલ ઉદ્‌બોધનથી કાર્યક્રમનો આરંભ થયો. અંદાજે બાર મિનિટના વકતવ્યમાં વડાપ્રધાને ચારણોની પરંપરા તેમજ ગુણોને આવરી લીધા હતા. ( આ વકતવ્ય અંકમાં અન્યત્ર આપ્યું છે.)

સમારંભના મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત ગુજરાત રાજયના રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ સોનલબીજની શુભેચ્છા પાઠવી હતી.

ચારણ સમાજ દ્વારા માતાઓ-નારી શકિતની વંદના કરવામાં આવે છે. નારીશકિતની પૂજા કરવામાં આવે છે તે અંગે આનંદની લાગણી વ્યકત કરી જણાવ્યું હતું કે, જયાં નારી શકિતની પૂજા થાય છે ત્યાં દેવતાઓનો વાસ છે. આપણા ભારતની પરંપરામાં વિદ્યાના આદર્શ માતા સરસ્વતી છે, વીરતાના આદર્શ દુર્ગા છે અને ભગવાનના રૂપમાં જગતજનની છે. સોનલ માનું માતૃત્વ સર્વનું ભલું થાય, સર્વનું કલ્યાણ થાય તેવું હતું અને તેમના આશીર્વાદથી, તેમના

આદર્શોથી યુવા પેઢીને પ્રેરણા મળે છે.

રાજયપાલશ્રીએ સોનલ માના ૫૧ નીતિ સૂત્રો–આદેશોનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે, સોનલમાએ સામાજિક બદી, અંધશ્રદ્ધા અને વ્યસન સામે ચેતના જગાવી માનવતાનું કાર્ય કર્યું છે. રાષ્ટ્ર સેવા–રાષ્ટ્ર એકતા માટે પણ સોનલ માનું યોગદાન રહ્યું છે. જયારે જૂનાગઢના શાસકોએ આઝાદી સમયે પાકિસ્તાનમાં જોડાવાનો નિર્ણય લીધો ત્યારે સોનલ માએ આ નિર્ણયથી ભલું થવાનું નથી એમ કહીને તેઓને પણ ચેતવ્યા હતા અને તે આજે યથાર્થ ઠર્યું છે.

રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ વધુમાં જણાવ્યું હતું કે, ચારણ સમાજ ખેતી અને પશુપાલન સાથે જોડાયેલો છે. તેઓએ સોનલ ધામના ભકતોને પ્રાકૃતિક ખેતી તરફ જોડાવા આહ્‌વાન કર્યું હતું. પ્રાકૃતિક ખેતીથી ધરતી ઝેરમુકત બને છે અને ખેડૂતોને ઉત્પાદન ખર્ચ કરતાં ફાયદો વધુ થાય છે. રાજયપાલશ્રીએ ઓર્ગેનિક ખેતી અને પ્રાકૃતિક ખેતી વચ્ચેનો તફાવત સમજાવી પ્રાકૃતિક ખેતી જીવામૃત અને ઘનજીવામૃત અંગે પણ ઊંડાણપૂર્વક સમજણ આપી હતી. રાજયમાં નવ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતીમાં જોડાયા છે અને રાજય સરકાર દ્વારા પણ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, તેનો ઉલ્લેખ કરીને રાજયપાલશ્રીએ ગાય આધારિત પ્રાકૃતિક ખેતીથી કલ્યાણ થવાનું છે તેમ જણાવ્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદન ઘટવાનું નથી. પોતાના ખેતી અંગેના અનુભવો વર્ણવીને રાજયપાલશ્રીએ કહ્યું હતું કે, જંગલમાં કોઈ યુરિયાનો છંટકાવ કરતું નથી, છતાં જંગલમાં બધા જ પોષક તત્ત્વો છે, ફળ આવે છે.

આ પ્રસંગે ભારત સરકારના પશુપાલન, ડેરી અને મત્સ્યોદ્યોગ વિભાગના મંત્રીશ્રી પરસોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું કે, આઈશ્રી સોનલના કાર્યો સામાજિક સુધારની સાથે રાષ્ટ્રની ઉન્નતિ સાથે જોડાયેલા રહ્યા હતા. આઝાદી વખતે જૂનાગઢના શાસકોએ જયારે પાકિસ્તાનમાં ભળવાની હિલચાલ કરી ત્યારે મા સોનલે તત્કાલીન શાસકોને ચેતવ્યા હતા કે, તમારું અને ભારતનું ભલું અહીંયા જ છે. આ સમગ્ર પ્રસંગ મંત્રીશ્રીએ કવિ કાગની એક રચનાના પઠન સાથે વર્ણવ્યો હતો. આ રચનામાં પાકિસ્તાનને એક સમયે પરપોટાની ઉપમા આપવામાં આવી હતી. તેનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, ચારણ કવિઓએ પોતાની રચનાઓ દ્વારા જે ભવિષ્ય ભાખ્યું તે સાચું પડયું છે. તેમણે જણાવ્યું કે, કલમ અને કટાર એક–બીજાના વિરોધી છે. પરંતુ કલમ અને કટાર બંને ચારણોને શોભાયમાન થાય છે, તેમ જણાવી રૂપાલાજીએ ચારણ સમાજના યોગદાનને બિરદાવી સાહિત્યિક સંદર્ભો આપ્યા હતાં.

સોનલમાએ સમાજના ઉત્કર્ષ માટે પરિવહનના સાધનો સીમિત હતા ત્યારે પણ ૧૩ વખત કચ્છનો પ્રવાસ ખેડયો હતો. રૂપાલાજીએ સોનલમા એ સમાજ સુધારાની જે પહેલ કરી હતી તેને નવા પરિપ્રેક્ષ્યમાં અને સમય સાથે આવેલા બદલાવને ધ્યાને લઈ સમાજ અને રાષ્ટ્રના કલ્યાણ માટે આત્મસાત કરવા આહ્‌વાન કર્યું હતું.

આ પ્રસંગે રાજયપાલશ્રી દ્વારા કેન્દ્રીય મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ચારણ સમાજના 'રત્ન' એવા પદ્મશ્રી ભીખુદાનભાઈ ગઢવી અને શ્રી સી.પી. દેવલનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ કાગબાપુ, પંકજ ઉધાસ અને કવિ દાદના પરિવારજનોએ આ સન્માન સ્વીકાર્યું હતું ઉપરાંત સૂર્યદેવસિંહજી, ચંડીદાન દેથા, સીતારામજી અને વિજયદાનજી માટે શુભેચ્છાઓ વ્યકત કરવામાં આવી હતી.

ત્રીજા દિવસના આ કાર્યક્રમમાં શ્રી ગિરીશ આપા, કંચનમા, પુષ્પદાનભાઈ, ભીખુદાનભાઈ ગઢવી, વી.એસ. ગઢવી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત જૂનાગઢના મેયરશ્રી, ધારાસભ્યશ્રીઓ, પદાધિકારીઓ અને કલેકટર, પોલીસ અધિક્ષક સહિતના અધિકારીઓ અને ચારણ સમાજના તેમજ સોનલધામ, મઢડાના ભકતો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

રાજયપાલની ઉપસ્થિતિમાં યોજાયેલ સન્માન કાર્યક્રમમાં પ્રાસંગિક વકતવ્ય વી.એસ. ગઢવીએ અને સંચાલન રાજેન્દ્ર ગઢવીએ કર્યું હતું. રાતના યોજાયેલો લોકડાયરો મોડી રાત સુધી ચાલ્યો હતો. તા.૧૪મી, મકરસંક્રાંતની વહેલી પરોઢે હજારો લોકો મા સોનલની સ્તુતિ કરીને વિખરાયા હતા.

ooo

સમારંભના બીજે દિવસે તા.૧૨મી, જાન્યુઆરીએ સવારના સત્રમાં દંતાલીના સ્વામી સચ્ચિદાનંદજી, પ્રાંસલાના ધર્મબંધુજી, રામભાઈ જામંગ વગેરેના વકતવ્યો યોજાયા હતા. ૯૩ વર્ષની જૈફ વયે મઢડા આવેલા સ્વામી સચ્ચિદાનંદજીએ ચારણોની શકિત, મહત્તા અને આઈતત્ત્વ અંગે વ્યકત કરેલા વિચારોને શ્રોતાઓએ આવકાર્યા હતા.

•••

## રાજકોટના કાનગડ પરિવારે મઢડામાં જમીનનું દાન કર્યું

સોનલમાનો જન્મ શતાબ્દી મહોત્સવ ઉજવાયો હતો અને લોકડાયરો, ધર્મસભા સહિતના કાર્યક્રમો યોજાયા હતા. ત્યારે રાજકોટના આહીર પરિવારે ૭.૫ વીઘા જમીનનું પણ દાન કર્યું હતું. મઢડા ગામે સોનલમા જન્મ શતાબ્દી મહોત્સવ ઉજવાયો હતો ત્યારે માતાજીના પરમ ઉપાસક રાજકોટના આહીર કાનાભાઈ લક્ષ્મણભાઈ અને અમરબેન કાનાભાઈ કાનગડે મઢડામાં ૭.૫ વીઘા જમીનની ખરીદી કરી અન્નક્ષેત્ર માટે જમીનનું દાન કર્યું હતું. વિશેષમાં આ પરિવારે જણાવ્યું હતું કે, અન્નક્ષેત્ર માટે જમીનનું દાન કરનારની જન્મ તારીખ પણ ૧૩ જાન્યુઆરી છે તે પણ એક સંયોગ છે. આ પરિવાર કન્સ્ટ્રકશન અને ખેતીવાડીના વ્યવસાય સાથે સંકળાયેલો છે.

### અમારા પર માતાજીના આશીર્વાદ : ઉદય કાનગડ

આ અંગે રાજકોટ પૂર્વના ધારાસભ્ય ઉદય કાનગડે કહ્યું હતું કે, સોનબાઈમાના આશીર્વાદ સતત અમારા પરિવાર પર રહ્યાં છે. અમારા ઘરે પણ આવી ચૂકયા છે.



# મઢડા મહોત્સવ એટલે શતાબ્દીનું ગિરિશૃંગ

• વી.એસ. ગઢવી

મઢડાનો શતાબ્દી મહોત્સવ જે જે કલ્પનાઓ કરી હતી તેનાથી પણ ભવ્ય થયો. જે જે સમસ્યાઓનો વિચાર કર્યો હતો, તે તમામ પ્રશ્નો જાણે કે આપોઆપ ઉકેલાઈ ગયા. સમગ્ર કાર્યક્રમને સૌરાષ્ટ્ર-ગુજરાતના સમાચારપત્રો તેમજ ટીવી ચેનલોએ ખૂબ સારી રીતે પ્રસિદ્ધ કર્યા હતા. એક સ્વજને કવિ રાજેન્દ્ર શુકલની પંકિતઓ મઢડા મહોત્સવ દરમિયાન તાજી કરાવી.

**આ અહીં આવ્યા પછી**
**એટલું સમજાય છે,**
**કોઈ કંઈ કરતું નથી**
**આ બધું તો થાય છે.**

અસંખ્ય યુવાનોની રાત-દિવસની મહેનત તેમજ કોઈ દૈવીતત્વની પ્રેરણાના પ્રતાપે તમામ વ્યવસ્થાઓ સમયસર તથા ધારણા મુજબ થઈ જતી હતી. પદ્મશ્રી ભીખુદાનભાઈએ સરસ વાત કરતાં કહ્યું કે આ ત્રણ દિવસમાં કોઈને ઠેસ પણ આવી નથી ! આઈ સોનલની કેવી અમીદ્રષ્ટિ છે તેનો ભાવ તમામ લોકોના મનમાં સતત રહેતો હતો. '**કરુણાને ઉજળે કાંઠે**' સ્થિર થઈને મા સોનલના ખમકારા સર્વ સમાજ માટે અંતરના આશીર્વાદ વરસાવતા હતા. ભગતબાપુના શબ્દો સ્મૃતિમાં આવે છે.

**માડી! તું તો કરુણાના**
**ઉજળે કાંઠે, ઝબૂકી જયોત**
**જોગણી રે...જી**
**માડી તારા ખમકારા ગગને**
**ગાજયા, પાણીમાં અજવાળા**
**પડ્યા રે...જી**

કાર્યક્રમનો શુભારંભ કરાવતા સંતવર્ય પૂજય મોરારિબાપુએ કહ્યું કે આજે પણ અહીં આઈ સોનલની દિવ્ય ચેતનાનો અનુભવ થાય છે. બાપુએ ઉમેર્યું કે ભગતબાપુ તથા મેરુભાની ચેતના પણ આજે અહીં અનુભવી શકાય છે. પૂજય બનુમાની સ્મૃતિ તથા આત્મબળ સૌના પ્રયાસોમાં પ્રાણ ફૂંકતા હોય તેમ લાગે છે. જગદંબાઓની ઉજળી પંરપરામાં આપણી શ્રદ્ધા વિશેષ દ્રઢ બની છે. આ પરંપરાની વિવિધ ચેતનાઓના આશીર્વાદ થકી જ આપણાં સંસ્કાર ટકયા છે. શિક્ષણનો વ્યાપ થયો છે. પૂજય આઈ સોનલની વિદાય પછી પૂજય બનુમા મશાલ ધારણ કરીને ઉન્નત મસ્તકે શોભાયમાન રહ્યા. મઢડામાં કેન્દ્રસ્થાને રહીને તેમણે મંદિરનું નિર્માણ કર્યું. પૂજય બનુમાનો બાળસહજ નિર્દોષ તથા સરળ સ્વભાવ આજે પણ સૌની સ્મૃતિમાં અકબંધ છે.

પૂજય આઈમાની હયાતીમાં પણ મઢડા એક તીર્થ સમાન હતું. આઈમાની અણધારી વિદાય પછી આ તીર્થસ્થાનનો મહિમા અનેક ગણો વધ્યો છે. પૂ.કંચનમા તથા ગિરીશઆપા તરફથી અતિથિઓ માટે ભોજન ઈત્યાદિની સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. '**દેવી છે દયાળી જેના થાનકે મળે છે થાળી**' એ બળદેવભાઈ નરેલાની કાવ્યપંકિતઓના શબ્દો અહીં વ્યવહારમાં જોવા મળતા હતા.

મઢડાના શતાબ્દી મહોત્સવમાં અનેક સમાજના તથા વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. તેઓએ પૂ.આઈમા તરફનો પોતાનો અંતરનો ભાવ પ્રગટ કર્યો. પૂજય મોરારિબાપુનો એક વિશેષ સ્નેહ આપણાં તરફ હંમેશા રહ્યો છે. બાપુએ ઉપસ્થિત રહીને પોતાના

શબ્દપુષ્પોથી પૂ.આઈમા તેમજ સમગ્ર આઈ પરંપરાની ભાવવંદના કરી. બાપુએ ભાવથી સૂચન કર્યું કે સમગ્ર મઢડા ગામની સંમતિ હોય તો મઢડાને સોનલધામ નામ આપવા માટે સમાજની સંસ્થાઓએ પ્રયાસ કરવો જોઈએ. હાજર રહેલા સૌએ બાપુનો આ પ્રસ્તાવ ભારે હર્ષોલ્લાસ સાથે આવકાર્યો હતો. હાજર રહેલા તથા કાર્યક્રમને ઓનલાઈન જોનારા સૌ માટે એ ગૌરવની પળ એ હતી કે જયારે જગતગુરુ શંકરાચાર્યના પ્રતિનિધિ પણ માના મહોત્સવમાં ભાવથી આવ્યા હતા. સમાજ વિશે બોલતા તેમણે મઢડાવાળી માતાના પ્રતાપે થયેલી પ્રગતિ અંગે આનંદ વ્યકત કર્યો હતો. ચારણ સમાજના ઉજળા ઈતિહાસ બાબત તેમણે વિગતે વાત કરી હતી. તેમના આવા ઉદ્‌બોધનથી આપણા ઉજળા પૂર્વજોનું યથોચિત તર્પણ થયું હતું.

વરિષ્ઠ સંત સચ્ચિદાનંદજી (દંતાલી)ના સ્નેહથી સમાજના સૌ લોકો ખૂબ પ્રભાવિત થયા. જીવનની શતાબ્દીની સફર હવે થોડા વર્ષોમાં જ પુરી થવાની છે ત્યારે જૈફ ઉંમર તથા નાદુરસ્ત તબિયત હોવા છતાં સચ્ચિદાનંદજી હાજર રહ્યા. **'મારે મઢડા આવવું જ છે'** તે વચન સચ્ચિદાનંદજીએ ગિરીશભાઈને આપ્યું હતું. અનેક શારીરિક કષ્ટ સહન કરીને પણ સ્વામી હાજર રહ્યા તે જગદંબાની કૃપા છે. તેમના પ્રવચનમાં તેમણે ચારણ સમાજના ગૌરવશાળી કાર્યો તેમજ ઉજળી આઈ પરંપરાને અંતરના ભાવ સાથે બિરદાવી. મહારાજનું સમગ્ર પ્રવચન કુટુંબના એક મોભીને છાજે તેવું સ્નેહાળ તથા ધારદાર હતું. ધર્મબંધુજી મહારાજ(પ્રાંસલા) ઘણાં વ્યસ્ત હોવા છતાં આઈમાને શ્રદ્ધા સુમન અર્પણ કરવા હાજર રહ્યા. જીગ્નેશદાદા અને સતાધારના મહંત સાહેબની હાજરી પણ સંતસભાના સમગ્ર કાર્યક્રમની શોભારુપ ઘટનાઓ હતી.

પાલુભગત તો આપણાં ઘર દીવડા જેવા છે. અસાધારણ સર્જનશકિત એ પાલુભગતની ખરી ઓળખ છે. BAPS ના વરિષ્ઠ સંતો ભાવથી હાજર રહ્યા. તેઓ પણ પૂજય મહંતસ્વામીનો શુભેચ્છા સંદેશ તથા પ્રસાદીનો હાર લઈને આવ્યા હતા. પૂજય આઈમાએ જે સામાજિક સુધારણાના કાર્યો કર્યા તે બાબતનો તેમણે ખાસ ઉલ્લેખ કર્યો. અનેક નાની મોટી પવિત્ર જગાઓના સંતો–મહંતો આવ્યા હતા. સદ્‌ભાગ્યે એ દરેકના ફરી દર્શન કરી શકાય તથા તેમની વાણીનો પ્રસાદ લઈ શકાય તે માટે સુઆયોજિત ઓડિયો - વીડિયો ડોકયુમેન્ટેશન થયું છે. આથી આ સમગ્ર ઉપક્રમનો લાભ આપણી ભવિષ્યની પેઢીઓ સુધી પહોંચી શકે તેમ છે. અનેક પ્રશ્નોનું સમાધાન સમ્મેલન પહેલાની ચર્ચા - વિચારણામાં દેખાતું ન હતું. આયોજકો તથા અનેક સહયોગીઓ પણ થોડી ચિંતામાં હતા. કેમ થશે? તેવો ભાવ કેટલાકના મનમાં હતો. આ તમામ પ્રશ્નો જાણે કોઈ અદ્રશ્ય શકિતએ ઉકેલી આપ્યા હોય તેમ સતત લાગતું રહેતું હતું. અનેક લોકોએ કરેલી મહેનત તથા પ્રયાસોને જાણે કે આઈમાના આશીર્વાદ મળ્યા હતા.

રાજકીય તથા સામાજિક ક્ષેત્રના અનેક અગ્રણીઓ હાજર રહ્યા. તેઓ સૌ પૂજય આઈમાનો કૃપાપ્રસાદ પ્રાપ્ત કરવા માટે તેમના સમાજના સૌ સભ્યોના મિલન માટે હાજર રહ્યા હતા. કચ્છના લોકસભાના સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા છેક કચ્છથી લાંબી મુસાફરી કરીને આવ્યા હતા. માનનીયશ્રી શકિતસિંહજી ગોહિલ તેમજ માનનીયશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા પણ પોતાના વ્યસ્ત કાર્યક્રમોમાંથી સમય કાઢીને મઢડા

આવ્યા હતા. લગભગ દરેક રાજકીય પક્ષોએ આપણાં સમાજ માટે આદર તેમજ એકત્વનો ભાવ દિલથી વ્યકત કર્યો હતો. અહીં તમામ રાજકીય પક્ષો માતાજીની ભાવ-વંદના કરવા આપમેળે હાજર રહ્યા હતા. જિલ્લાના તેમજ આસપાસના તાલુકાઓના મોટાભાગના હોદ્દેદારો હાજર હતા.

પૂજય આઈમાના શતાબ્દી મહોત્સવમાં પધારવા માટે આમંત્રણ આપવા ગીરીશભાઈ તથા સમાજના કેટલાક અગ્રણીઓ ગુજરાતના માનનીય રાજયપાલશ્રીને મળવા ગાંધીનગર ગયા હતા. સામાન્ય રીતે ગવર્નર હાઉસનું વહીવટી તંત્ર ગવર્નરશ્રીની કોઈ મુલાકાત નક્કી કરે ત્યારે સ્વાભાવિક રીતે જ તેઓ અનેક બાબતોની ચકાસણી કરીને જ માનનીય રાજયપાલશ્રીનો કાર્યક્રમ નક્કી કરે છે. મઢડા આવવાના કાર્યક્રમ માટે થોડી પૂછપરછ તથા વિગતો મેળવીને રાજયપાલશ્રીએ મઢડા આવવાનું સ્વીકાર્યું એ ઓછી બને તેવી ઘટના છે. સમગ્ર શતાબ્દી વર્ષના આવા અનેક અનુભવો ગીરીશભાઈ તેમજ તેમની કામ કરતી ટીમને થયા છે. અહીં જ જાગતી જયોતિ સમાન માની કૃપાનો પુરેપુરો અણસાર મળે છે. સમગ્ર કાર્યક્રમને એક અલગ જ ઉઠાવ આપે તેવું પ્રવચન દેશના પ્રધાનમંત્રીશ્રીએ કર્યું તે તો સમગ્ર આયોજનને એક વિશેષ ગરિમા આપે તેવું હતું. પૂજય સોનલઆઈમાની સામાજિક નિસ્બતની વાત આદરણીય નરેન્દ્ર મોદી સાહેબે વિસ્તૃત તથા પ્રભાવી શબ્દોમાં કરી હતી.

પોતાની વિદ્વતાના બળે પદ્મશ્રી પ્રાપ્ત કરનાર આપણાં ગૌરવવંતા મહાનુભાવોના અંતરના ઉમળકાથી વધામણાં કરવામાં આવ્યા હતા. ઓમકારસિંહજી લખાવતે જગદંબાની કૃપા તથા તેમના યોગદાન બાબતે વિગતવાર વાતો કરી હતી. સી.પી. દેવલ સાહેબ તેમજ ભીખુદાનભાઈએ માના ગૌરવનો મહિમા કહ્યો હતો. માનનીય ગવર્નરશ્રીએ પોતાના મનનીય પ્રવચનમાં ચારણ આઈઓની ઉજળી પરંપરાને આપણી ઉજળી વિરાસત સમાન ગણાવી હતી.

સમાજની અલગ અલગ જિલ્લાઓમાં કાર્ય કરતી સંસ્થાઓનો પણ સર્વને પરિચય થયો હતો. આવા વિશાળ સંમેલનમાં બહેનોને અલગ મંચ આપવામાં આવ્યો હતો. બહેનોએ સ્પષ્ટતા તેમજ સ્વસ્થતાથી પોતાની વાતો તથા લાગણી રજૂ કરી હતી. બહેનોનો આત્મવિશ્વાસ જોયા પછી લાગે છે કે ભવિષ્યમાં તેમનું યોગદાન સમાજના સર્વાંગી ઉત્થાનમાં મહત્વનું રહેશે. આપણાં લોકસાહિત્યના ખ્યાતનામ કલાકારો પુરા ભાવ સાથે હાજર રહ્યા અને દરેક રાત્રિને પોતાની પ્રસ્તુતિથી શણગારી હતી. આટલા સુવિખ્યાત કલાકારોને એક મંચ પર જોવા તે અસાધારણ ઘટના હતી.

સમગ્રપણે જોતા આ શતાબ્દી મહોત્સવ દાયકાઓ સુધી આપણી સ્મૃતિમાં સચવાઈ રહે તેવો ભવ્ય હતો. યુવાન કાર્યકરોની સેવા કદાચ અસાધારણ કહી શકાય તેવી અસરકારક હતી. મઢડા આસપાસના ગામોના લોકોએ આ પ્રસંગને પોતાનો પ્રસંગ ગણીને માણ્યો હતો તેમજ સહયોગ કર્યો હતો. આપણાં સમાજની જે ઉજળી છાપ બહારના જગતમાં છે તે સાચવવાની આપણી જવાબદારી રહે છે. માતાજીના તેમાં આશીર્વાદ તો છે જ. ભગતબાપુએ પૂ.આઈમા માટે લખેલા શબ્દોની પ્રતીતિ થઈ:

**માડી ! તું તો આભથી એવડી ઉંચી**
**આજ મને ખબર પડી રે જી...**

(૯૦૯૯૯ ૯૧૦૬૩)

•••

# ભેદની ભીંત્યું ભાંગનારા સાધુ–સંતો

• પ્રવીણ ગઢવી

વેદકાળમાં ઘણા શૂદ્ર ઋષિઓ થયા. અલબત્ત, એમનો સહજ સ્વીકાર તો નહોતો જ થયો. તેઓએ બ્રાહ્મણો સાથે સંઘર્ષ કરવો પડયો હતો. ભારદ્વાજ જેવા કેટલાક ઋષિઓ, શૂદ્રો પ્રત્યે સહૃદયી પણ હતા. કવશ, ઐલુષ, માતંગ, વત્સ, મહીદાસ, કક્ષીવાન, દીર્ઘતમસ્ વગરે યા તો શૂદ્ર હતા કે બ્રાહ્મણોની દાસીના પુત્રો હતા.

એમ તો, મહાઋષિ વસિષ્ઠ ગણિકાના, મહાભારતકર્તા વ્યાસ મત્સ્યકન્યાના, પરાશર ચંડાલમાના પુત્ર હતા. રામાયણકર્તા વાલ્મીકિને શૂદ્ર કે નિષાદ માનવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં તેઓ બ્રાહ્મણપુત્ર હતા અને અનાથ હોવાથી નિષાદોએ ઉછેર્યા હતા.

શબરી નિષાદ, તપસ્વિની શ્રમણી હતી. બ્રાહ્મણ પુત્રના અકાળ અવસાનના કારણે રામે શૂદ્ર તપસ્વી શંબૂકનો વધ કર્યો હતો. કેમકે એ શૂદ્ર વર્ણનો હોવા છતાં તપ-વેદાભ્યાસ કરતો હતો.

આ તો વાત થઈ વૈદિક-પૌરાણિક કાળની, પરંતુ ઐતિહાસિક કાળમાં પણ ઘણા શૂદ્રો શ્રમણ થયા છે. ભગવાન બુદ્ધના શૂદ્ર શિષ્ય સુનીતની કથા બાબાસાહેબ આંબેડકરે તેમના ગ્રંથ '**બુદ્ધ અને તેમનો ધર્મ**'માં વિગતે આપી છે. એ જ રીતે શૂદ્ર મુનિ બળની પણ જૈન અનુશ્રુતિ છે. અનુગુપ્ત કાલમાં ઈ.સ.આઠમી સદીમાં દક્ષિણ ભારતમાં બાર આળવારો(વૈષ્ણવ સંતો) થયા. તેમાં કેટલાક બ્રાહ્મણ તો કેટલાક શૂદ્ર હતા. કોઈ સ્ત્રી પણ હતી. તેમાં તિરુપ્પાન શૂદ્ર આળવાર હતા. તેમની રંગનાથ(કૃષ્ણ) પ્રત્યે એટલી તીવ્ર ભકિત હતી કે રંગનાથના બ્રાહ્મણ પૂજારી એમને ખભે બેસાડી મંદિરમાં લઈ ગયેલા! સહિષ્ણુતાનું અલભ્ય ઉદાહરણ કહેવાય!

નવમી સદીમાં આળવારોની પરંપરા લુપ્ત થઈ અને આચાર્યોની પરંપરા શરૂ થઈ. વૈષ્ણવ આચાર્યો નાત-જાત ભેદભાવમાં માનતા નહિ. રામાનુજાચાર્યે શઠ કોપ નામે શૂદ્ર શિષ્યને રાખ્યો હતો. મંદિરમાં શૂદ્રોને પ્રવેશ કરાવ્યો હતો.

સુલતાનકાળમાં રામાનુજ આચાર્યોની પરંપરામાં રામાનંદ થયા, તે કબીર અને રવિદાસના ગુરુ મનાય છે. રવિદાસ ચમાર વર્ણના હતા અને તેમણે કબીરની જેમ વર્ણાશ્રમના વિરોધમાં ક્રાંતિકારી ભજનો લખેલાં છે.

કબીર-રવિદાસની પરંપરામાં ગુજરાતમાં તેજાનંદ, ત્રિકમસાહેબ, ડાડા મેકરણનો શિષ્ય ગરવો અને દાસી જીવણ જેવા દલિત સંતો થઈ ગયા. આ દલિત સંતોએ કબીર-રવિદાસ-નાનકની માનવ સમાનતાની વાત એમનાં ભજનોમાં દોહરાવી છે. અલબત્ત, કબીર - રવિદાસની જેમ તેઓ પણ નિર્ગુણ વેદાંતી હતા એટલે નિરાકાર ઈશ્વરની ભકિતમાં માનતા હતા. ઈશ્વરની નજરે તમામ માનવી સરખાં છે, એ વાત એ કરતા રહેતા. બાકી મોટા ભાગનાં ભજનો રહસ્યવાદી છે એટલે કે આત્મા-પરમાત્માની શોધનાં છે. ગુજરાતમાં જાતિભેદ અને અસ્પૃશ્યતામાં ન માનતા દલિતો પ્રતિ સહાનુભૂતિ - સહૃદયતા ધરાવતા સંતો - દેવીદાસ, અમરમા, આઈ નાગબાઈ, આઈ જાનબાઈ, ડાડા મેકરણ, બાપુ ગાયકવાડ, ખીમસાહેબ, મોરારસાહેબ, હોથી સંધી વગેરે થઈ ગયા છે. દાસી જીવણ આજેય એટલા લોકપ્રિય છે અને ગામના ભજન મંડળની બેઠકમાં એમનાં એકાદ-બે ભજન તો

રામસાગરના રણકારે ગવાય જ. દાસી જીવણના ગુરુ ભીમસાહેબ ચારણ હતા એમ મેઘાણીએ નોંધ્યું છે. દાસી જીવણ દલિત હોવાથી તેમની પાલખી ઘોઘાવદરની બજારમાંથી રૂઢિચુસ્ત લોકોએ નીકળવા દીધી નહોતી અને ગઢના દક્ષિણ દરવાજાથી કાઢવી પડી હતી.

દલિત સંત ત્રિકમસાહેબે લખ્યું છે, સંત થયા પછી **'મિટ ગઈ કુલવરણની ભ્રાંતિ'** પણ તોય અછૂત હોવાથી ગુરુ ખીમસાહેબના શિષ્યોએ એમના પ્રવેશ સામે હોબાળો મચાવેલો. દ્વારકા જતાં સાધુઓએ મછવામાં બેસવા નહોતા દીધા. પ્રયાગમાં પંડાઓએ ગંગાસ્નાન કરવા નહોતું દીધું અને દલિતોના મહોલ્લામાં જઈ ન્હાવું પડયું હતું. ડાડા મેકરણને મળવા ગયા ત્યારે પણ એમના શિષ્યોએ દેકારો કરેલો. દુકાળમાં સદાવ્રત શરૂ કર્યું તો બ્રાહ્મણોએ સૌને અભડાવે છે, એવી ફરિયાદ કચ્છના રાવ દેશળજીને કરી. એમના નિર્વાણ પછી ખીમસાહેબના શિષ્યોએ એમની સમાધિ ખીમસાહેબ પાસે ન કરવા રોડાં-પથ્થરોનો વરસાદ વરસાવ્યો. ત્રિકમસાહેબના પ્રિય શિષ્ય ભીમસાહેબે મક્કમ રહી ત્યાં જ સમાધિ આપી.

તેજાનંદ ગુરુ બ્રાહ્મણ સમાજમાં જન્મ્યા હતા. તેમને પણ કાશીમાં પંડાઓએ ગંગાસ્નાન કરવા નહોતું દીધું. તેમણે નાતજાતમાં ન માનતા રામાનંદને ગુરુ માન્યા. દુકાળમાં તેમણે ઝીંઝુવાડામાં ગોકળદાન ગઢવીને અને તેમના ઢોર-ઢાંખરને આશરો આપેલો. ગોકળદાન તેમના શિષ્ય થયા. પ્રેમલગ્ન કરીને ભાગેલા વણકર યુવકને આશ્રમમાં આશરો આપી બચાવી લીધેલો અને વાઘેલા રજપૂતોને શાંત કરેલા. સિદ્ધપુરમાં બ્રાહ્મણોએ એમની માતાનું શ્રાદ્ધ ન કરવા દીધું, જનોઈ તોડી નાખી. તો તેમણે છાતી ચીરી જનોઈ બતાવી અને કહેલું, **'કો બામન કો શુદા? એક બિંદુને સિષ્ટી કિયો હૈ.'** સૌની ત્વચા, હાડ, મળ, મૂત્ર, લોહી એક સમાન છે.

કચ્છના રણમાં વટેમાર્ગુઓને ડાડા મેકરણ, એમનો લાલારામ ગધેડો અને મોતીરામ કૂતરો પાણી અને દાલરોટી પહોંચાડે. બંને સાથીદારો મૃત્યુ પામ્યા ત્યારે તેમને સમાધિ આપી. પછી બીજા શિષ્યો થયા, તેમાં ગરવો અંત્યજ હતો. બાર વર્ષ સેવા કરી ડાડા મેકરણ થાકયા ત્યારે સમાધિ લીધી. સૌ શિષ્યો પણ સમાધિ લેવા તૈયાર થયા. પરંતુ ગરવાને ગમે તે બહાને એના ઘરે મોકલી સૌએ સમાધિ લઈ લીધી. ગરવો પાછો આવ્યો ત્યારે તેને ડાડા મેકરણની જગ્યામાં સમાધિ ન લેવા દીધી. ડાડા મેકરણે તો કહેલું કે પીંપર મેં પાણ નાય બાવર મેં બ્યો – **પીપળમાં અલ્લાહ તો બાવળમાં પ્રભુ તો ખીજડામાં બીજું કોણ હોય ? 'કે કે વાલિયું કોરિયું, કે કે વાલા વેઢ, વલે કના વાલા, ઢાઢી બેઆ ઢોલી!'** અર્થાત્ કોઈને કોરી(કચ્છી નાણું), કોઈને વેઢ વહાલા પણ મને તો ઢાઢી અને ઢોલી વહાલા. આવા સમાનધર્મી હોવા છતાં એમના જ શિષ્યોએ ગરવાનો વિરોધ કર્યો અને આખરે એણે ઘરના આંગણે સમાધિ લીધી.

વડોદરાના બાપુ ગાયકવાડ જમીનદારનું ફરજંદ હતા, જમાદાર હતા. એમને નિરાંત ભગતનો રંગ લાગ્યો. ગોઠડાના જાગીરદાર થયા ત્યારે ધીરા ભગતનો સંગ થયો. બાપુ પણ ભજન લખતા થયા. વિષ્ણુ-બિસ્મિલ્લામાં ભેદ નથી ભાળ્યો! તેમને પણ અંત્યજોએ વાયક આપતાં ભજન ગાવા ગયા. નરસિંહ મહેતાની જેમ જ સ્તો! ત્યાં ગાયું, **'મેં તો ઘટઘટ દેખા સાંઈ.'** બાપુસાહેબના પિતા જશાજીને આ વાતની ખબર પડતાં તેમને જાગીરમાંથી હાંકી કાઢયા. તેઓ અંત્યજોના મહોલ્લામાં જઈ રહ્યા!

નાગબાઈના સતની કથા જાણીતી છે. નાગબાઈએ જયારે હિમાળો ગાળવા જવાનું નક્કી કર્યું અને વેલડે બેઠાં, ત્યારે કોઈ અછૂત બાઈ બેડું ભરીને નીકળી તો કહે, સારા શકન થયા. લોકો કહે, અછૂત વરણના શકન ન લેવાય. નાગબાઈ કહે, સૌ મા જગદંબાનાં છોરાં છે. સૌ છોરાં સરખાં, નાગબાઈ નાતજાતમાં માનતા ન હતાં. વેલડું હાંકવા કોઈ તૈયાર ન થયું તો એ જ અછૂત બાઈ ઉજમનો પતિ ગોબર વેલડું હાંકવા બેઠો. સાથે ઉજમ પણ. નાગબાઈએ જતાં જતાં કહ્યું મારી પાછળ ખાંભી કરો તો તેની સાથે ગોબર અને ઉજમની પણ ખાંભી કરજો. ગોબર મારો દીકરો અને ઉજમ મારી વહુ ! આવાં હતાં ભેદની ભીંતો ભાંગનારાં ચારણ આઈ નાગબાઈ.

એ જ રીતે ચારણ આઈ જાનબાઈ પણ છૂઆછૂતમાં માનતાં નહોતાં. સણોસરા પાસે આવેલ દેરડીમાં વાવડી બનાવેલી. તે સૌ માટે ખુલ્લી મૂકેલી. ખુદ તેમના પુત્રે વિરોધ કર્યો તોય ન માન્યાં. પુત્રે આપઘાત કર્યો તોય ન ડગ્યાં. બ્રાહ્મણો તેમનો અલગ કૂવો કરવા ગયા તો ઝરણ જ ન ફૂટયાં. દેહ મૂકતી વખતે પણ મોટા પુત્ર બાવાભાઈ પાસે પાણી મૂકાવ્યું કે ચાંદો–સૂરજ તપે ત્યાં સુધી સૌ વરણ, અછૂત સહિત પાણી પીશે.

રકતપિત્તિયાંની સેવા કરતા સંત દેવીદાસની જનસેવાભકિત જોઈ અમરબાઈ આયરાણી જગ્યામાં રહી ગયાં અને સેવાધર્મમાં ખૂંપી ગયાં. ટેલ નાંખવી શરૂ કરી, સવર્ણોના મહોલ્લામાં જતાં અને દાળ-રોટી લઈ આવતાં. દેવીદાસને ખબર પડી કે અમરબાઈ મુસલમાન અને અછૂતોના મહોલ્લામાં જતાં નથી. તેમણે ઠપકો આપ્યો કે રામરોટીને નાતજાત ન હોય.

ભાણસાહેબના શિષ્ય રવિસાહેબ થરાદના વાયકે ગયેલા તો થરાદના રાજકુંવર માનસિંહને ભકિતનો રંગ હૃદયમાં ઊતરી ગયો. **'મૈયા મારો મનવો હુવો વિરાગી'** કહી સંસાર છોડી રવિસાહેબના શિષ્ય મોરારસાહેબ થયા. અછૂતોએ એમના મહોલ્લામાં ભજન કરવા વાયક આપ્યું તો ગયા. દલિતોના મહોલ્લામાં જવા બીજા કોઈ શિષ્ય રાજી ન થયા, પરંતુ નરઘાં વગાડનાર મુસલમાન શિષ્ય હોથી તૈયાર થયો અને **'રામ ને રેમાનને તમે એક કરી માનો મૌલા'** ભજન ગાયું. તેના અબ્બા શિકારી સિકંદરખાનને ખબર પડી તો અફીણનું ઝેર ઘોળવા બેઠા. હોથીએ કટોરો લઈ લીધો અને પોતે ઝેરનો કટોરો પી ગયો. સોક્રેટિસ–મહાત્મા ગાંધીને રસ્તે ચાલનારે **'ઝેરના કટોરા'** પીવા જ પડે છે !

નરસિંહ મહેતાને એ જ કારણે નાગર જ્ઞાતિમાંથી બહિષ્કૃત થવું પડયું હતું. કવયિત્રી મીરાં પણ ભેદભાવમાં માનતાં નહોતાં અને રવિદાસ ચમાર હોવા છતાં એમને ગુરુ માનેલા.

ગુજરાતની છાપ રૂઢિચુસ્ત હોવાની છે, એમાં તથ્ય પણ છે. પરંતુ એ ગુજરાતમાં જ અખો, ભોજાભગત જેવા તડ ને ફડ સાચું કહેનારા વીરલા પણ થયા છે, ગાંધી થયા છે. ગુજરાતમાં એક બાજુ કબીરની ધારા છે, બાબાસાહેબ આંબેડકરે કહ્યું છે કે, જો સંતોની વાત કરીએ તો તેમનો વિષય ઈશ્વર અને માણસ વચ્ચેના સંબંધનો હતો.માણસ–માણસ વચ્ચેના સંબંધોનો નહિ. ઘણા સંતોએ જાતિ અને વર્ણ વ્યવસ્થાને અનુમોદન આપ્યું નહોતું. કેટલાકે જાતિનું બંધન તોડયું પણ હતું. પરંતુ તે સંતો માટે સહજ વિશેષાધિકાર હતો. સામાન્ય માણસ તેમ કરી શકતો નહોતો. અસ્પૃશ્યોનો સંબંધ આવા સામાન્ય માણસો સાથે હોય છે, સંતો સાથે નહિ!

બાબાસાહેબ આંબેડકરનું નિરીક્ષણ સચોટ છે. દલિત સંતો અને દલિતો પ્રત્યે હમદર્દી

રાખતા સંતોએ જાતિ, વર્ણવ્યવસ્થા અને અસ્પૃશ્યતાને માન્ય નહોતી રાખી. તેમ છતાં, એ એમનો મુખ્ય વર્ણ્ય વિષય નહોતો, તે પણ હકીકત છે. વધુમાં હિન્દુ સમાજ બારામાં બાબાસાહેબ આંબેડકર લખે છે : 'હિન્દુ સમાજના પેટના દાવાનળમાં બુદ્ધ, મહાવીર, બસવ, ચૈતન્ય અને રામાનંદ રાખ થઈ ગયા. નાનક-કબીરની પણ એ જ દશા થઈ. રાજા રામમોહનરાય, સ્વામી દયાનંદ, રામકૃષ્ણ પરમહંસ, જયોતિબા ફૂલે, રાનડે, ભંડારકર, વિવેકાનંદ, રામતીર્થ, શ્રદ્ધાનંદ અને લાલા લજપતરાયની પણ તે જ દશા થઈ. મહાત્મા ગાંધીને પણ તે પચાવી લેશે. વ્યકિતની મહત્તા વધારવી અને તેની શિક્ષા ગમે તેટલી સારી હોય, તેને નજરઅંદાજ કરવી અને પોતાની પ્રાચીન રૂઢ પરંપરાને ચાલુ રાખવી – આ કળા હિન્દુ સમાજે હસ્તગત કરી લીધી છે. ડો.બાબાસાહેબ આંબેડકર કેટલી દીર્ઘદ્રષ્ટિ ધરાવતા હતા તેની પ્રતીતિ થયા વગર રહેતી નથી.

(૯૯૭૯૮ ૯૩૯૯૦)

•••

## "સેવાનું ચરણામૃત"

'સેવા' શબ્દ ભાષાના અતિ ઉત્તમ અને ઉમદા શબ્દો પૈકીનો, સરળ અને સદ્કાર્ય સાથે સંકળાયેલા શબદ છે. લોકો તન, મન ધનથી સેવામાં જોડાઈને જીવનની ધન્યતા અનુભવતા હોય છે તેવા સેવકો પ્રભુના વિશેષ વહાલા બાળકો હોય છે તેને જ સાચી સેવાનો લાભ મળતો હોય છે. પછી એ સેવાને સાચી અને સાત્વિક સેવા બનાવી રાખવાની જવાબદારી સેવકની રહે છે અને તે પોતાના ઉપર નિર્ભર રહે છે. એને નિભાવવાની અને જીરવવાની જવાબદારી સેવકની છે.જેમ લક્ષ્મી-પ્રભુ કૃપા અને પરસેવાથી પ્રાપ્ત થાય છે. તેને કેવી રીતે વાપરવી, તેની સ્વત્રંતા ઈશ્વર વ્યકિત ઉપર છોડી દેતો હોય છે. તેવું જ સેવાનું છે. સેવાનું કદાચ તેનાથી વધારે વ્યકિતના પોતાના પર નિર્ભર હોય છે, તેમાંય સેવામાં સમયનું દાન અને તે પણ યોગ્ય રીતે આપવું ઘણું અગત્યનું છે. તેનાથી સેવા તો સારી રીતે અમલી અને અસરકારક બની શકે છે. આમાં સૌથી ઉત્તમ સેવા માતા-પિતાની છે.

સેવા એક જ એવી પ્રવૃત્તિ છે તે કોઈપણ કરી શકે છે. પોત-પોતાના પ્રમાણમાં, આમ છતાં સાચી સેવા કરવી સહેલી નથી. અનેક જગ્યાએ સેવાઓ થતી હશે, થાય છે. પરંતુ સૌરાષ્ટ્રમાં અને તેમાંય રાજકોટમાં સેવાની પ્રવૃત્તિઓ વિશેષ રીતે અને અમુક પ્રવૃત્તિઓ તો નિયમિતપણે જેમ કે સૂરજ તેનો ઉગવાનો ક્રમ જાળ વે છે તેમ આ પ્રવૃત્તિ દરરોજ અવિરતપણે ચાલુ રહે છે. ખળખળ વહેતા પવિત્ર ઝરણાંની જેમ. આ ખળખળ વહેતા ઝરણાં પોતાની આગવી ઓળખ દ્વારા અનેકના જીવનમાં જણકાર જગાવે છે.

આ લાયકાત પ્રાપ્ત થઈ છે કે નહી, સેવા ઉગી છે કે નહી, તેના તેને તોળવાના ત્રાજવા, માપવાના મીટરો અને વજન કાંટાઓ અલગ અલગ હોય છે. તેમાં સેવકો સાથી કાર્યકર્તાઓ, દાતાઓ, સેવા પ્રાપ્ત કરનારાઓ અને સમાજ. આ બધાજ પોત-પોતાના ત્રાજવાથી તોળતા હોય છે. એ બધામાં જેણે આપણને આ સેવાના નિમિત્ત માત્ર બનાવ્યા છે, એ સૃષ્ટિના સર્જનહારનું ત્રાજવું અતિ ન્યાય પણે સેવાને તોળે છે. પણ જો આપણે આપણી જાતે આપણે સેવા તો કરીએ છીએ. આપણી મતિ અને સમજણ પ્રમાણે તો એ કેટલી 'ઉગી' છે તેને માપવી હોય તો....મારા સામાન્ય મત પ્રમાણે પ્રથમ તો કોઈના પણ પ્રત્યે દ્વેશભાવ ન થવો અને વિનમ્રતા જેવા વિશેષગુણ આવવા જોઈએ. માન, મરતબો, પ્રતિષ્ઠા હોદ્દાઓની અપેક્ષા ન વધવી જોઈએ તૃપ્તિ થવી. તો સમજવું કે સદ્દભાગી બન્યા છીએ, સેવા થોડી ફળી છે.

**–રામભાઈ જામંગ(તંત્રી)**

# ચારણો અને ઈતિહાસ

• ડો.પ્રદ્યુમ્ન ભ. ખાચર

આઈશ્રી સોનલમા જન્મ શતાબ્દી મહોત્સવ નિમિત્તે આટલા વિશાળ પ્રમાણમાં ચારણોના દર્શન કરવાની મને તક મળી તે માટે હું ભાગ્યશાળી સમજું છું. આજ સુધી ચારણોએ અમારી વાતો કરી, આજે હું ચારણોની વાતો કરવા અહીં ઉપસ્થિત થયો છું. ચારણોએ ઢગલાબંધ નહીં, ખટારાબંધ કૃતિઓ રચી. જેમાંથી રાજવીઓની ઉદારતા, રાજવીના સાહિત્ય સર્જનના પ્રયાસો, બહાદુરી,રખાવટ, વંશકુળનો ઈતિહાસ, ત્રાગાઓ, ફળકથનો, આગાહીઓ, ઐતિહાસિક ગીતો વગેરે ખૂબ મોટા પ્રમાણમાં જાણી શકાય છે. મેં તો પૂજ્ય સોનલમાને જોયા નથી, પણ બગસરા દરબાર મેરામવાળા સાહેબના દરબારગઢમાં નિર્ભિક મેકરણભાઈ લીલાને જોયા ને બહુ સાંભળ્યા છે કે, ચારણ કેવા વટવાળા હોય !

ચારણોએ કાઠી દરબારો વિશે ખૂબ ગીતો બનાવ્યા. આ બધા મોટાભાગના ગીતોના શીર્ષકોને 'ચારણી સાહિત્ય પ્રદીપ' ભાગ-૧/૨માં સામેલ કરવામાં આવ્યા છે, એના ઉપર નજર કરતા જણાય છે કે એમણે કેવા વિવિધ વિષયો ઉપર આલેખન કર્યું છે. એમના આલેખનમાં કેવી તાકાત રહી હતી ! એમના કેટલાક ગીતોની વાત કરવા જઈએ તો બંદૂકની પ્રશંસા કરતું ગીત, વૃક્ષની પ્રશંસા કરતું ગીત, કાઠીઓની મહેમાનગતિનું ગીત, કંજૂસો પર વ્યંગ કરતું ગીત, બોરીયા દરબારને વૃદ્ધમાં લગ્ન કરતાં ઠપકો, કણબીઓની શાખાઓનું ગીત વગેરે વગેરે.

ચારણ વિદ્વાનો ડીંગલ, પિંગળશાસ્ત્રના જાણકાર હતા અને વિદ્યાના ઉપાસકો સરસ્વતીને ધાવીને મોટા થયેલા ગણાય. કલમ અને કટારીનો તેમણે સંયોગ કરેલ અને અડાભીડ ચારણો આ કાઠિયાવાડની ધરતી ઉપર થયા છે. છંદશાસ્ત્ર તેમની દેણગી ગણાવી શકાય. દેશી રજવાડાઓએ વિધવિધ રાજકવિઓ આ પ્રદેશને આપ્યા.

ભાવનગરના રાજકવિ તરીકે પિંગળશીભાઈ નરેલા અને હરદાનભાઈ નરેલાનું કેવું ઉજળું ચમકતું નામ છે! ચારણોની હિંમત અને સત્યતા કેવી હતી એ સમજાવવા માટે આપણે એભલ પટગીરના જે દુહાઓ રચ્યા હતા એ એકવાર જોવા જેવા છે.

નોલીના એભલ પટગીરને કોઈએ સાથ ન દેવો કે દુહાઓ ન બનાવવા ત્યારે આદેશ થયેલ કે કોઈપણ પ્રકારનું પ્રોત્સાહન ન આપવું. બાકી અંગ્રેજ સરકાર અને ગાયકવાડ સરકાર એમને કેદ કરી લેશે. પરંતુ શૂરવીરતાને બિરદાવનારા આ પાલરવભા કહે ભલે જે થવું હોય એ થાય, મને રેશમિયા ને આણંદપુર સાચવી લેશે, બાકી ગીરના જંગલમાં જિંદગી ગાળી નાખીશ. જયારે વોરંટ તેમના નામનું નીકળ્યું ત્યારે જે આશરો આપશે તેનો ગરાસ ખાલસા કરવામાં આવશે એવું કહેવામાં આવેલ, તેમ છતાં લાખાવાડના વીરા ખવડે પાલરવભાને ૧૭ વર્ષ આશરો આપ્યો હતો.

કાઠિયાવાડમાં તો અનેક ચારણો થયા છે પરંતુ તેમાં ૧૨/૧૫ ચારણોના નામ લેવાનું

કહેવામાં આવે તો ગગુભાઈ લીલા, શંકરદાનજી દેથા, ઠારણભાઈ મહેડુ, પિંગળશીભાઈ નરેલા, દુલાભાઈ કાગ, માવદાનજી રત્નુ,મેરુભા મેઘાણંદ ગઢવી, મેકરણભાઈ લીલા, નારાયણદાનજી બાલિયા, પિંગળશીભાઈ, પાલરવભા વગેરેના નામ તરત જ જીભે યાદ આવી જાય.

ચારણોની કૃતિઓમાં '**વિભાવિલાસ**', વ્રજમાલજી મહેડુ રચિત અને '**યદુવંશપ્રકાશ**' માવદાનજી રચિત આ બે ગ્રંથો જૂઓ તો તેમની તાકાતનો આપણને ખ્યાલ આવે છે.

ચારણોની સત્યતા તો જૂઓ, એમને કેવી અડગતા કડકાઈ હશે. લીંબડીના રાજકવિ શંકરદાનજી રાજાઓને પણ સાચી વાત બેધડક કહી શકતા હતા. આઈશ્રી સોનલમાએ જૂનાગઢ નવાબ મહોબતખાનજીએ પાકિસ્તાન સાથે જોડાણ કર્યું તે સમયે કહ્યું હતું કે આ પગલું ખોટું ભરી રહ્યા છો.

ચારણોએ ઈતિહાસ અને સંસ્કૃતિનું રક્ષણ કરવાનું કાર્ય કર્યું. તેમણે અનેક ગીતો રચ્યા છે, જે આજે પણ ડાયરામાં અવ્વલ નંબરે લોકોને ગમે તે રીતે ગવાઈ રહ્યા છે. યુદ્ધમાં શૌર્ય કે પાનો ચડાવવાનું કાર્ય પણ ચારણો કરતા હતા. કચ્છ – કાઠિયાવાડને ચારણોએ ખોડિયાર માતાજીથી રૂપલમા સુધીના માતાજીઓ આપ્યા. ચારણોની દોસ્તીથી ઈ.સ.૧૯૪૮ સુધી ઝવેરચંદ મેઘાણીએ કામ કર્યું. ચારણો અને ચારણી સંસ્કૃતિ માટે ઈ.સ.૧૯૭૦ પછી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ શ્રી ડોલરરાય માંકડ, પરમ વિદ્વાન શ્રી જયમલ્લભાઈ પરમાર અને રતુદાનજી રોહડિયાએ જે કામ કર્યું તેને બેજોડ ગણાવી શકાય, જેમને હિસાબે ચારણી સાહિત્ય હર્યુંભર્યું લીલુંછમ રહ્યું છે.

ચારણો અને ચારણી સાહિત્ય માટે બે-ચાર સૂચનો કરી મારા વકતવ્યને વિરામ આપવો છે.

ચારણ કવિઓના ચરિત્રો લખાવા જોઈએ. ચારણ માતાજીઓનો પરિચય આપતી પુસ્તિકા તૈયાર કરાવવી જોઈએ. ચારણી સાહિત્યના શબ્દો સમજાવતો શબ્દકોશ તૈયાર કરાવવાની જરૂર છે. ચારણી સાહિત્યના ઈતિહાસનું પુનર્લેખન કરવું જોઈએ. ડીંગળ પિંગળ વાંચી શકે એવી એક ખતમ થઈ ગયેલી પેઢીને ફરી વખત તૈયાર કરવાની જવાબદારી આપણા શિરે છે.

છેલ્લે એક દાખલો આપી મારા વકતવ્યને પૂરું કરવું છે શીઘ્ર કવિ કેવા હોય છે એ સમજવા માટે એમ કહેવું છે કે પાલરવભા કેવા શીઘ્ર કવિ હતા. પાલરવભા ભીમોરા દરબાર સાહેબને ત્યાં હતા અને ભીમોરા દરબારગઢમાં રસોઈ કરનાર કોળીબાઈ કેસરબાઈ હતી, તેણે એક દિવસ કહ્યું કે, કવિરાજ મારો દીકરો કાળિયો છે એના એકાદ બે દુહા કહો. પાલવરભાએ કહ્યું,

**હલાવો પણ હલે નહીં બોલાવ્યો કે બોલે નહિ,**
**ઊભો જાણે પાળિયો, કેસરબાઈનો કાળિયો.**

બળવંત જાની અને અંબાદાન રોહડિયાનું સારું થજો કે જેમણે પાલરવભાના લોકજીભે જળવાયેલા દુહા અને સાહિત્યને એકઠું કરી ગ્રંથસ્થ કર્યું. આ મહામૂલા પ્રસંગે મને અહીં બોલવાની તક આપવા બદલ કંચનમા, ગિરિશઆપા અને સમગ્ર ચારણ સમાજનો હું આભારી છું.

**(મઢડા ખાતે તા.૧૧/૧/૨૦૨૪ના અપાયેલું વકતવ્ય)**

(૯૮૭૯૪ ૨૧૦૨૫)

•••

# કાંટો કેળને ખાય

• ડો.નિરંજન રાજયગુરુ

ગુજરાતી ભજનવાણીના મહાસાગરમાં ડૂબકી મારીએ ત્યારે ખ્યાલ આવે છે કે અનેક સંતકવિઓએ પોતાની પૂર્વે થયેલા સંતોની વાણીમાંથી શબ્દાવલિ, દ્રષ્ટાંતો, પરિભાષા અને રાગ–તાલ–ઢાળ પોતાના સર્જનમાં અપનાવ્યા છે. ક્યારેક તો એક જ ટેકપંક્તિ લઈને વિવિધ સંતોએ જુદીજુદી ભજનરચનાઓ આપી છે, તો કેટલીક એકની એક ભજનપંક્તિઓ–કડીઓ આપણને અનેક સર્જકોની ભજનરચનાઓમાં સાંભળવા મળે. આવી એક કડી છે **'કેળે કાંટાનો સંગ કર્યો, કાંટો કેળને ખાય.'** દુષ્ટ–નગુણા–નુગરા–અજ્ઞાની –પાપી– અધૂરિયા માણસોને ઓળખાવવા માટે અનેક સંતોએ પોતાની ભજનવાણીમાં આ દ્રષ્ટાંતનો પ્રયોગ કર્યો છે. કેળનું વૃક્ષ અતિશય કોમળ હોય છે, એની બાજુમાં જો બાવળ, બોરડી કે અન્ય કાંટાળું વૃક્ષ હોય તો એ કેળના થડમાં ઘુસી જાય છે અને કાયમ કેળને નડીને નુકસાન કરે છે, આમ સંત,ભકત, ધર્મિષ્ઠ, સેવાભાવી માણસને પણ એવા અધર્મી કાયમ પીડા આપ્યા જ કરે છે. એનો આનંદ માત્ર બીજાને હેરાન કરવામાં જ હોય છે, પરંતુ ભકતજનો એને પણ પ્રેમથી સહન કર્યા કરતા હોય છે. આ દ્રષ્ટાંતનો પ્રયોગ થયો હોય એવી કેટલીક ભજનરચનાઓ અહી સંકલિત કરી છે.

**એવી ડુંગર માથે રે એક ડુંગરી જી,**
**એ જી ! તા પર દીસે એક ડેરી રે,**
**કાયાનો કારીગર ન્યાં વસે જી,**
**એ જી ! સંતોએ લીધો એને ઘેરી રે,**
**અમે તો પરદેશી પરોણલા,**
**એ જી ! વીરા મારા વેલેરો વળજે રે,**
**– કોઈ દેશી રે મળે તો વાતું કીજીયે...**

**એ જી કેળે રે કાંટાનો સંગ કર્યો,**
**કાંટો કેળને ખાય રે,**
**એવા નગણા(નુગરા) માણસને પરમોદતાં,**
**પત તો પોતાની જાય રે,**
**અમે તો પરદેશી પરોણલા,**
**એ જી ! વીરા મારા વેલરો વળજે રે,**
**– કોઈ દેશી રે મળે તો વાતું કીજીયે...**

**એવા દેશી રે મળી જાય આપણા દેશના,**
**ભેળા બેસી ભોજન કરીએ,**
**ભૂતનાથ ચરણે અખૈયો ભણે,**
**મેરૂ શિખર જેના મેળા રે,**
**અમે તો પરદેશી પરોણલા,**
**એ જી ! વીરા મારા વેલરો વળજે રે,**
**– કોઈ દેશી રે મળે તો વાતું કીજીયે...**

ooo

**જો મન નિરમળ હોય રે, જો મન શીતળ હોય રે**
**– જગમાં જીવણ! વેરી કોઈ નથી..**
**આ રે જગતમાં એડા એડા માનવી,**
**એને કેમ મત દેય રે,**
**સાચાં ને તો ખોટા કરે,**
**એથી જીભ્યા ઝાલી રેય રે,**
**કેળે કાંટાનો સંગ કર્યો,**
**કાંટો કેળને ખાય રે,**
**નગણાં માણસને પરમોદતાં પત પોતાની જાય રે**
**– જગમાં જીવણ! વેરી કોઈ નથી..**

ડુંગર માથે એક ડેરી રે,
ઈ ડેરીમાં ય એક ડેરી રે,
ઈ ડેરીમાં વડો દેવ બિરાજતો,
એને સંતોએ લીધો ઘેરી રે.
સાસ–ઉસાસ તારા ઘટમાં વસે,
શૂનના ઘરમાં જાય રે,
દાસી જીવણ ભજે ભીમને
ચોરાશીનો ફેરી મટી જાય રે...
– જગમાં જીવણ! વેરી કોઈ નથી..

ooo

હે જી રે વીરા ! પાત્ર પારખ્યા વિના,
સંગડો ના કરીએ રે જી,
ઓલ્યા અજ્ઞાની ઉપાધી કરાવશે રે હાં..
હે જી રે વીરા ! કેળે કાંટાનો સંગ તો કર્યો,
ઓલ્યો કાંટો કેળને ખાય રે હાં;
હે જી રે વીરા ! નગણા માણસને પરમોદતાં,
પત તો પોતાની જાય રે હાં..
– હે જી રે વીરા ! પાતર પરખ્યા વિના સંગતું ના કરીએ..

હે જી રે વીરા ! હિમનો
ઠરેલો એક હતો રે ઉંદરડો,
એને હંસલા યે પાંખુંમાં લીધો રે હાં,
હે જી રે વીરા ! સસીયર થિયો તયેં પાંખુંને કાપી,
ઈ તો પાંખું પાડીને થિયો અળગો રે હાં..
હે જી રે વીરા ! સજીવન
મંત્ર એક વિપ્રને આવડયો,
એણે મુવેલા વાઘને જીવાડયો રે હાં;
હે જી રે વીરા ! ઈ વાઘે ઓલ્યા વિપ્રને માર્યો,
પડકારીને પેલે થાપે રે હાં...
– હે જી રે વીરા ! પાતર પરખ્યા વિના સંગતું ના કરીએ..

હે જી રે વીરા ! દૂધ સાકર લઈને વસિયર સેવ્યો,
તન મનથી વિખ નવ છાંડયો રે હાં;
હે જી રે વીરા ! અજ્ઞાની નરને જ્ઞાન નવ આવે રે,
ભલે વાંચીને વેદ સંભળાવે રે હાં..
હે જી રે વીરા ! ભવના ભૂલ્યા નર હીંડે ભટકતા રે,
એના લેખ લખ્યા છે અવળા રે હાં;
હે જી રે વીરા ! દેવલ
ચરણે પંડિત દેવાયત બોલ્યા,
ઈ તો સમજયા તે નર સવાયા રે હાં..
– હે જી રે વીરા ! પાતર પરખ્યા વિના સંગતું ના કરીએ..

(૯૮૨૪૩ ૭૧૯૦૪)

•••


–– ઈન્દુબેન ધીરૂભાઈ ગઢવી મેમોરિયલ ટ્રસ્ટ,રાજકોટની પ્રવૃત્તિઓ ––

- મેડિકલ કેમ્પનું સર્વજ્ઞાતીય વિનામૂલ્યે આયોજન સૌરાષ્ટ્ર–કચ્છમાં અંતરિયાળ ગામડાઓમાં કરવામાં આવે છે તેમજ બ્લડ ડોનેશન કેમ્પ, મેડિકલ સહાય.
- સૌરાષ્ટ્રના ઉચ્ચ અભ્યાસ કરતા સ્કોલર વિદ્યાર્થીઓ તથા અતિ જરૂરિયાતમંદ અને હેન્ડીકેપ વિદ્યાર્થીઓને સ્કોલરશિપનું વિતરણ.
- જરૂરિયાતમંદ, વિધવા બહેનોના પરિવારોને વિનામૂલ્યે દર વર્ષે અનાજકિટનું તથા દિવાળી/ સાતમ -આઠમના તહેવારોમાં તેમના બાળકોને મીઠાઈ વિતરણમાં સહયોગ.
- અન્ય ટ્રસ્ટને શૈક્ષણિક તેમજ સામાજિક પ્રવૃત્તિમાં સહયોગ તેમજ આર્થિક સહાય.
- કારકિર્દી ઘડતરના ટ્રેનીંગ કલાસમાં યુવાનોને સહયોગી બનવું.

# સોનલ શતાબ્દી પછી શું...?

• ઈસુભાઈ ગઢવી

સં.૨૦૮૦ની પોષ સુદ બીજના રોજ મા સોનલના પ્રાગટય દિને પૂરા થતા સો વર્ષની ઉજવણી મઢડાની તીર્થ ભૂમિમાં સમગ્ર ચારણ સમાજ અને ચારણેત્તર મા-ભકતો દ્વારા ભવ્ય રીતે સંપન્ન થઈ. આ મહોત્સવમાં ભારત ઉપરાંત પરદેશમાંથી મા સોનલના સેંકડો, હજારો ભાવિકોએ ઉપસ્થિત રહી પોતાનો ભકિત અર્ધ્ય અર્પણ કર્યો. સં.૨૦૧૦માં મા સોનલે મઢડામાં અખિલ ભારતીય ચારણ સંમેલન યોજીને સિત્તેર વર્ષ પહેલાં હજારો ચારણોને તેડાવ્યા હતા. ત્યારે મઢડામાં ભેળા થયેલ ચારણોના સાડા ત્રણ પહાડાની વિશાળ જન મેદનીને નજરે જોનારા કવિ કાગની કલમે કવિતા વહી હતી કે,

**મઢડા ટીમ્બે નોતર્યા માડી ચારણો શાખ પ્રશાખ,**
**રજ ઉડીને આભ ઢંકાણો એની સૂરજ પૂરે શાખ,**
**સોનલમા આભકપાળી, પોતાવટ પાળવા વાળી**

આ અવસરના સહભાગી પિંગળશીભાઈ પાયક દ્વારા પણ પ્રાસંગિક દુહો સર્જાણો,

**વામનથી વિરાટનું કદી ન માપ કઢાય,**
**વાણીથી ન વર્ણવાય સંમેલન તારું સોનબાઈ.**

સિત્તેર વર્ષ પછી મઢડાના પાદરમાં આ કવિઓનું દ્રશ્ય ફરીવાર સાકાર થયું. શતાબ્દી ઉત્સવમાં પધારેલ લોકોથી મઢડાની ભૂમિ ચારણોના પગલાંને પોતાની છાતીમાં પધરાવવા સાંકડી લાગવા માંડી.

ત્રિ-દિવસીય શતાબ્દી ઓચ્છવમાં મા સોનલના અવતાર કાર્ય અને સમસ્ત સમષ્ટિ માટે મા સોનલે આચરેલ યુગધર્મનો મહિમા સૌએ મન ભરીને ઉજાગર કર્યો. ચારણો તો મા સોનલનું ગૌરવ ગાન હરખભેર કરે એ સ્વાભાવિક હતું પણ ચારણ કુળની તથા ચારણી પરંપરાની ધરોહર એવા પ્રતાપી ચારણી પૂર્વજોની સાથે મા સોનલના મા તત્ત્વની પેટ ભરીને પ્રશસ્તિ ભારતના વડાપ્રધાનશ્રી, ગુજરાતના રાજયપાલ, કેન્દ્ર અને રાજયના મત્રીશ્રીઓ તથા ચારણેત્તર એવી સામાજિક, ધાર્મિક સંસ્થાઓના પદાધિકારીઓ અને વિદ્વાનો કરે ત્યારે સૌએ સ્વીકારવું પડયું કે મા સોનલનું અવતાર કાર્ય માત્ર ચારણ સમાજ માટે ન હતું, વ્યાપક હતું.

ચારે દિશાઓમાંથી થયેલ મા સોનલનું મહિમા ગાન ચારણ સમાજને ગૌરવાન્વિત બનાવી ગયું. ચારણ સમાજે ધન્યતા અનુભવી કે મા સોનલ જેવું વિરાટ વ્યકિતત્વ ચારણ કુળમાં પ્રગટ થયું. સમસ્ત ચારણોએ ગર્વ અનુભવ્યો કે અમે ચારણો મા સોનલનાં સંતાનો છીએ. મા સોનલે જે ચારણ કુળમાં અવતાર ધર્યો એ ચારણ કુળ આ પૃથ્વી પરનું પવિત્ર કુળ છે. ચારણો પાસે પોતાના આ સદ્ભાગ્યને સમજાવવાના જાણે શબ્દો ન હતા. સૃષ્ટિના સર્વશ્રેષ્ઠ કુળની પ્રાપ્તિને પામીને સમગ્ર ચારણ સમાજ મા સોનલના શતાબ્દી ઓચ્છ માં ઓળઘોળ થઈ ગયો.

મા સોનલના ત્રિ-દિવસીય મહોત્સવમાં ચારણી ઈતિહાસ, ચારણી સંસ્કાર, ચારણી સંસ્કૃતિ, ચારણી કવિતા, ચારણી સંતો-ભકતો, પ્રતાપી પૂર્વજો અને ચારણી આઈ પરંપરાની તથા ચારણત્ત્વની વાતોનો એટલો અનરાધાર વરસાદ

થયો કે એને ઝીલવા આપણા ચારણી ખોબા નાના પડી ગયા. આપણે આપણી જાતને સદ્‌ભાગી સર્વોપરી, સર્વશ્રેષ્ઠ અને સર્વ સંપન્ન માનવા લાગ્યા. છપ્પનિયા દુકાળમાં જે કોઈને ધન અને ધાન્યનો ભંડાર અચાનક મળી જાય એવા સુખિયા આપણે થઈ ગયા. કયારેય ખૂટશે નહીં એટલે અધધ મળી ગયાનો આત્મસંતોષ આપણને થઈ ગયો.

એક પ્રાસંગિક ઘટના છે. કામધંધા વગરનો પણ તને-મને મજબૂત એક વ્યકિત કોઈ વેપારી પાસે કામ માગવા જાય છે. એ વેપારી આ વ્યકિતને એક નવી નકોર કુહાડી આપે છે અને કહે છે, 'આ કુહાડીથી તારે બાજુના જંગલમાંથી ઝાડ કાપી લાવવાનાં. એક ઝાડ દીઠ તને પચાસ રૂપિયા મળશે. સવારથી સાંજ સુધી જેટલાં ઝાડ કાપીશ તેના પચાસ રૂપિયા પ્રમાણે તને મહેનતાણું મળશે.'

એ વ્યકિત રાજી થઈ ગયો. બીજા દિવસે વહેલી સવારે બપોરનું ભાથું લઈને એ જંગલમાં પહોંચી ગયો. એણે ઝાડ કાપવાનું શરૂ કરી દીધું. એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ એમ ઝાડ કપાવા લાગ્યાં. એ ગણતરી કરવા લાગ્યો કે પચાસ, સો, દોઢસો, બસો, ત્રણસો. ઓહો કેટલા બધા રૂપિયા મળશે. બપોરનું ટાણું થયું. ભૂખ બહુ લાગી હતી. ભાથું પણ સાથે હતું. વિચાર કર્યો કે ખાઈ લઉં. પણ વળી વિચાર આવ્યો કે ખાવા બેસીશ તો સમય બગડશે. એટલા ઝાડ ઓછાં કપાશે. એણે ખાવાનું માંડી વાળ્યું અને પાછો ઝાડ કાપવા માંડયો. સાંજ સુધીમાં દસ ઝાડ કાપી નાખ્યાં રૂપિયા પાંચસોની કમાણી કરી લીધી. રાજીનો રેડ થઈ ગયો. બીજા દિવસે પણ એ જ ક્રમ. પાંચ દિવસમાં તો ઘણાં ઝાડ કાપ્યાં.અધધ કમાણી થઈ. પોતાની જાતને પૈસાદાર, સુખી અને ભાગ્યશાળી માનવા લાગ્યો. છઠ્ઠા દિવસે જંગલમાં ગયો. સવારથી સાંજ સુધી ખૂબ મજૂરી કરી પણ માંડ આઠ ઝાડ કાપી શકયો. પછીના દિવસોમાં પણ એ જંગલમાં જતો. પૂરી મહેનતથી ઝાડ કાપતો. પણ ઝાડ ઓછાં કપાવા માંડયા. દસમા દિવસે માંડ એકજ ઝાડ કપાણું. એ નિરાશ થઈ ગયો. એણે વેપારીને આમ થવાનું કારણ પૂછયું. વેપારી સમજદાર હતો. એણે પેલા વ્યકિત પાસે એની કુહાડી મગાવી, જોઈ અને એ કુહાડી પેલા વ્યકિતને બતાવીને કીધું, 'ભલા માણસ, જે કુહાડીએ તને આટલાં ઝાડ કપાવ્યાં અને જેના થકી તું આટલો રૂપિયાવાળો અને સુખી થયો અને તારી જાતને ભાગ્યશાળી માનવા માંડયો એ કુહાડીની સામે તેં એક દિવસ પણ જોયું ખરું ? તારી કુહાડી જ બુઠ્ઠી થઈ ગઈ છે. પછી ઝાડ કયાંથી કપાય ? આપણે જે સાધનથી સુખી થયા હોઈએ અને જેના વડે આપણે આપણી જાતને ભાગ્યશાળી માનતા હોઈએ એની સુધ બુધ પણ આપણે રાખવી જોઈએ. આ કુહાડી સામે તારે એક બે દિવસે જોવું જોઈએ. એની ધાર તપાસવી જોઈએ. એની ધાર કાઢતાં રહેવું જોઈએ. નહીં તો ગમે તેવું જોરાવર સાધન પણ કયારેક તકલાદી થઈ જાય. મળેલ માધ્યમ કે સાધનનો માત્ર ઉપયોગ જ ન કરાય પણ એનું સતત સ્મરણ રાખીને એની સાર સંભાળ પણ રાખવી પડે.' પેલો વ્યકિત સાનમાં સમજી ગયો. કુહાડી એના માટે સાધન નહીં પણ રોજે રોજનું અનુસંધાન બની ગઈ. બે કે ચાર દિવસ માટે નહીં પણ કાયમનો સુખિયો બની ગયો.

મા સોનલની શતાબ્દી પછી આપણે પણ આપણા ચારણપણાની ધાર જોતા રહેવી પડશે. એને સતત સજાવ્યા કરવી પડશે. આપણી ધાર કયારેય બુઠ્ઠી ન થઈ જાય એનું અવિરત ધ્યાન રાખવું પડશે. મા સોનલે આપણને ચારણપણાની જે ધરોહર સોંપી છે એને કાયમ અક્ષત રાખવી પડશે. આનાથી મોટું સોનલ શતાબ્દીનું અનુસંધાન અને અનુસરણ બીજું કોઈ ન હોઈ શકે.

(૯૮૨૫૯ ૬૧૨૭૦)

•••

## 'ચારણ સંસ્કૃતિ'ના અંક નં.૫૩માં ઈસુભાઈનો લેખ

**'આદેશ મા સોનલનો... ઝોકની લાજ રાખીએ' પ્રકાશિત થયો છે. મઢડાના ત્રણ દિવસના સમારંભના અંતિમ દિવસે, તા.૧૩/૧/૨૦૨૪ના રોજ, કેન્દ્રીય પશુપાલન, ડેરી અને મત્સ્યોદ્યોગ વિભાગના મંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. તેમણે પોતાના વકતવ્યમાં 'ચારણ સંસ્કૃતિ' સામયિક અને ઈસુભાઈના ઉપરોકત લેખનો ઉલ્લેખ કરી, પ્રસ્તુત લેખમાં ગાયનું જે ઉદાહરણ આપવામાં આવેલું તે ટાંકયું હતું. આ જ અંકમાં પ્રસિદ્ધ થયેલી જીલુભા ગઢવીની કવિતા 'કહી દ્યો કલિકાળને' માંથી પણ ચાર પંકિતઓ રૂપાલાજીએ ઉદ્ધૃત કરી હતી.**

**'ચારણ સંસ્કૃતિ' પરિવાર આ બદલ આનંદ અનુભવે છે.**

**– સંપાદક**

### –– આઈશ્રી સોનલમા ટ્રસ્ટ, રાજકોટની પ્રવૃત્તિઓ ––

- વાડી, લાઈબ્રેરી, ચારણ મેગેઝિન(ત્રિમાસિક) તથા સોનલમા ટ્રસ્ટની વેબસાઈટ, ચારણ સંસ્કૃતિ મેગેઝિન વોટ્સએપ ગ્રુપનુ સંચાલન
- મેડિકલ કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન તેમજ મેડિકલ સહાય, વૃક્ષારોપણ,હોશિયાર/ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કોલરશિપ
- નોકરી માટે વ્યાવસાયિક કારકિર્દી માર્ગદર્શન તેમજ ઉચ્ચ અભ્યાસ માટે સેમિનાર તથા સરસ્વતી સન્માન
- જરૂરિયાતમંદ, વિધવા બહેનોના પરિવારોને વિનામૂલ્યે દર વર્ષે અનાજકિટનું તથા દિવાળી/ સાતમ–આઠમના તહેવારોમાં તેમના બાળકોને મીઠાઈનું વિતરણ
- આઈશ્રી સોનલમા એજયુકેશનલ એવોર્ડ
- સમાજ તેમજ રાષ્ટ્રને ઉપયોગી થઈ શકે તે માટે યુવાનોનું ઘડતર, સંગઠન, માર્ગદર્શન
- હરિરસના પાઠનું સામૂહિક પઠન
- પુસ્તકોનું પ્રકાશન / ડિસે.૨૦૨૩ રાજકોટ સમાજની ડિરેકટરની બીજી આવૃતિ પ્રકાશિત કરી
- રાષ્ટ્ર/રાજય કક્ષાના એવોર્ડ વિજેતાઓનું સન્માન
- અન્ય ટ્રસ્ટને શૈક્ષણિક તેમજ સામાજિક પ્રવૃત્તિમાં સહયોગ, આર્થિક સહાય
- કારકિર્દી ઘડતરના ટ્રેનીંગ કલાસમાં યુવાનોને સહયોગી બનવું

# ચારણની ખોળાધરી

• જયમલ્લ પરમાર

ઈતિકર્તવ્ય પૂરું થયું લાગે અગર જીવન અળખામણું બને એ હદે ખેંચાય ત્યાં શૂરાઓ મોત સામે ચાલીને માગે છે. જીવનભરના સદ્‌ધર્મના પાલનનો સંતોષ થતાં સાધુ-સંતો સમાધી લેતા આવ્યા છે.

'ઈસરા પરમેસરા' તરીકે ખ્યાતનામ બનેલા જામનગરના મહાકવિને બધી વાતનું સુખ હતું. એમની નિષ્કલંક પ્રભુભકિતના તો પરચા અપાતા. દીર્ઘકાલ સુધીનાં એવાં ઊજળા જીવન બાદ પોતાનું કર્તવ્ય પૂરું થયું લાગતાં તેમણે સાગર સમાધિ લીધેલી ફક્કડ માનવીઓમાં જ નહિ, ઘરસંસારીઓમાં પણ એવી ભકિત રહેતી અને જીવન્મુકિતની શકિત પણ રહેતી.

ચારણે જીભે જોરૂકા મનાય છે પણ એ માન્યતા સર્વાંશે ખોટી છે. ચારણનું વચન અને ચારણની ખોળાધરી મળે એ તો પ્રભુનો ખોળો મળ્યા બરાબર કહેવાય. રાજય રાજયના સબંધો, રાજય - રાજય વચ્ચેનાં સમાધાન ચારણની ખોળાધરીથી જ ટકતાં, કારણ કે ખોળાધરીનો ભંગ થતાં ચારણો આત્મબલિદાન આપતા. એકલા પોતે જ નહિ પણ સપરિવાર. પાપભીરૂ રાજકુળો ચારણોનાં એવાં આત્મબલિદાનો અને નિર્દોષોનાં રકતછાંટથાથી સદાય ડરતાં. ત્યાગ અને બલિદાનો ઉપર એવી ઉચ્ચ પ્રણાલિકાઓ પડતી. ચારણ જેમ રાજપૂતીનો-ક્ષાત્રવટનો રખેવાળ હતો, તેમ સદાચારનો પણ રખેવાળ હતો.

ચારણી કાવ્યોમાં નબળી વાત નથી સંઘરાઈ. નબળાઈ પ્રત્યે તો કયારેક વક્ર બનીને મર્મનાં હૃદયભેદક વેણોથી એણે શૌર્યને, શીલને અને સ્વમાનને સદા જાગતાં રાખ્યાં છે. સાધુ-સંતો ને ભકતોએ જેમ જનસામાન્યને નવધા ભકિતના સંસ્કાર આપ્યા, તેમ ચારણોએ જનસામાન્યને શુદ્ધ પ્રેમના, નિષ્કલંક શૌર્યના, શુદ્ધ આચારના, આત્મગૌરવના, પ્રજાપ્રેમના અને ત્યાગ તથા બલિદાનના સંસ્કાર આપ્યા છે. કચ્છના રાવ દેશળજીનાં કુંવરી સમજુબાને ઉદેપુરના મહારાણા કલ્યાણમલ સાથે પરણાવેલાં. મહારાણા કલ્યાણમલ એક સુથાર રાણીમાં મોહાંધ બની ગયેલા. એને સીધે માર્ગે લાવવા કચ્છના રાજકવિ હમીરજી રત્નુએ જોગીનો વેશ ધારણ કરી મહારાણા કલ્યાણમલના મહેલ સામે મધરાતે જંતર બજાવ્યું ને એના ઉપર મહારાણા કલ્યાણમલને મોહમાંથી જગાડવા દુહા કહ્યા. મહારાણાનો પછી હૃદયપલટો થયો. બ્રાહ્મણ વિદ્વાન બિહારીદાસજીએ પણ જયપુર નરેશને દુહાના માધ્યમથી જાગૃત કરેલા.

ચારણો પહાડમાંથી આવ્યા, પણ કોના વંશજ? મોસાળ પાતાળે શેષનાગ અને માતા - પિતા પાર્વતી તથા મહાદેવ. જીવનકાર્ય સરસ્વતીની ઉપાસનાનું પહાડોમાંથી ચારણો મેદાનમાં આવ્યા. એક વર્ગ રાજદરબારે પ્રતિષ્ઠા પામ્યો. બીજો વર્ગ માલધારી રહ્યો. ત્રીજો વર્ગ બળદ-ઘોડાંના વ્યાપારે વળગ્યો અને ચોથો વર્ગ લોકો વચ્ચે જઈને વસ્યો. ચારણ દ્રવ્યથી લલચાય નહીં. આઈ સોનબાઈ જામનગર ગયેલાં. જામસાહેબે રૂપિયાનો થાળ ધર્યો. તે એક બાજુ મુકીને આઈમા ઊભાં થઈ ગયાં. કહે કે ચારણ પૈસાથી ખરીદાય નહીં. રાજાઓએ પૈસા આપીને ચારણને બગાડયા છે. ચારણોનો ઉદ્ધાર ચારણ વતી જ થાય.

મુંબઈ રાજયની વિધાનસભામાં ગુજરાતના આદરણીય લોકસેવક અને આગેવાન ધારાસભ્ય સ્વ.કલ્યાણજીકાકા(કલ્યાણજીભાઈ મહેતા)થી ચારણો અંગે થોડું ઘસાતું બોલાઈ ગયેલું ત્યારે એ જ વખતે ચારણોના ઉચ્ચ બિરદ અને ઉત્તમ લક્ષણો વર્ણવીને ચારણોની મહત્તા, વિધાનસભામાં રતુભાઈ અદાણીએ પુરવાર કરી બતાવેલી.

('ધરતીની અમીરાત'માંથી)

• • •

## ચારણને ચકમક તણી

• રામભાઈ જામંગ (તંત્રી) – (૯૮૨૪૨ ૮૮૮૫૨)

આઈશ્રી સોનલમા એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા ચારણ સંસ્કૃતિ મેગેઝિનનું લાંબા સમયથી નિયમિત, સંયમિત, સમતોલભાવથી, સંસ્કાર અને સંસ્કૃતિ સાચવવાના પ્રયાસ સાથે પ્રકાશિત થઈ રહ્યું છે. સોનબાઈમાનું ટ્રસ્ટ જો આ 'મા' વિશે કોઈ મૂર્ખ માણસ, કોઈપણ કારણ વગર ઘસાતું, લાગણી દુભાવતું અને અવિચારી અને તે પણ જાહેર મંચ પરથી બોલે તો એ સહન કેમ થાય? તો પણ અમારી મર્યાદા ધ્યાને રાખીને દુ:ખ અને દર્દ સાથે વખોડવી તો પડે જ....એટલે બે શબ્દો લખવા જ રહ્યા.

આપણી 'મા' વિષે કોઈ(આઈ સોનબાઈ મઢડા) ઘસાતું બોલે તો ચૂપ કેમ રહેવું ? રહેવાય? અમારી દીકરીઓ વિષે અમારી જાત વિષે, કોઈ બોલે તો ઝાલ્યા કેમ રહેવું ? આપણાં સમાજનાં યુવાનો, આગેવાનો, કલાકારો, સંસ્થા, મંડળોએ પોતાનો આક્રોશ વ્યકત કર્યો છે.

પાંચ-પચ્ચીસ માલ-ઢોર હોય તોય મોજથી અને પાંચ-પચ્ચીસ વિઘા જમીન હોય તોય ખુમારીથી ખોંખારો ખાઈને કલમ અને કટાર સાથે પ્રકૃતિના પ્રાંગણમાં સૌની સાથે પ્રેમથી, કોઈના માથે પડયા વગર છતાં મોજથી મરજીવા થઈને જીવીએ છીએ. છતાં અમને છંછેડવાનો કોઈ ચાળો ન કરશો. કારણ કે,

**ચારણને ચકમક તણી, ઓછી ન ગણીએ આગ;ટાઢી તોપે તાગ, લાગે ઘણી લાખણશી.**

તડકે મુકો આ તરકટને, આક્રોશની આંધી અગ્નિનું સ્વરૂપ ધારણ ન કરે તે જોવાની જવાબદારી બન્ને સમાજ અને સમજુ સહનશીલ અને સંવેદનશીલ આગેવાનોની છે. આપણને આપણી 'મા'થી વહાલુ કોઈ ન હોઈ શકે. એમાંય અમે તો 'મા' માટે વિશેષ પક્ષપાતિ છીએ. એટલે 'કાગબાપુ' એ પણ કહ્યું છે ને, ચારણો પક્ષપાતી બની, શરણ જનની તણું લીધુ.

**ભાન બે ભાનમાં માત તૂજને રટ્યા, વિસારી બાપનું નામ દીધુ,**
**ચારણો જન્મથી પક્ષપાતી બની,શરણ જનની તણું એક લીધું.**

સૌરાષ્ટ્ર પ્રદેશ એ તો ગુજરાતમાં જ નહિ પરંતુ ભારત અને વિશ્વમાં વિવિધ જ્ઞાતિઓના વિશાળ સમૂહો સાથે સંપથી, પ્રેમથી અને સહયોગ, સમર્પણ અને સુખ-દુ:ખના સાથીદાર બની હળી- મળીને રહેતો, બે-નમુન અને અદ્દભૂત ઈતિહાસ ધરાવતો, તેની આગવી ઓળખ ધરાવતા હજારો જ્ઞાતિઓનો સમૂહ અડીખમ ઉભો છે. તેમાં કોઈ જાણતા-અજાણતા અટકચાળા કરે નહિ તે જોવાની સૌ સૌરાષ્ટ્ર વાસીઓની ફરજ છે. આવી જવાબદારી સમાજના આગેવાનોએ સંભાળી/નિભાવી છે. તેની નોંધ પણ સખેદ લેવી જ રહી. અખબારોએ તેની બોલતી તસ્વીરો બોલતી કરી છે જે ઈતિહાસ માટે આશાવાદ વાળી છે. જેમાં ચારણ સમાજનો આહિર સમાજના ગીગા ભંમર સામેનો આક્રોશ અને આહિર સમાજના રાજકોટના સમજુ અને શાણા આગેવાનો દ્વારા પોતાના સમાજની વ્યકિતની વાત સાથે અસંમતિ દર્શાવીને ચારણ સમાજને સહયોગી બન્યા છે. ઉપરાંત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છના આહિર સમાજના આગેવાનો, સંસ્થાઓ, સાહિત્યકારો અને યુવાનોએ પણ ચારણ સમાજને સહિયારો આપીને ઉમદા ફરજ બજાવી છે.

---

**બાણ, બંદૂક, અગ્નિ, છરી અને તલવાર કરતાં પણ કઠણ વચન ખરાબ છે, માટે ડાહ્યા માણસે વાણીને બહુ જ વશમાં રાખવી. – કવિ કાગ**

# રાજસ્થાનની એક જ કુટુંબની વીર ત્રિપુટી

• પુષ્પદાન શં. ગઢવી

**(ગતાંકથી ચાલુ)**

**ઠા.કેસરીસિંહજી બારહઠ ઉપર રાજદ્રોહનો આરોપ**

બંગાલમાં રાસબિહારી બોઝ, શચીન્દ્રનાથ સન્યાલ, અરવિન્દ ઘોષ તથા અન્ય ક્રાંતિકારીઓએ હિન્દુસ્તાનને આઝાદ કરાવવા માટે ક્રાન્તિનો માર્ગ અપનાવી, સીધી કાર્યવાહી કરવાનો માર્ગ અપનાવ્યો અને રાસબિહારી બોઝના વડપણ હેઠળ અને તેમના નિર્દેશનમાં અન્ય ક્રાંતિકારીઓ જેવા કે માસ્ટર અમીચન્દ, અવધ બિહારી, બાલમુકુંદ, વસંતકુમાર વિશ્વાસ જેવા ક્રાંતિકારીઓ આ આંદોલનમાં સક્રિય રીતે જોડાઈ ગયા. શ્રી કેસરીસિંહજીનો આ ક્રાંતિકારીઓ સાથે સીધો સંપર્ક રહ્યો હતો. તેઓએ તેમના પુત્ર શ્રી પ્રતાપ બારહઠ તથા ભાઈશ્રી જોરાવરસિંહજી બારહઠ અને જમાઈ શ્રી ઈશ્વરદાન આશિયાને માસ્ટર અમીચન્દ પાસે આ ક્રાંતિકારીઓના આંદોલનમાં સક્રિય ભાગ લેવાનાં હેતુથી મોકલી આપ્યા.

રાજપૂતાનામાં રાસબિહારી બોઝના આગ્રહ ઉપર કેસરીસિંહ બારહઠ, અર્જુનલાલ શેઠી તથા ગોપાલસિંહ ખરવા વગેરેએ આયોજનોને મૂર્તસ્વરૂપ આપવા, ક્રાંતિકારી આંદોલન માટે હથિયારો મેળવવા અને તે માટેના પ્રચાર-પ્રસારના સાહિત્યના પ્રકાશન માટે ધન એકત્ર કરવા માટેની જવાબદારી પોતા પર સ્વીકારી.

તેઓએ જોધપુરના એક પ્યારે રામ સાધુ કે જેણે અનૈતિક રીતે ધનનો સંગ્રહ કર્યો હતો, તેનું ધન લૂંટી લેવા માટે કેસરીસિંહજીના આદેશથી તેના અનુયાયીઓએ તા.૨૦/૪/૧૯૧૨ના રોજ કોશિશ કરી, પરંતુ આ લોકોને સાધુ પ્યારેરામની તિજોરીની ચાવીઓ મળી નહિ, કારણકે તે વખતે પ્યારેરામ અમદાવાદ ગયા હતા. પરંતુ કોઈપણ ભોગે પ્યારેરામને સમજાવી લલચાવી-ધમકાવી તેને પકડીને કોટા લઈ જવામાં આવે છે. ત્યાં પણ પ્યારેરામે સીધી રીતે ધન નહિ આપતા તેને મારી નાખી તેનું ખૂન કરવામાં આવ્યું. ત્યારબાદ અંગ્રેજોએ કેસરીસિંહજી બારહઠ તથા તેમના શિષ્ય શાંતભાનુ લહરી અને હીરાલાલને આરોપી બનાવી તેઓ વિરૂદ્ધ ઈ.પી.કોડની કલમ-૩૦૨ પ્રમાણેના કેસ માટે કોટામાં એક વિશેષ વધારાની કોર્ટ રચના કરી. જેમાં બધા આરોપીઓને તા.૬/૧૦/૧૯૧૪ના દોષી ઠરાવી આજીવન કારાવાસની સજા કરવામાં આવી.

આ આરોપીઓએ ઠરાવ વિરૂદ્ધ કોટાના મહારાજા સમક્ષ અપીલ કરતા તેઓએ તા.૧૧/૧૨/૧૯૧૪ના ઠરાવથી આરોપીઓની અપીલ નામંજૂર કરી નીચેની કોર્ટનો ચુકાદો કાયમ રાખ્યો હતો.

ત્યાર બાદ કોટાના મહારાજાએ અંગ્રેજ સરકાર સમક્ષ રજૂઆત કરી કે આ આરોપીઓને આંદામાનની જેલમાં બંધ કરી તેમને કાળા પાણીની સજા થવી જોઈએ. પરંતુ કેસરીસિંહજીને કાળા પાણીની સજા આપવાની માગણીને અસ્વીકાર કર્યો. પરંતુ તેમના બન્ને શિષ્યો હીરાલાલ તથા શાંતભાનુ લહરીને કાળા પાણીની સજા કરી તેઓને આંદામાનની જેલમાં મોકલાવી દેવામાં આવ્યા.

ઠા.શ્રી કેસરીસિંહજીને આજીવન કારાવાસની સજા ભોગવવા માટે પ્રથમ કોટાની

જેલમાં રાખવામાં આવ્યા હતા. બાદમાં તેમને હજારીબાગની જેલમાં મોકલી આપવામાં આવ્યા. જયાં તેમના પર અમાનુષી અત્યાચારો ગુજારવામાં આવ્યા હતા. પ્રથમ વિશ્વયુદ્ધની સમાપ્તિ પછી બ્રિટીશ સમ્રાટની ઘોષણા અનુસાર ઠા.કેસરીસિંહજીને સને ૧૯૧૯માં હજારીબાગની જેલમાંથી મુકત કરી દેવામાં આવ્યા.

ઠા.શ્રી કેસરીસિંહજીના 'જેલવાસ' સબંધે મહાત્મા ગાંધીજી દ્વારા જણાવવામાં આવેલ કે, શ્રી કેસરીસિંહજી મને મળવા આવશે તો મને ખુશી થશે. તેમના ઉત્કૃષ્ટ જેલજીવન વિષે મને સર તેજબહાદુર સપ્રુજીએ પણ જાણ કરી છે.

ઠા.શ્રી કેસરીસિંહજીએ જેલવાસ દરમ્યાન તેમના ઉપર ગુજારવામાં આવેલ અત્યાચારો હસતે મોઢે સહન કર્યા હતા તે સંબંધમાં અલ્વરના રાજા દુર્જનસિંહ જાલવીજીએ તેઓના સને ૧૯૨૩માં લખેલા એક પત્રમાં જણાવ્યું છે કે, 'આપની જેલ જીવનની તપસ્યા અરણ્ય સેવી ઋષિઓની તપસ્યા કરતાં પણ અધિક કઠિન હતી.'

ઠા.કેસરીસિંહજીની જેલમુકિત બાદ તેઓએ જમનાલાલ બજાજના આમંત્રણથી સહપરિવાર ગાંધીજીના વર્ધા આશ્રમની મુલાકાત લીધી હતી અને જયાં તેઓ રોકાયા હતા.

સને ૧૯૧૪-૧૯૧૯ પ્રથમ વિશ્વયુદ્ધ વખતે શાહપુરાનાં રાજા નાહરસિંહજીએ તે વખતના અંગ્રેજ શાસકોને ખુશ કરવાનાં હેતુથી સૌદા બારહઠ પરિવારનું જાગીરનું ગામ દેવખેડા અને ત્યાં આવેલી વિશાળ હવેલી અને તેની અંદર આવેલું રાચરચીલું, ઠામવાસણ તથા અન્ય તમામ સંપત્તિ જપ્ત કરી તેનું લીલામ કરાવી દીધું હતું.

વિશેષમાં ઠા.કેસરીસિંહજીના દુર્લભગ્રંથો તથા હસ્તપ્રતો વિગેરે રાખવાના તેમના 'કૃષ્ણભારતી પુસ્તક ભવન'ને જપ્ત કરી તેની અંદરના તમામ પુસ્તકોને નાહરસિંહજીએ તેમના મહેલમાં મગાવી લીધા હતા.

જેલમાંથી મુકત થયા બાદ ઠા.કેસરીસિંહજી સપરિવાર જમનાલાલ બજાજજીના નિમંત્રણથી વર્ધા ગયા. જયાં અન્ય ક્રાંતિકારીઓના સહયોગથી 'રાજપૂતાના મધ્ય ભારત સભા' નામની સંસ્થાની રચના કરી. જેનો હેતુ ભારતીય કોંગ્રેસ દ્વારા ચલાવવામાં આવી રહેલ અસહકાર આંદોલનમાં દેશી રાજયોની જનતાને આ આંદોલન અંગેની જાણકારી આપી તેમને જવાબદાર પ્રજાતંત્ર માટેની ચળવળમાં જોડવા અને આવી રાષ્ટ્રીય ચેતના જગાવવા માટે 'રાજસ્થાન - કેસરી' નામનાં સાપ્તાહિક વર્તમાનપત્રનું પ્રકાશન શરૂ કરવામાં આવ્યું. જેના સંચાલનની જવાબદારી ઠા.કેસરીસિંહજીએ સ્વીકારી.

સાહિત્ય ક્ષેત્રે પણ તેમણે યોગદાન આપ્યું હતું. મહાકવિ અશ્વઘોષની કાલજયી કૃતિ 'બુદ્ધચરિત' કે જેની સંસારની ઘણી ભાષાઓમાં અનુવાદ થયો છે. સને૧૯૩૫માં ઠા.કેસરીસિંહજીએ માત્ર બે મહિનાના ગાળામાં આ ગ્રંથના સોળ સર્ગોનો હિન્દીમાં અનુવાદ કર્યો હતો. મહામહોપાધ્યાય કવિ રાજા શ્યામલદાસ દધિવાડિયા (સને ૧૮૩૬-૧૮૯૪)કે જેઓએ 'વીર વિનોદ' નામનું પુસ્તક લખ્યું હતું અને તેઓ રાજસ્થાનની વિભૂતિ હતા. તેમના જીવન વિષે કોઈ લખાણ ઉપલબ્ધ ન હોવાથી ઠા.કેસરીસિંહજીએ તેમની જીવની લખી હતી.

ઠા.કેસરીસિંહજીએ તેમની અંતિમ અવસ્થામાં બે કઠોર તપસ્યાઓ કરી હતી. પ્રથમ તપસ્યા રાજસ્થાન અને મધ્ય ભારતની પૂર્વ સીમા પર આવેલ રામગઢ-પર્વતની ટેકરીઓ પર

તા.૫/૧૨/૧૯૩૪ના શરૂ કરી હતી. બીજી તપસ્યા જુલાઈ ૧૯૩૭માં ચંબલની ખીણમાં આવેલ મૌજી બાબાની ગુફામાં કરી હતી.

આવી રીતે તપસ્યા માટે જતા પહેલા શાસ્ત્રોના મતાનુસાર કુટુંબીઓની સંમતિ અને રજા મેળવવી પડે અને તે માટેની તેમનાં પુત્ર રણજિત પાસેથી સંમતિ અને આજ્ઞા મેળવવા માટે પત્ર લખ્યો હતો. જેમાં તેઓએ જણાવેલ કે મારે મારા કુટુંબને સુખચેન આપવું જોઈતુ હતું. તે હું આપી શકયો નથી, કારણ કે પરાધીન માતૃભૂમિના ઉદ્ધાર માટેના યજ્ઞ માટે મેં મારી જાતને હોમી દઈ, આપ લોકોને એટલે કે મારા કુટુંબીજનોને પણ આ યજ્ઞની જવાલાઓમાં મેં હોમી દઈ, આપ સૌને અસહ્ય અપાર યાતનાઓ ભોગવવા માટે મજબૂર કર્યા છે, તે હું જાણું છું. પરંતુ ઈશ્વર આપને સૌને આવી યાતનાઓ સહન કરવાનું ધૈર્ય બક્ષે, તે જ મારી અભિલાષા.

ઠા.કેસરીસિંહજી તેમનાં અંતિમ દિવસોમાં તપસ્વી અને સંન્યાસી જેવું જીવન જીવવા માટે કઠોર તપસ્યાઓના માર્ગ ગ્રહણ કરતી વખતે જણાવ્યું હતું, સંન્યાસી તરીકે જીવન વ્યતીત કરવાની મારી દઢ ઈચ્છા છે. તેમ છતાં હું એવું નથી ઈચ્છતો કે મારા શબને ભૂમિ-દાહ એટલે કે ભૂમિમાં દફનાવવામાં આવે પરંતુ મારા શબને જરૂરથી અગ્નિ સંસ્કાર આપવામાં આવે અને મારી અસ્થિઓને 'માણિક-ભવન' મારા ધર્મપત્ની માણિકકંવરની અસ્થિઓને જે સમાધિમાં સાચવવામાં આવેલ છે, તે અસ્થિઓ સાથે મારી અસ્થિઓને મેળવીને ત્યાં દબાવી દેવી.

સને ૧૯૪૧માં ટૂંકી બીમારી ભોગવી તા.૧૪/૯/૧૯૪૧નાં બપોરનાં ૧૨ વાગે 'હરિ ૐ તત્સત્'નું ઉચ્ચારણ કરી અંતિમ શ્વાસ લઈ, વિદાય લીધી.

**ઠા.શ્રી જોરાવરસિંહ બારહઠ**

ક્રાંતિવીર જોરાવરસિંહજીનો જન્મ ભાદરવા વદ-૧૦(બુધવાર) વિ.સં.૧૯૪૦ના થયો હતો. તેઓ તેમના પિતા ઠા.શ્રી કૃષ્ણસિંહજી સાથે જોધપુર રહેવા ગયા. તેમના લગ્ન કોટા રાજયનાં અતરાલિયાના ચારણ જાગીરદાર તખતસિંહજીની સુપુત્રી અનોપકુંવર સાથે થયા હતા.

ઠા.શ્રી જોરાવરસિંહજીએ સ્વતંત્રતા આંદોલનના આરાકાંડમાં ભાગ લીધો હતો અને તેઓએ, તેમના ભત્રીજા કુંવર પ્રતાપસિંહજી સાથે રહી દિલ્હી જઈ તા.૨૩/૧૨/૧૯૧૨ના રોજે તે વખતનાં વાઈસરોય લોર્ડ હાર્ડિંગની હાથી પર નીકળેલી સવારી પર બોમ્બ ફેંકયો હતો. જે બોમ્બ વાઈસરોય કે જેઓ હાથીના હોદ્દા પર બેઠા હતા તેના પાછળના ભાગે પડવાથી લોર્ડ હાર્ડિંગ બાલ બાલ બચી જવા પામ્યા હતા. પરંતુ તેમના હોદ્દાની પાછળનાં ભાગે સોનાનો છત્ર લઈને ઊભેલા તેમના જમાદાર મહાવીરસિંહ પર આ બોમ્બ પડતા તેમનું સ્થળ પર જ મૃત્યુ થયું હતું.

આ બોમ્બથી લોર્ડ હાર્ડિંગને પીઠ તથા ગરદન અને શરીરના જમણા ભાગ પર ગંભીર ચોટ લાગતા તે હોદ્દાની અંદરના ભાગે ઢળી પડયા હતા. આ બનાવ બાદ ઠા.શ્રી જોરાવરસિંહજી તેમના જીવનનાં અંત સુધી ફરાર રહ્યા હતા.

ક્રાંતિવીર ઠા.શ્રી જોરાવરસિંહ બારહઠ ઉપર બીજો એક એવો આરોપ લગાવવામાં આવ્યો હતો કે તા.૨૦/૩/૧૯૧૩ના તેઓએ તથા તેમના સાથીઓ મોતીચંદ, જયચંદ, વિશનદત્ત દ્વિવેદી બનારસવાળા અને માણિકચંદ બધાએ સાથે મળી નિમજ જીલ્લાના આરા બિહારના મહંત ભગવાનદાસ તથા તેમના નોકર બંસીધરની તેઓએ હત્યા કરી હતી. જે કેસમાં આરોપી

મોતીચંદને ફાંસીની સજા કરવામાં આવી હતી, જયારે આરોપી વિશનદત્તને લૂંટના આરોપ હેઠળ ૧૦ વર્ષની સજા કરવામાં આવી અને આરોપી ઠા.શ્રી જોરાવરસિંહજી ત્યાંથી ફરાર થઈ જતા તેમના વિરુદ્ધ ધરપકડનો વોરંટ ઈશ્યુ કરવામાં આવ્યો હતો. પરંતુ તેઓ ફરારી થઈ અને અજ્ઞાતવાસમાં સત્યાવીસ વર્ષ એટલે કે તેમના મૃત્યુ પર્યંત પોલીસની પકડમાં આવ્યા ન હતા. આ અજ્ઞાતવાસ દરમ્યાન તેઓ વધુ સમય મધ્યપ્રદેશના એકલગઢને મુખ્ય કેન્દ્ર બનાવી સીતામઉ રાજયનાં ગામોમાં સાધુ વેશે પોતાનું નામ બદલાવી બાબા અમરદાસ વૈરાગીનું નામ ધારણ કરી, એકલગઢના જગદીશ દાનને ત્યાં વધુ સમય રોકાયા હતા. તેમના અજ્ઞાતવાસ દરમ્યાન પણ તેઓ સ્વતંત્રતા સંગ્રામના ક્રાંતિકારીઓને સક્રિય સહયોગ આપતા રહ્યા હતા. તેઓનું નિધન તા.૧૭/૧૦/૧૯૩૯ના રોજ થયું હતું.

**કુંવર શ્રી પ્રતાપસિંહજી બારહઠ**

ઠા.શ્રી કેસરીસિંહજીના પુત્ર કુંવર પ્રતાપસિંહનો જન્મ તેમની માતા માણિકકુંવરના કૂખે તા.૨૪/૫/૧૮૯૩ના ઉદયપુર મધ્યે થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ કોટામાં મેળવ્યું હતું. ત્યાર બાદ તેઓએ હાઈસ્કૂલનું શિક્ષણ અજમેરમાં આવેલ 'દયાનંદ ઈંગ્લો હાઈસ્કૂલ'માં મેળવતા હતા. પરંતુ ઠા.કેસરીસિંહજીની પ્રેરણા અને આજ્ઞાથી અને સ્વતંત્રતા આંદોલનમાં ભાગ લેવાની દઢ ઈચ્છાથી તેઓએ પોતાનો અભ્યાસ આગળ વધાર્યો નહીં.

આઝાદીની લડાઈમાં બનારસ કોન્સ્પેરેન્સી કેસમાં તેમની માત્ર ૧૮ વર્ષની ઉંમર હતી ત્યારે તેમને પાંચ વર્ષની સજા કરવામાં આવી હતી. તેઓ પોલીસની પકડમાં આવવાના બદલે ફરાર થઈ ગયા હતા. પરંતુ જોધપુરથી નજીક આશા-રા-નાડા સ્ટેશન માસ્ટરે કરેલા વિશ્વાસઘાતના કારણે પોલીસે તેમને પકડી બરેલીની સેન્ટ્રલ જેલમાં કાલ-કોટડીમાં રાખી જેલમાં અસહ્ય યાતનાઓ આપવામાં આવી અને અનેક પ્રલોભનો આપી પોલીસ તેમની પાસેથી સ્વતંત્રતા આંદોલન અંગેની ગુપ્ત વાતો કઢાવવા માગતી હતી તેને જણાવવામાં આવ્યું કે તે જો આંદોલન અંગેની ગુપ્ત માહિતી સરકારને આપશે તો તેના પિતાશ્રી ઠા.શ્રી કેસરીસિંહજી કે જેઓ જેલમાં છે, તેમને છોડી દેવામાં આવશે અને તેમના કાકા ઠા.શ્રી જોરાવરસિંહજીને પકડવામાં નહિ આવે.

આના પ્રત્યુત્તરમાં કુંવર પ્રતાપસિંહજીએ પોલીસને દઢતાપૂર્વક જણાવ્યું કે હું કોઈ ગુપ્ત વાત કહેવાનો નથી. મારા જેલવાસથી મારી એક માતા દુ:ખ ભોગવી રહી છે. પરંતુ ગુપ્ત વાતો કરૂં તો અન્ય અનેક માતાઓ દુ:ખ ભોગવશે. કુંવર પ્રતાપસિંહજીની વાતો પછી જેલમાં તેમના પર વધુ સિતમ ગુજારવામાં આવતા અંતે જેલમાં જ તેનું તા.૨૪/૫/૧૯૧૮નાં મૃત્યુ થતા તેનું શબ તેમના પરિવારજનોને આપવાના બદલે જેલના અધિકારીઓએ તેમના શબને બરેલીની જેલમાં જ દફનાવી દીધું હતું.

આ ક્રાંતિવીર બારહઠ ત્રિપુટીની સ્મૃતિમાં રાજસ્થાનનાં કોટા તથા શાહપુરા શહેર તેમજ અન્ય કેટલાક સ્થળોએ તેમની પ્રતિમાઓ મુકવામાં આવી છે. ઘણી શૈક્ષણિક સંસ્થાઓ અને જાહેર સ્થળોએ તેઓના નામાભિધાન કરી આમ પ્રજાજનો તથા સરકાર દ્વારા સ્તુત્ય કાર્યવાહી થઈ છે.

તા.૧૫/૮/૧૯૪૭ના ભારતે સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા પછી તરત જ આ ક્રાંતિવીરો ત્રિપુટીના પૂર્વજોની તેમનાં ગામ દેવખેડા(શાહપુરા) મધ્યેની ભવ્ય હવેલી જે જપ્ત કરી લેવામાં આી હતી, તે આ ત્રિપુટીના વારસોને પરત સુપ્રત કરવામાં

આવી અને પાછળથી આ હવેલીને રાજસ્થાન સરકાર દ્વારા 'સંરક્ષિત સ્મારક' ઘોષિત કરી તેની રખાવટ અને જાળવણી માટે ફંડ ફાળવી તેને સાચવવાની જવાબદારી અજમેરના સંગ્રહાલયનાં અધિકારીને સોંપવામાં આવી.

આ હવેલીના મુખ્ય પ્રવેશદ્વાર પાસે ક્રાંતિકારી વીરો ઠા.કેસરીસિંહજી, ઠા.શ્રી જોરાવરસિંહજી તથા કુંવર શ્રી પ્રતાપની પ્રતિમાઓ લગાવવામાં આવી છે.

શાહપુરા નગરના ઈન્ટરનેશનલ રામદ્વાર પાસેના એક મોટા ચોકનું નામકરણ 'ત્રિપુટી ચોક' રાખવામાં આવ્યું છે અને ત્યાં આ ક્રાંતિકારી ત્રિપુટીની પ્રતિમાઓ સ્થાપવામાં આવેલ છે. શાહપુરા નગરનાં ઉત્તરાદા મુખ્યમાર્ગ ઉપર 'બારહઠ કુંવર શ્રી પ્રતાપસિંહજી પોસ્ટ ગ્રેજયુએટ કોલેજનું ઉદ્‌ઘાટન રાજસ્થાનનાં તત્કાલીન મુખ્ય પ્રધાન મોહનલાલ સુખાડિયાજીના કર કમલો દ્વારા કરી ત્યાં અમર શહીદ કુંવર પ્રતાપની પ્રતિમા મુકવામાં આવી છે.

ક્રાંતિકારી ઠા.શ્રી કેસરીસિંહજીની પ્રતિમાઓ જયપુર માહિતી કેન્દ્ર તથા કોટા નગરનાં હાઈવે પાસેના એક તળાવના કિનારા પર તથા જોધપુર, શિકર અને ઉદયપુરની ચારણ હોસ્ટેલોમાં લગાવવામાં આવેલ છે.

શાહપુરા નગરમાં આવેલી એક માત્ર ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલનું નામ 'માતા માણિકકંવર ગર્લ્સ હાઈસ્કૂલ' રાખવામાં આવેલ છે. સમગ્ર ભારતમાં ભાગ્યે જ એવું કોઈ શહેર હશે કે જયાં ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલનું નામ દેશની આઝાદી માટે પોતાની જાનનું બલિદાન આપનાર વીર શહીદ પુત્ર અને તેની વીર માતાના નામથી રાખવામાં આવ્યું.

આ ક્રાંતિકારી બારહઠ ત્રિપુટી વિશે લખવું હોય તો તેઓના ત્યાગ-બલિદાન-ટેક, વિષેના લખાણ માટે પુસ્તકોના પુસ્તકોનું લખાણ પણ ઓછું પડે, પરંતુ આ ક્રાંતિકારી બારહઠ ત્રિપુટી વિષે જેટલી જાણકારી હું પ્રાપ્ત કરી શકયો છું, તેમાંના કેટલાક અંશો મેં મારા નિજાનંદ માટે આ સંકલિત લખાણમાં મારી રીતે વર્ણવ્યા છે. હું કોઈ લેખક નથી, આવા લખાણો લખવાનો મારો કોઈ મહાવરો નથી. પરંતુ આ ક્રાંતિવીરોએ જે રીતે પોતાની જાત અને તમામ માલ-મિલકતો માત્રને માત્ર રાષ્ટ્રના હિત માટે ન્યોછાવર કરી છે, તે માટે આવા સપુતોને યાદ કરી તેમને હૃદયપૂર્વક ભાવાંજલિ આપવાના હેતુથી મેં આ સંકલિત લેખ લખેલ છે. તેમાં કોઈ હકીકતદોષ હોય કે ભાષાકીય અને જોડણી દોષ હોય તો સુજ્ઞ વાચકો મને જરૂર ક્ષમા કરી મારી કોઈ પણ ત્રુટિ પરત્વે મારું ધ્યાન દોરશે તો હું તેઓનો ઋણી રહીશ. **(આગામી અંકમાં પૂરું)**

(આગામી અંકમાં પૂરું)

(૯૯૨૫૪ ૩૪૬૭૭)

•••

**ઈન્દુબેન ધીરૂભાઈ ગઢવી મેમોરિયલ ટ્રસ્ટ,રાજકોટ**

**આ અંકના સમય દરમિયાન મળેલ દાનની યાદી**

| દાતાશ્રીનું નામ | રકમ (રૂા.) | વિગત | પહોંચ નં. |
|---|---|---|---|
| ○ શ્રી મેહુલભાઈ રામભાઈ જામંગ, રાજકોટ(જન્મદિવસ પ્રસંગે) | ૫૧૦૦-૦૦ | વિદ્યોત્તેજક | ૧૬૯ |
| ○ શ્રી ગીતાબેન / સાધનાબેન લાંબા | ૫૦૦૦-૦૦ | - | ૧૭૦ |

– સંકલન : શ્રી યોગેશભાઈ પારેખ(એકાઉન્ટન્ટ)(૯૯૭૮૪ ૪૨૭૬૫)
શ્રી ચંદુભાઈ સાબા(પ્રમુખ)(૮૧૨૮૮ ૮૨૭૭૫)

# અમદાવાદ–મોટેરામાં આઈશ્રી વરૂડી મંદિર

• પ્રિ. ઘનશ્યામભાઈ ગઢવી

આઈશ્રી વરૂડી માતાજી ગ્રામીણ ભાષાની રીતે જોઈએ તો નરેચી, નડેચી તરીકે ઓળખાય છે. ચારણ આઈમા વરૂડીના સ્થાનકો અનેક જગ્યાએ જોવા મળે છે. મોટા ભાગે કચ્છ વિસ્તારમાં છે.

વરવડી–વરૂડી માતાજીનો જન્મ વિક્રમ સંવત ૧૦૭૭માં થયો હતો. એમના પિતાજીનું નામ ચંખડાજી હતું. ગોખરૂ પેટા શાખામાં માતાજી જન્મ્યા હતા. હાલમાં નડાબેટ(ભારત–પાકિસ્તાન સરહદમાં રણદ્વીપ)ખાતે તેઓશ્રીનું મંદિર છે. માતાજીનું જન્મ સ્થળ કચ્છ–વાગડનું ખોડાસર ગામ છે. વરડી–વરૂડી માતાનો પરિવાર બહોળા માલઢોર રાખનારો હતો. મા વરૂડીની શકિતઓ બાળપણથી લોકો માટે અભિમુખ બની હતી. કાળ ક્રમે તેઓની લીલાથી ચારણ સમાજ અને ઈતર સમાજ પરિચિત થતો ગયો. માતાજી અન્નપૂર્ણાનો અવતાર હતાં. લોકોને પ્રેમપૂર્વક આવકાર આપી ભોજન કરાવતાં. જૂનાગઢના રાજા રા'નવઘણ (પહેલો) બહેન જાહલની રક્ષાર્થે સિંધ તરફ જતાં મા વરૂડીનો મેળાપ થતાં તેના સમગ્ર કટક (સૈન્ય)ને ભોજન પૂરું પાડયું હતું. માતાજીએ પોતાની લીલા શકિતનો પરિચય કરાવ્યો હતો. માતા આશીર્વાદથી પ્રેરાઈ રા'નવઘણે આગેકૂચ કરી સિંધમાં સફળતા મેળવી હતી. આ ઉપરાંત કાપડી સમાજના સાધુ સંતો વરસોવરસ મા હિંગળાજના દર્શનાર્થે ચાલતા જતા રહેતા. આ સમાજના સાધુઓ માતાજીની અલૌકિકતાથી પ્રેરાઈ તેમના દર્શન કરતા અને અન્નપૂર્ણા જેવા મા ના સ્થાનકે ભોજન પ્રસાદ લેતા હતાં.

મા વરૂડી–વરવડીએ ઘણાં કાર્યો કર્યા હતાં. જેમાં ચારણ સમાજ અને ઈતર સમાજને આધ્યાત્મિકતાની પ્રેરણા પૂરી સમાજોન્નતિ માર્ગે વાળ્યાં હતાં.

મા વરૂડી–વરવડીના મંદિરો ઠેકઠેકાણે છે. લોકવાયકા પ્રમાણે એમના જન્મ સમયે એમના મુખમાં બત્રીસ દાંત હતા. ખાસ ઉપરના જડબે બે દાંત લોઢાના જણાતા હતા. જન્મ સમયે શ્યામ સ્વરૂપ અને વરવા હોવાથી કહેવાય છે કે વરૂડી–વરવડી નામ પડયું હતું. બાહ્ય રૂપ કરતાં માતાજીના આંતરિક સ્વરૂપમાં મા જગદંબાનો અવતાર હતાં. ભારતની બોર્ડરના નવજવાનો–સૈનિકબળના સૈનિક શ્રદ્ધા ધરાવતાં આજે પણ મંદિરમાં દર્શન કરી ધન્યતા અનુભવે છે.

અમદાવાદ મોટું શહેર છે. ગીચ વસતી ધરાવે છે. મૂળ અમદાવાદ – કર્ણાવતીના આસપાસના વિસ્તાર હવે વિકાસ પામતા જોવા મળે છે. એમાં સાબરમતી નજીક મોટેરા નામનું ગામ આવેલું છે. જયાં જૂના ગામતળ વસાહત મોટેરા છે. આ વિસ્તારમાં પ્રખ્યાત 'નરેન્દ્ર મોદી સ્ટેડિયમ' આવેલ છે. આ સ્ટેડિયમ માર્ગે આગળ વધતા ચાર રસ્તા આવે છે. ઉપરના ભાગમાં મેટ્રો રેલવેની લાઈન ધમધમે છે. ચાર રસ્તાથી – શ્રી સદાશિવ આશ્રમ, આશારામ આશ્રમ, વૃદ્ધાશ્રમ, બહેરા–મૂંગા અપંગની સંસ્થા આવેલ છે. તેમાં શ્રી સદાશિવ આશ્રમમાં દાખલ થતાં બિલકુલ પાછળના ભાગે, જયાં સાબરમતી નદીનો તટ છે એવા રમણીય પરિસરમાં વર્ષો જૂના અડીખમ એવા વૃક્ષની પડખે મા વરૂડી–વરવડીનું સ્થાનક છે. નજીકમાં વિદૂષી વાચક નવી શ્રી ગાર્ગી દેવીની સમાધિ છે.

પ્રારંભમાં અહીં નાનકડી દેરી હતી. કાળ ક્રમે લોકોની શ્રદ્ધા-આસ્થાના પરિણામે મંદિરે મોટું સ્વરૂપ લીધું છે. કહેવાય છે કે મોટેરા ગામની વસતીની આસ્થાના પરિણામે આ મંદિર વિકસ્યું છે. મોટેરાની વિવિધ જ્ઞાતિનો સમુદાય દર્શનાર્થે આવે છે. નિયમિત પૂજા-નૈવેદ્ય ધરાવે છે. આરતી, ધૂપ, અગરબત્તીની મહેક પરિસરને મઘમઘતી કરે છે. અહીં ભકત સમુદાયે માતાજીની અલૌકિકતાનો અનુભવ કરેલો છે.

આ મંદિરમાં વાતાવરણમાં પ્રકૃતિની નિરાલી શોભા દશ્યમાન થાય છે. સંતવર્ય શ્રી સદાશિવ પ્રખર બંગાળી સંત હતાં. તેઓ દીર્ઘાયુ ભોગવી સમાધિસ્થ થયા હતાં. તેમની સમાધિ આ પરિસરમાં છે. સંતની સમાધિની પાછળ વરૂડી - વરવડી મંદિર દશ્યમાન થાય છે. શ્રી સદાશિવ આશ્રમ અને આશારામ આશ્રમની વચ્ચે એક જ કોમન દીવાલ છે. અહીં સમય-સંજોગોને અનુલક્ષી કયારેક વિકટ પરિસ્થિતિઓ સર્જાઈ હોવા છતાંયે જગદંબા સ્વરૂપ મા વરૂડી અને શ્રી સદાશિવ સંતના આત્માના તેજથી વિટંબણા મોટું સ્વરૂપ કે આકાર લઈ શકી નહોતી.

વર્તમાન સમયે શ્રી સદાશિવ આશ્રમમાં નિરંતર યજ્ઞવેદી મા ગાયત્રી અનુષ્ઠાનો ચાલે છે. 'શ્રી મહાકાળેશ્વર શિવ મંદિર' અસ્તિત્વ ધરાવે છે. સદાશિવ મહારાજની સમાધિ અને આઈ વરૂડીમાનું મંદિર સમગ્ર પરિસરને પાવન કરી રાખી અનેક ભકતોને લાભાન્વિત કરે છે.

આ સમગ્ર પરિસરનું નામ શ્રી સદાશિવ પ્રજ્ઞામંડળ સંચાલિત મંત્ર યોગ સાધનાલય શ્રી બલાતિબલા મહાશકિત પીઠ.

જેની સ્થાપના તા.૩૧/૧/૧૯૫૨ મહા સુદ પાંચમ, સવંત-૨૦૮૮માં થયેલ. આ આશ્રમના મુખ્ય દરવાજેથી પ્રવેશ મેળવી પાછળના ભાગમાં જતાં મા વરૂડી-વરવડીનું મંદિર આસ્થાની જયોત ઉજાગર કરતું ઊભું છે.

(૯૪૨૯૧ ૭૩૭૮૯)

•••

## કાગ એવોર્ડ – શ્રી રાજુલ દવે

આઈશ્રી સોનલમા એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટના ટ્રસ્ટીઓ, કાર્યકર્તાઓ, 'ચારણ સંસ્કૃતિ' મેગેઝિનની ટીમ, તેના લેખકો અને કવિઓ તેમજ વાચક વર્ગ સહર્ષ આનંદ સાથે લાગણી અનુભવે છે કે આ મેગેઝિનના સંપાદનની સુંદર મજાની કામગીરી અને જવાબદારી સંભાળતા અને સંપાદકીય ક્ષેત્રે વિશિષ્ઠ ઓળખ ધરાવતા ભાઈશ્રી રાજુલભાઈને કાગધામ ખાતે ૧૩મી માર્ચ ૨૦૨૪ના રોજ પૂ.મોરારિબાપુના વરદ હસ્તે 'કાગ એવોર્ડ' અર્પણ થયો. અમારા સહુવતી શ્રી રાજુલભાઈને ધન્યવાદ સાથે હૃદયપૂર્વકના અભિનંદન.

**કોઈપણ સમસ્યા કે મનદુઃખ હોય તો તે બાબતે જે તે સાથે સંવાદ કરવો, પ્રચાર કે વિવાદ ના કરવો.**

**મતલબની વાત તો બધા જ સમજી જાય છે, પરંતુ વાતનો મતલબ સમજનારા લોકો ખૂબ જ ઓછા છે.**

## પ્રાયશ્ચિત

• ચંડીદાન ગઢવી

'અત્યારે કોઈ ગાડી ખરી?'

'ના ! પાંચ પચ્ચીશની એકસપ્રેસ હમણાં જ ગઈ.'

'તો હવે ?'

'અહીં અઠવાડિયામાં બે દિવસ જ એ આવે છે. હવે પછી શનિવારે. બીજી લોકલ પણ આવતીકાલે.'

'ઓહ!' યુવાનના ચહેરા પર નિરાશા ફરી વળી.

'તમને વાંધો ન હોય તો મારા મકાનમાં રોકાઈ શકો છો.'

એક પ્રભાવશાળી ચહેરા પર, મંદ મંદ સ્મિત વેરતા, શ્વેત-શ્યામ ફરફરતી દાઢીવાળા, પાણીદાર આંખોમાંથી, કરુણા-સભર દૃષ્ટિ-ફેરવી રહ્યા.'.......પરંતુ સ્ટેશન તો અહીંયાંથી પાંચેક કિલોમીટર દૂર છે. તો અહીંયા....!' તેમની આંખોમાં પ્રશ્નાર્થ ડોકાઈ રહ્યો. 'આ ફાટક તો વર્ષોથી બંધ જ છે. પેલું મકાન....' તે થોડે દૂર આવેલા, વિશાળ પ્રાંગણમાં ઉભેલા મકાન તરફ આંગળી ચીંધી રહ્યા.... 'મારું છે. ચાલો, ત્યાં બેસીએ! બંને એ તરફ ગયા. તેમની પત્નીએ ધરેલા પાણીના ગ્લાસમાંથી થોડું પાણી પી તેણે હળવાશ અનુભવી.

'સુખી ઘરના લાગો છો...'

'બધા એવું જ માને છે.' યુવક ખિન્ન દૃષ્ટિથી તેમની તરફ જોઈ રહ્યો. 'મારા પિતા એક સફળ બિઝનેસમેન છે. બેશુમાર દોલત, પાણી માગુ તો દૂધ હાજર. મારી સેવામાં નોકર-ચાકરનો કાફલો ખડે પગે. મહેલ જેવા બંગલામાંથી બહાર બગીચામાં જવું હોય તો બાઉન્સરો આજુબાજુ. રખેને કોઈ મારું અપહરણ કરી, કરોડોની ખંડણી માગે તો !... જીવનનો રોમાંચ, રસ, ક્રિએટીવીટી, કશુંક જાતે કરવાનો આનંદ.. ઝીરો! વિદેશમાંથી મેળવેલી એમ.બી.એ.ની ડિગ્રી.. વ્યર્થ ! ટૂંકમાં રાજકુમાર સિદ્ધાર્થ જેવું!' યુવાનની આંખોમાં ઘેરી ઉદાસી છવાઈ ગઈ. 'તેથી કંટાળી ભાગી છૂટયો છું.'

'અને અહીં તમે....' સાધુ-પુરુષ વાકય પૂરું કરે તે પૂર્વે જ યુવાન આક્રોશભર્યા સ્વરમાં ગર્જી ઊઠયો....હા! આત્મહત્યા કરવા..જિંદગીના આ બોજથી છૂટવા આવ્યો છું.'

તે સજજન થોડી ક્ષણો તેના ચહેરા પર સ્થિર આંખે નિહાળી, અટ્ટહાસ્ય કરતા ઊભા થઈ આંટા મારવા લાગ્યા. અચાનક અટકી તેની તરફ ઝૂકયાં, 'શું તમારું નામ?'

'આનંદ!'

'હા, તો આનંદ ! માત્ર ચોવીસ-પચ્ચીસ વર્ષની જિંદગીમાંથી શ્રદ્ધા ગુમાવી બેઠા? અરધો ખાલી પ્યાલો જ દેખાયો ? અરધો ભરેલો નહિ?' તેની પાસે બેઠા. 'વિચારો, ઈશ્વર તમારી પાસે હજુ ઘણું કામ લેવા માગે છે. માટે તો ગાડી ચૂકી ગયા!! એમ આઈ રાઈટ?' આનંદ પ્રતિ કરુણાર્દ્ર નયનો માંડી રહ્યા.

'ચાલો થોડું ફરી આવીએ. કુદરતનો નજારો તો જુઓ ! કદાચ પહેલીવાર...!

'હા! બિલકુલ!' આનંદ મ્લાન વદને ધીમાં ડગ ભરી રહ્યો. 'મારા બેડરૂમની દીવાલો, વિશ્વપ્રસિદ્ધ ચિત્રકારોના કુદરતી સૌંદર્યના અદ્ભુત રંગોની સૃષ્ટિ રેલાવતાં ચિત્રોથી ભરેલી છે. પરંતુ તેનું વાસ્તવિક દર્શન....!' આનંદ, દૂર

ઊંચી-નીચી ટેકરીઓની પાછળ છુપાતાં સૂર્ય - કિરણોની છટાથી રચાતાં તેજ-અંધારાનાં દૃશ્યોમાં ખોવાઈ ગયો. માળા તરફ ગતિ કરતાં, આકાશમાં કતારબંધ પક્ષીઓની શિસ્તબદ્ધ હારમાળાને અપલક નજરે નિહાળી રહ્યો. વૃક્ષોની ઘટામાંથી વેરાતી ઠંડી સુવાસનો રોમાંચ માણી રહ્યો. ઘાસના મેદાનમાં, તેના શીતલ સ્પર્શથી રોમાંચિત બની, બાળકની પેઠ દોડી રહ્યો.

'ગુરુજી ! હવે હું તમને ગુરુજી જ કહીશ. કોઈ શક?' તેના ચહેરા પર આનંદની દીપ્તિ ચમકી રહી.

ગુરુજી મંદ મંદ અર્થપૂર્ણ સ્મિત કરી રહ્યા.

'તમારી વાત સાચી છે.' આનંદ તેમની પાસે શિષ્યભાવે ઊભો રહ્યો. 'જિંદગી ગહન, વિશાળ અને અનંત છે. તીરે ઊભા ન રહેવાય. અંદરખા-બકવું પડે. તો જ મોતી મળે. મને રસ્તો ચીંધો ! મારા માટે જિંદગી જીવવી છે. જીવી નાખવી નથી.' આનંદની આંખો અને સ્વરમાં સચ્ચાઈ પ્રગટતાં હતાં.

'આનંદ ! તું સાચી દિશામાં છે. પરંતુ આ તું માને છે તેટલું સરળ નથી. પ્રથમ તો તારાં માતા-પિતા અત્યારે બેબાકળાં બની...!' ગુરુજીની વાત વચ્ચેથી અટકાવી આનંદ બોલ્યો, 'માતા તો સદા માટે વિદાય થઈ ગઈ. શ્રીમંતોનાં સંતાનો મોટે ભાગે નોકર-ચાકર કે આયાઓના હાથે જ મોટા થતાં હોય છે. અપવાદો હશે ! તેથી તેનો શારીરિક કે માનસિક વિકાસ સંતુલિત નથી થતો. જુઓને! મને સંવેદના, લાગણી, પ્રેમ, હૂંફ, પરિવાર... અનુભવ જ નથી. પિતા સદાય ધનોપાર્જનમાં વ્યસ્ત...આનંદ ને અટકાવી ગુરુજીએ આગળ ચલાવ્યું, 'તને શોધવા આકાશ-પાતાળ એક કરશે. છેવટે પોલીસને શરણે જશે. બીજી વાત, આ તો કાંટાનો મારગ છે. ડગલે પગલે મુશ્કેલીઓ, અસુવિધાઓ આવશે ત્યારે ઉત્સાહની ભરતી ઓસરી પણ જાય. તેથી થોડી રાહ જો. સંપૂર્ણ વિચાર કર.' ગુરુજી તેનો ખભો પસવારી રહ્યા. ....'ચાલ રાત્રિ ઢળે છે. ગુરુમાતા ભોજન માટે આપણી રાહ જોતાં હશે. વધુ વાતો સવારે !'

સવારે બાજુમાં પતરાનાં શેડવાળા ઢાળિયામાં રસોઈના ધમધમાટમાં ગૂંથાયેલી મહિલાઓને સૂચના આપતાં ગુરુજીએ તેને આવવાનો સંકેત કર્યો.

'શું આજે કોઈ કાર્યક્રમ છે ?' આનંદે સહજ જિજ્ઞાસાથી પૂછ્યું. 'ના, આ તો રોજનો ક્રમ છે. જોડે શહેરમાં સરકારી અને ખાનગી દવાખાનાં છે. ત્યાં ભોજનનાં ટિફિન પહોંચાડીએ છીએ. દર્દીના સ્વજનોને લાંબા સમય રોકાવાનું બને. બહારનું ખાવાનું રોજરોજ આર્થિક દૃષ્ટિએ બધાંને પોસાય નહિ. તેથી તેવાં સાધારણ સ્થિતિનાં સગાં-વહાલાં માટે આ વ્યવસ્થા કરીએ છીએ.' બંને બાજુની બેઠક પર બેઠા. સામે ભીંત પર ટીંગાતી એક પ્રૌઢ અને ગરિમાપૂર્ણ તસવીર તરફ ગુરુજી આંગળી ચીંધી રહ્યા. 'તે દિવસે હું પણ એક પરિચિતની ખબર પૂછવા સિવિલ ગયેલો. ત્યારે અચાનક આ શ્રેષ્ઠીનો ભેટો થયેલો. તે પણ મારી જેમ આ સમસ્યાથી વાકેફ થયા. મને આ કાર્યમાં મદદરૂપ થવા તૈયારી બતાવી. ગામમાં વડીલો, યુવાનોને વાત કરી. સહર્ષ સ્વીકારી વારા -ફરતી આવવાની ગોઠવણ અને યુવાનોએ વિતરણની વ્યવસ્થા કરી.

ગુરુજી ઊંડો શ્વાસ લઈ રહ્યા. ધીમા પણ મક્કમ સ્વરે સંકલ્પ પ્રગટ કર્યો. 'આનો વ્યાપ વધારવો છે અને પાકું વિશાળ રસોઈ ઘર બનાવવું છે.' તે રસોઈમાં ગૂંથાયેલી મહિલાઓ તરફ દૃષ્ટિક્ષેપ કરી રહ્યા.

આનંદ અહોભાવ અનુભવતો સંકોચ

સાથે પૂછી બેઠો. ' પરંતુ આપ અહીં...! કશું સમજાતું નથી. વેરાન જગા...રહેઠાણ...!'

'તારી મૂંઝવણ વાજબી છે.' ગુરુજી મીઠું હસી રહ્યા. 'હું પણ તારી જેમ અહીંયા ગાડી ચૂકી ગયેલો. ગામલોકોના સહકાર અને હૂંફથી સ્થિર થયો.' ગુરુજી ઉદાસ ચહેરે દૂર તાકી રહ્યા. 'એક મિત્ર સાથે ધંધો કર્યો. પ્રોડકશન વિભાગ હું સંભાળતો અને નાણાંકીય વ્યવહારો અને માર્કેટીંગ તેના હસ્તક ! ભાગ્યશાળીને ભૂત રળે એમ ધંધો જામ્યો. તેની દાઢ સળકી અને ધંધો હડપ કરી મારી હકાલપટ્ટી ! પહેર્યે કપડે ! કાણી પાઈ પણ કેવી ?' થોડી ક્ષણોમાં ગુરુજીએ સ્વસ્થતા મેળવી લીધી. 'ભગવાન જે કરે છે તે સારા માટે. આજે મને તેનો જરાય અફસોસ કે વેરવૃત્તિ નથી. ઉલટું પ્રભુમાં મારી શ્રદ્ધા દ્રઢ બની.

'ગુરુજી મેં આ સેવા-યજ્ઞમાં જોડાવાનો સંકલ્પ કરી લીધો છે. પિતાજીને ફોનથી જણાવી અહીંનું લોકેશન પણ દર્શાવી દીધું છે. એકાદ - બે દિવસમાં આવશે. હું હવે આપના ચરણોમાં જ રહીશ.' ને નત મસ્તક બની રહ્યો.

ગુરુજીના ચહેરા પર ચમક અને સંતોષ ઝળકી રહ્યાં.

'કોઈ આપને મળવા આવ્યું છે.' સવારે ગાર્ડનીંગમાં વ્યસ્ત ગુરુજીને સેવકે જાણ કરી.

'તેમને ઓફિસમાં બેસાડ.', ગુરુજી, હાથ ધોઈ ઊભા થતાં સૂચના આપી રહ્યા. 'ચા-પાણીની વ્યવસ્થા કરો.'

અંદર ખુરશી પર એક પ્રૌઢ, અખબારનાં પાનાં ઉથલાવી રહ્યા હતા. ગુરુજી પળવારમાં, ઝીણી નજરે આગુંતકને નીરખી આશ્ચર્યથી ઉછળી રહ્યા. 'અરે! નંદુ....તું...તું અહીંયા!!'

નંદલાલે સમાચાર-પત્રમાંથી ડોક ઊંચી કરી. વિસ્ફારિત નેત્રે થોડી ક્ષણો અસમંજસથી નિહાળી સામે દોડી ગયા. 'આકાશ !! બંને એકબીજાને ભેટી પડયા. કયાંય સુધી, આંખો મીંચી, મૌન બની રહ્યા. થોડીવારે આલિંગનમાંથી મુકત બની ખુરશીમાં બેસી પડયા.

'આકાશ ! તારી સાથે કરેલ વિશ્વાસઘાત આજે પણ, મને સાપના દંશની જેમ ડંખી રહ્યો છે. આજ દિન સુધી મેં તારો ભાગ અલગ જાળવી રાખ્યો છે. તે સ્વીકારી મને પાપના બોજમાંથી મુકત કર.' નંદલાલ રડમસ ચહેરે કાકલૂદી કરી રહ્યા. 'મને માફ કર!' તે ભોંઠપ અનુભવી રહ્યા.

'વીતી વાતો ભૂલી જા દોસ્ત! ઈશ્વર આપણા બંનેના રસ્તા અલગ નક્કી કર્યા હતા.તે મુજબ... મને કોઈ અફસોસ કે રંજ નથી.' ગુરુજી મિત્રનો વાંસો પંપાળી રહ્યા. 'મને તારા જીવતરની બધી કમાણી તારા પુત્ર રૂપે મળી ગઈ છે.' ગુરુજી સૂચક દૃષ્ટિથી સ્મિત કરી રહ્યા.

'બરાબર છે. ગુરુજી !' દ્વાર પર ઊભેલા આનંદને જોઈ પિતાએ દોડી બાથમાં તેને ભીંસી નાખ્યો.

'પિતાજી, વડીલોએ કરેલ કર્મોનું પ્રાયશ્ચિત તેની પછીની પેઢીએ પણ કરવું પડે છે.' ભગીરથ રાજાની જેમ, ખરૂંને ? આનંદ સ્વસ્થ હતો.

(૯૪૦૮૬ ૮૬૬૨૭)

•••

**પ્રાયશ્ચિત માણસને હંમેશા મહાન બનાવી દે છે, હા, કોઈ એક પક્ષ તરફથી ભૂલ જરૂર થાય છે અને જો તે નજરઅંદાજ ન થાય ત્યારે ભૂલ ગુનાહિત બને છે, સમયસર કરેલું પ્રાયશ્ચિત વ્યકિતની ઈમાનદારીનું પ્રમાણપત્ર રજૂ કરે છે અને તેના આધારે તેનો નિર્ણય કરવામાં આવે છે.**

# ઊર્જાની ઓળખ

• નરસંગભાઈ ઠાકરિયા

સંપૂર્ણ સૃષ્ટિનું મૂળ વિશુદ્ધ ઊર્જા, વિશુદ્ધ ચેતના છે, જે ઊર્જા અવ્યકત રૂપથી વ્યકત રૂપમાં અને અપ્રગટ રૂપથી પ્રગટના રૂપમાં વ્યકત થવા ઈચ્છે છે. જેથી આપણને એ બોધ થાય છે કે આપણું સાચું સ્વરૂપ આપણી વિશુદ્ધ ઊર્જા છે. ત્યારે આપણે શકિતના સાચા તારતમ્યને સમજણમાં ઉતારી શકીએ.

આ સિદ્ધાંત એ તથ્ય ઉપર આધારિત છે કે આપણે આપણા મૂળભૂત રૂપમાં વિશુદ્ધ ચેતના છીએ. આ વિશુદ્ધ ચેતના જ વિશુદ્ધ ઊર્જા છે. આ ઊર્જાની બધી સંભાવનાઓ અને અનંત સર્જનનું સામ્રાજય છે. અનંત,અસિમ અને અબાધ હોવાને કારણે આ વિશુદ્ધ આનંદ પણ છે આ આપણો મૂળ સ્વભાવ, આપણી મૂળ પ્રકૃતિ છે.

જયારે આપણે મૂળ સ્વભાવનું, મૂળ પ્રકૃતિનું દર્શન કરી લઈએ છીએ ત્યારે વાસ્તવમાં આપણે કોણ છીએ તેનો બોધ થાય છે. ત્યારે આપણામાં આપણા સંકલ્પને પૂરા કરવાની ક્ષમતા પ્રાપ્ત થાય છે.

આ વિચારધારાથી જીવનની અનંત વિવિધતાઓના મૂળમાં રહેલ એક આત્મા એક પરમાત્મા વિદ્યમાન છે તેનો બોધ થાય છે. આપણે તથા ઊર્જાના સામ્રાજય વચ્ચે કોઈ અંતર નથી, કોઈ જુદાઈ નથી. વિશુદ્ધ ઊર્જાને આ સામ્રાજય આપણું સાચું સ્વરૂપ છે. આપણે જયારે આપણા સાચા સ્વરૂપની અનુભૂતિ કરીએ છીએ ત્યારે આપણે વિશુદ્ધ ઊર્જાના સામ્રાજયની નજીક આવીએ છીએ.

આપણા સ્વરૂપનો અનુભવ 'આત્મપ્રમાણ'નો અર્થ છે આપણું આંતરિક પ્રમાણ બિંદુ. કોઈ વિષય નથી, વિષયો સાથેના એકત્વથી વિષયોના ચિંતનથી, આપણે આપણા આત્માનું ચિંતન ખોઈ બેસીએ છીએ. આપણું સાચું સ્વરૂપ એટલે કે આપણી ચેતના વિષયોના ચિંતનથી મુકત હોય છે. આપણા પ્રત્યેની અનેક ટીકાઓનો પ્રભાવ આપણા આત્મા ઉપર પડતો નથી. આત્મામાં કોઈ પ્રકારનો ભય હોતો નથી. આત્મા કોઈને આધિન નથી છતાં પોતાને વિનમ્ર માને છે. કારણ કે બધા મારું આત્મસ્વરૂપ છે. જયારે આપણે આત્મા પાસે,ચેતના પાસે ઉપસ્થિત હો છો ત્યારે આપણને ભય લાગતો નથી.

વિષય સાથેનું એકત્વ હંમેશા મિથ્યા હોય છે ભય આપતું હોય છે. આત્મશકિત સ્થાયી હોય છે, કારણ કે તે 'આત્મજ્ઞાન' પર આધારિત હોય છે. આત્મશકિતની કેટલીક વિશેષતાઓ છે કે જે મનુષ્યને તેના તરફ ખેંચે છે અને મનુષ્યના સંકલ્પ મુજબ તેને ઈચ્છિત વસ્તુઓ પણ પ્રાપ્ત કરાવે છે.

આપણે આપણા જીવનમાં આ વિશુદ્ધ ઊર્જાની શકિતને કેવી રીતે પ્રાપ્ત કરી શકીએ. આના માટેનો એક ઉપાય છે 'મૌન', 'ધ્યાન' અને કોઈની પણ નિંદાથી બચવું. પ્રકૃતિ સાથે સમય વિતાવવો. રચનાત્મક કાર્યો કરવા જે ગુણો આપણને વિશુદ્ધ ઊર્જાના સામ્રાજય સુધી પહોંચાડવામાં સહાયભૂત થાય છે. આપણે મૌન, નિરવતાનો અનુભવ કરીએ છીએ ત્યારે શું ઘટના ઘટે છે ? શરૂઆતમાં આપણી અંદર ચાલતા નેગેટિવ વિચારો, ભાવો વગેરેનું દર્શન થાય છે, જે પીડા આપે છે, વ્યાકુળતા આપે છે. પરંતુ થોડા સમય પછી આ જ નિરવતા શાંતિની અનુભૂતિ

કરાવે છે.

આપણે ખાલી વાતો કરીશું તો સૂક્ષ્મ યાત્રાની અનુભૂતિ અશકય છે. આને માટે પૂર્ણ સજાગતાથી પુરુષાર્થ કરવો જરૂરી છે. શાંતિના સામ્રાજયનો અનુભવ કરવા માટે પ્રકૃતિમાં જોડાયેલ દરેક સર્જનનું દર્શન કરવું આવશ્યક છે. જયાં દરેક ચીજ અપૃથક રૂપથી પ્રકૃતિ સાથે સંબંધ રાખે છે. આ ઊર્જાની સાચી ઓળખ છે.

(૯૪૨૬૩ ૬૨૨૫૩)

•••

## પુસ્તક પરિચય

• રાજુલ દવે

**'છંદ જયોતિ' : પિંગળ–ડિંગળશાસ્ત્ર પાઠશાળાના કવિઓની કાવ્ય રચનાઓનો ગ્રંથ : સંપાદક–પ્રકાશક : પિંગળ–ડિંગળશાસ્ત્ર પાઠશાળા, જૂનાગઢ : કિંમત–અમૂલ્ય.**

પિંગળ-ડિંગળશાસ્ત્રના જાણકાર વિદ્વાનો હવે જૂજ પ્રમાણમાં છે, ત્યારે ભાઈજીભાઈ ચાટકા આ શાસ્ત્રના મરમી જાણતલ છે. ચારણી સાહિત્યના છંદો શીખવા માટેનો ઓનલાઈન વર્ગ ચાલે છે, જેમાં ભાઈજીભાઈ લઘુ, ગુરૂ, માત્રા ગણતરી, તાલ નિયમ, વર્ણસગાઈ, વર્ણાનુપ્રાસ, રૂપક, અલંકાર, અક્ષરમેળ છંદો, ગણમેળ છંદો, માત્રામેળ છંદો વગેરે અંગે શાસ્ત્રીય સમજ આ ક્ષેત્રમાં રસ ધરાવતા લોકોને આપી રહ્યા છે.

જૂનાગઢના લોકસાહિત્ય વિદ્યાલયમાં પિંગળ-ડિંગળના પ્રખર વિદ્વાન યશકર્ણજી રત્નુ પાસે ભાઈજીભાઈએ આ શાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. શિક્ષક તરીકે નિવૃત્ત થયા પછી તેમણે પિંગળ – ડિંગળ ઓનલાઈન ભણાવવાનું નક્કી કર્યું. હાલ એ ગ્રુપમાં સિત્તેર સભ્યો છે. પોતાની ક્ષમતા પ્રમાણે સૌ કાવ્ય-રચનાઓ કરે છે. ઉપરોકત ગ્રુપના કવિઓએ કરેલી રચનાઓનો આ સંગ્રહ 'છંદ જયોતિ' છે. પુસ્તકના ૧૨૫ પાનાંઓમાં કુલ ૨૯ કવિઓની રચનાઓનો સમાવેશ થાય છે, જેમાં બે કવયિત્રીઓ છે. ભુજંગી, કુંડળિયો, છપ્પય, મતગયંદ, નારાચ, મોતીદામ, હરિગીત, મનહર, બિયાખરી, ત્રિભંગી જેવા વર્તમાનમાં ઓછા પ્રચલિત છંદોમાં થયેલી રચનાઓ આ પુસ્તકમાં વાંચવા મળે છે. માત્રામેળ છંદમાં કવિતાના આરંભે માપ આપીને રચનાને મજબૂત(ઓથેન્ટિક) કરવાનો પ્રયાસ કરાયો છે. પુસ્તકમાં સમાવિષ્ટ કેટલાક કવિઓની રચનાઓ સમયાંતરે 'ચારણ સંસ્કૃતિ' સામયિકમાં પ્રકાશિત થાય છે.

આપણી સાંસ્કૃતિક વિરાસતને ૮૧ વર્ષની વયે જાળવવાનો ભાઈજીભાઈનો પ્રયાસ પ્રશંસનીય છે. ઓનલાઈન ગ્રુપમાં સામેલ સઘળા સભ્યોને અભિનંદન. આ શૃંખલામાં વધારે પુસ્તકો પ્રકાશિત થાય તેવી આશા રાખીએ.

(૯૪૨૬૨ ૨૯૫૧૭)

**આઈશ્રી સોનલમા એજયુકેશનલ એવોર્ડ–૨૦૨૪**

ગુજરાત બોર્ડ દ્વારા ધો.૧૦,૧૨ની માર્ચ-૨૦૨૪ની પરીક્ષામાં સૌરાષ્ટ્ર-કચ્છના ચારણ(ગઢવી) સમાજના વિદ્યાર્થીઓ જેમને ૯૦ ઉપર પી.આર. આવ્યા હોય તેઓએ સાદા કાગળમાં પુરી વિગતે માર્કશીટની ઝેરોક્ષ સાથે પરિણામ આવ્યા બાદ ૩૦ દિવસમાં ટ્રસ્ટના સરનામે અરજી કરવી.

# જન સેવા એ જ પ્રભુ સેવા

• મહેરબાનભાઈ ગઢવી

જીવનમાં સેવાનું ઘણું મહત્ત્વ છે. માનવ સેવા કરવાથી પરમાત્મા રાજી થાય છે. ઈશ્વર માટે કરવામાં આવતી તમામ પ્રકારની સેવાઓમાં જનસેવા સર્વશ્રેષ્ઠ છે. દરેક મનુષ્ય બનતી કોશિશા કરીને જરૂરિયાતમંદને મદદ કરવાની ભાવના જન્મજાત ધરાવતો હોય છે. મધર ટેરેસા એનું જવલંત ઉદાહરણ છે. ફકત આર્થિક મદદ કરવી, દાન કરવું પૂરતું નથી. ઘણાં લોકોને નિયમાનુસારનાં પોતાના હક્ક મળતા નથી અને આવા પ્રશ્નોનાં નિવારણ માટે સાચા મદદગાર જે ચીવટપૂર્વક કામ કરે તે મળતા નથી. જેથી વર્ષો સુધી આવા પ્રશ્નો વણઉકેલ્યા પડયા રહે છે અને તેમાં મદદ કરવી તે પણ સેવા છે, અને આપણી ફરજ પણ છે. એક અંગ્રેજ વિદ્વાને કહ્યું છે કે આપણે બીજા લોકોની જે સેવા કરીએ છીએ તે ખરેખર તો આ પૃથ્વી ઉપરનાં આપણા રહેઠાણનું ભાડું ચૂકવીએ છીએ. ઈશ્વરે કર્મનો સિદ્ધાંત લગાડયો અને તેનો કડક રીતે અમલ કરાવ્યો. વિશ્વનાં તમામ ધર્મોનો એક જ સૂર છે – 'જરૂરિયાતમંદની મદદ કરો'.

મારા લાંબા સમયના અનુભવ પછી એવા નિષ્કર્ષ પર આવ્યો છું કે કાયદા–નિયમોની સૂઝનો અભાવ, બિનઅસરકારક મુદ્દા વિહિન રજૂઆતો, આર્થિક સંકડામણ અને સતત પ્રયાસોનાં અભાવને કારણે ખાસ કરીને વિધવા માતાઓ–બહેનો, માનસિક–શારીરિક અસ્વસ્થતા ધરાવતા લોકોનાં પેન્શન ગ્રેજયુઈટી, ફેમીલી પેન્શન, વીમા અને અન્ય સરકારી લાભોનાં ગુંચવણભર્યા કેઈસો વર્ષો સુધી લટકતા રહે છે અને પછી કબરમાં દફનાવાય છે. આળસુ, નિંભર, કામચોર સરકારી તંત્ર, તેની બેદરકારી નિષ્ક્રિયતા અને અપરિપકવ જ્ઞાનનાં કારણે પ્રશ્નને પૂરો સમજયા વગર, 'જા બિલાડી મોભા ભોમ'ની નીતિ અપનાવી જવાબ આપી દે છે.

અમદાવાદનાં બેન પ્રમીલાબેન એમ. મોડ (સ્વ.ગિરીશભાઈ માધવસિંહ બારહટ) ('જનાળી'ના પત્ની) ફીમેલ હેલ્થ વર્કરનાં પદેથી વયમર્યાદા અનુસારે તા.૩૧/૫/૨૦૨૦નાં વય નિવૃત્ત થયા.એમને કોઈ નિવૃત્તિ લાભ ચૂકવવામાં ન આવ્યા અને એવો પ્રત્યુત્તર આપ્યો કે તમારી ૧૭ વર્ષની સેવા એડહોક–હંગામી છે અને આઠ વર્ષ રેગ્યુલર નિમણૂંકની છે, એટલે સેવાગાળો પેન્શનને પાત્ર નથી અને કોઈ લાભો મળવાપાત્ર નથી.

સેવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું. સપ્ટેમ્બર ૨૦૨૨માં તેઓને વર્ષાબેન મ્હેડુ (વીદરકાના સ્વ.શિવદાનભાઈનાં દીકરી અને હસુદાન નરહરદાન મ્હેડુ જામનગરનાં પત્ની)એ તેમને કહ્યું કે આ કામ મહેરબાનભાઈ કરી આપશે એટલે મારા ઘેર ત્રણેય આવ્યા. જે કાગળો હતા તે મળ્યા અને ખૂટતા કાગળો તાલુકા હેલ્થ ઓફિસર, ધોળકાથી મેળવ્યા. સળંગ નોકરીનો સમય અપૂરતો હોવાથી પેન્શન મળવાની હાલ પૂરતી કોઈ શકયતા જણાતી નહોતી, પણ ગ્રેજયુઈટી, વીમા વિગેરેની રકમ તેમને મળવી જોઈએ. સામાન્ય રીતે સરકારી બાબુઓ એવું જ્ઞાન ધરાવે છે કે પેન્શન ન મળે તો ગ્રેજયુઈટી પણ ન મળે પેન્શન અને ગ્રેજયુઈટી અલગ અલગ પ્રશ્નો છે, તેને એકસાથે જોડી ન શકાય.

આ પ્રશ્નને બે દિશાએથી લડવો પડે,

એટલે કાનૂની સહાય માટે અરજી હાઈકોર્ટમાં કરી, અને લેખિત રજૂઆત જિલ્લા વિકાસ અધિકારી, અમદાવાદને કરી. કાનૂની સહાય મંડળે, અરજદારણને રુબરુ બોલાવી જરૂરી કાર્યવાહી કરી અને જિલ્લા વિકાસ અધિકારી વિ.ને રેકોર્ડ સાથે આવવા નોટીસ કરી. દરમ્યાન મુખ્યમંત્રીશ્રીને સ્વાગત પોર્ટલ પર ફરિયાદ કરતાં કલેકટર કચેરીમાં ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં બેનને બોલાવ્યા, સાંભળ્યા ને તુરત ઘટતું કરવા સૂચના આપી. અરજદાર બેન સક્રિય એટલે જયાં રુબરુ જવાનું કહીએ ત્યાં જઈ આવે, બાકી મારા અનુભવમાં ઘણાં આત્માઓ એવા આવ્યા કે તમે બધું કરો તેમ કહે.

મુખ્ય જિલ્લા હેલ્થ ઓફિસરનો મને ફોન આવ્યો ને સંપૂર્ણ વિગતો સમજી. તેઓએ મને જણાવ્યું કે હંગામી નોકરીનો વિષય ઘણાં બધા કર્મચારીઓનો છે અને આ બાબત નીતિવિષયક હોઈ અમે આરોગ્ય વિભાગ સમક્ષ દરખાસ્ત મોકલી છે, બાકીનાં લાભો તુરત ચૂકવી આપશું. તાલુકા લેવલે કલાર્કભાઈ અસહકાર આપે, એટલે ઉપરનાં લેવલે વાત કરી.

તા.૧૫/૯/૨૦૨૩નાં રૂા.૧,૧૭,૯૩૬/- ગ્રેજયુઈટીની રકમ ચૂકવવા હુકમ થયો અને રકમ ચૂકવાઈ ગઈ. જૂથ વિમાની રકમનું કાર્ય પ્રગતિમાં છે અને સ્પેશ્યલ કેઈસ તરીકે હંગામી નોકરીમાંથી બે વર્ષનો લાભ આપી પેન્શનપાત્ર સેવા ગાળો બનાવવા પણ પ્રયત્ન ચાલુ છે. સામાન્ય રીતે સરકારી તંત્ર ગ્રેજયુઈટી ચૂકવતું નથી પણ અલગથી ગ્રેજયુઈટીનો લાભ ચૂકવવાનો ગુજરાતનો પ્રથમ કિસ્સો હશે. મુખ્ય જિલ્લા હેલ્થ ઓફિસર અને તેનાં સ્ટાફે ખૂબ સહકાર આપ્યો. છેલ્લે એક ફોર્મમાં સહી લઈ ટ્રેઝરીમાં આપવાનું હતું અને કચેરીનાં કામકાજનાં કલાકો પૂરા થવામાં હતા ત્યારે બેન જિલ્લા પંચાયત ગયા. પણ બહાર બેસવાનું કહ્યું, બેને મને ફોન કર્યો કે પરિસ્થિતિ આવી છે. મેં પરમાર સાહેબ, મુખ્ય જિલ્લા હેલ્થ ઓફિસરને ફોન કર્યો કે અરજદાર બહાર બેઠા છે, આપ જલ્દી તેનાં ફોર્મમાં સહી કરશો તો આજે જ તે ટ્રેઝરીમાં પહોંચાડી શકે, તો તુરંત બેનને બોલાવ્યા ને સહી કરી આપી.

(૯૪૨૯૦ ૦૩૩૫૯)

•••

- કચ્છ જિલ્લાના ગાંધીધામ ટાઉન સેક્ટર ૧ થી ૪ના મધ્યભાગમાં સ્થિત બાલવાટિકા બગીચા ફરતે આવેલ રિંગ રોડનું નગરપાલિકા - ગાંધીધામ દ્વારા સ્વ.ભગવાનજી ખાનજી અયાચી નામકરણ જાહેર કરવામાં આવેલ છે.

- ભૂજના કચ્છ ચારણ વિશ્રાન્તિ ભવન ખાતે અખિલ કચ્છ ચારણ સમાજની બેઠકનું આયોજન થયું હતું. જે બેઠકમાં ભૂજ ખાતે **સાવિત્રીબેન પુષ્પદાનભાઈ ગઢવી પરિવાર** દ્વારા ચારણ સમાજને અર્પણ થયેલ જમીન પર કન્યા છાત્રાલય નિર્માણનો સંકલ્પ લેવાયો હતો. ઉપરાંત પ્રમુખ પદે દેવરાજભાઈ કરશનભાઇ ગઢવીની વરણીને સૌએ આવકારી હતી.

- જામવાળા (ગીર) તા.ગીરગઢડા જિ.ગીરસોમનાથ ખાતે નાણાવાળીનો નેસ પીઠડધામ ખાતે આઈશ્રી લક્ષ્મીમાની પ્રેરણાથી આઈશ્રી પીઠડ પ્રાગટય દિન (વસંતપંચમી)ના દિવસે ડાયરો સહિતના વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

# ભૂજ ખાતે ચારણી સાહિત્ય સેમિનાર યોજાયો

• સંકલન

ચારણોના શબ્દોમાં સાક્ષાત માતાજી બિરાજમાન છે. ચારણોની જીભ પર સરસ્વતિ બિરાજમાન હોય તેવા અનેક જાત અનુભવો થયા છે ત્યારે ચારણી સાહિત્યની સમૃદ્ધિ સમાજ માટે ઉપયોગી ભાથું બની રહે તેવી લાગણી કેન્દ્રિય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાએ ભૂજમાં ચારણી સાહિત્ય સેમિનારના દ્વિતીય સત્રને ઉદ્‌બોધન કરતા જણાવ્યું હતું. પોતાના સંબોધનની શરૂઆત સૌને રામ રામ કહીને કરતા જ સમગ્ર પરિસર ભગવાન રામના જયઘોષથી ગુંજી ઉઠયું હતું. હમીરજી હત્નુ લોક સાહિત્ય કેન્દ્ર અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુકત ઉપક્રમે આયોજીત ચારણી સાહિત્ય વર્તમાન પરીપ્રેક્ષ્ય અને સંવર્ધન સેમિનારમાં કેન્દ્રિય મંત્રીએ પોતાની પ્રચલિત કાઠિયાવાડી શૈલીમાં સંબોધન કરી ઉપસ્થિત સાહિત્ય રસિકોને મંત્રમુગ્ધ કર્યા હતા. તેમણે લોક સાહિત્યના રાષ્ટ્રીય સ્તરે પ્રસાર માટેની ખાતરી આપી હતી. લોકસાહિત્યના સુંદર પ્રસંગે ઉપસ્થિત રહેવાનો અવસર મળ્યો તે બદલ પોતાને સદ્‌ભાગી ગણાવ્યા હતા અને નિમંત્રીત કરવા બદલ પૂર્વ સાંસદ પુષ્પદાન ગઢવીનો આભાર વ્યકત કર્યો હતો.

કેન્દ્રિય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાએ ચારણી અને લોકસાહિત્ય વિષયે તેમના પ્રતિભાવો રજૂ કરીને જણાવ્યું હતું કે, જીવન જીવવાની રીત, સંસ્કારોનું સિંચન લોક સાહિત્યમાંથી થાય છે. તેમણે સ્થાનિક સાહિત્યકારોને હાકલ પણ કરી હતી કે, લોકસાહિત્ય માટે વધુ શું કરવું જોઈએ તેની પ્રસ્તાવના વિદ્વાન લોકોએ તૈયાર કરીને કેન્દ્ર અને રાજય સરકારને મોકલી આપે જે અંગે આગળ વિચાર કરાશે.

ક્રાંતિગુરુ શ્યામજીકૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી ખાતે હમીરજી રત્નુ લોકસાહિત્ય કેન્દ્ર અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુકત ઉપક્રમે આયોજિત રાષ્ટ્રીયકક્ષાના ચારણી સાહિત્ય પરિસંવાદમાં મુખ્ય અતિથિ તરીકે કેન્દ્રિય મંત્રી રૂપાલાએ રાજકવિ હમીરજી રત્નુની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. ત્યાર બાદ પરિસંવાદમાં કહ્યું હતું કે, સરકાર તમામ ભાષા અને લોકસાહિત્યનું સમાન રીતે સંવર્ધન થાય તે માટે પ્રયાસ કરી રહી છે. ભૌતિક વિકાસની સાથે સાંસ્કૃતિક વિકાસ થાય તે પણ જરૂરી છે. લોકસાહિત્યના સંવર્ધન માટે પ્રમાણિક પ્રયાસો કરવાનો વિશ્વાસ વ્યકત કર્યો હતો. પૂર્વ સાંસદ પુષ્પદાન ગઢવીના પ્રયાસોથી આયોજીત હમીરજી રત્નુ પરિસંવાદમાં તેમના જીવન સહિત તેમના દ્વારા રચાયેલા લોકસાહિત્યના સંવર્ધન માટે નવી દિશાઓ ખૂલી છે. પગરણ મંડાયા છે એમ પણ રૂપાલાએ ઉમેર્યું હતું. શંભુદાન ઈશરદાન ગઢવી મેમોરિયલ ટ્રસ્ટ, ભુજ અને શિવશકિત સ્ટડી સેન્ટરની કામગીરીની પ્રશંસા કરી હતી.

આ પ્રસંગે કચ્છ મોરબી સાંસદ વિનોદ ચાવડાએ ચારણી સાહિત્ય પરિસંવાદને ત્રિવેણી સંગમ સમાન ગણાવ્યો હતો. હમીરજી રત્નુ લોકસાહિત્ય કેન્દ્રની સાહિત્ય સંવર્ધનની કામગીરી સહિતની પ્રવૃત્તિઓને આવકારી હતી. રાજસ્થાનના પૂર્વ સાંસદ ઓમકારસિંહ લાખાવત અને ડો.સી.પી.દેવલે પરિસંવાદના વિષયને અનુરૂપ રાજ કવિ હમીરજી રત્નુના જીવન, તેમની રચનાઓ વિશે વિસ્તૃત છણાવટ કરી હતી. હમીરજી રત્નુ લોકસાહિત્ય કેન્દ્રના નિયામક ડો.કાશ્મીરા મહેતાએ સંસ્થાના કાર્યો વિશે સૌને માહિતગાર કરીને આવકાર આપ્યો હતો. માજી સાંસદ પુષ્પદાન ગઢવીએ આભારવિધિ કરી હતી. કચ્છી વાર્તાઓ, સોવેનિયર સહિત કુલ ત્રણ પુસ્તકનું વિમોચન કરાયું હતું. ભૂજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ, પૂર્વ રાજયમંત્રી વાસણભાઈ આહિર, કચ્છ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડો.જી.એમ. બુટાણી, ચારણી સાહિત્યના વિદ્વાન અંબાદાન રોહડિયા, જિલ્લા પશુપાલન અધિકારી હરેશ ઠક્કર, અજય ગઢવી, દિપક ગઢવી ઉપરાંત ચારણી સાહિત્યકારો, સંશોધકો, કચ્છ યુનિવર્સિટીનો સ્ટાફ, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

(૯૯૨૫૪ ૩૪૬૭૭)

• • •

# શકિતનું રહસ્ય

• મોહમ્મદ માંકડ

શરીરમાં શકિત કઈ રીતે ઉત્પન થાય છે અને કેટલા પ્રમાણમાં ઉત્પન્ન થાય છે તેના વિશે આપણે બહુ થોડું જાણીએ છીએ. અમુક કલાક કામ કર્યા પછી માણસ થાકી જાય છે. પરંતુ એ જ માણસને બીજા સંજોગોમાં બમણો સમય કામ કરવા છતાં થાક લાગતો નથી.

આ બાબતમાં માનવશરીરનો વિચાર કરીએ તે પહેલાં અન્ય જીવ-જંતુઓની આશ્ચર્યકારક શકિતઓ વિશે થોડું જાણવા જેવું છે અને એના સંદર્ભમાં માણસના શરીરની અને મનની શકિત વિશે નવી જ દિશામાં વિચારવાની જરૂર છે.

આપણી આસપાસ વસતાં નાનકડાં જીવ – જંતુઓ એવું તો આશ્ચર્યકારક જીવન જીવે છે કે જેનો પાર વિજ્ઞાન હજી વર્ષો સુધી પામી શકવાનું નથી.

એવાં જંતુઓ છે કે જે પોતાની લંબાઈ કરતાં ૧૦૦ ગણો લાંબો કૂદકો મારી શકે – પોતાની ઊંચાઈ કરતાં ૫૦૦ ગણું ઊંચું કૂદી શકે અને પોતાના વજન કરતાં ૫૦૦ ગણું વજન ઊંચકી શકે. એ બધું કેટલું અજાયબીભર્યું અને છતાં સાચું છે ! અને આ બધું કરે છે – આ સૃષ્ટિના ખૂબ જ સામાન્ય કોટિના નાનકડા જીવો. આવડી મોટી શકિત એ કયાંથી લાવતા હશે?

એક સામાન્ય કીડી કે વાંદાનો વિચાર કરીએ.. પોતાના વજન કરતાં ૫૦૦ ગણું વજન એ ઊંચકી શકે છે. માણસ જો એટલી શકિતથી વજન ઊંચકે તો સામાન્ય રીતે છત્રીસ ટન(૩૬ × ૫૬ = ૨૦૧૬ મણ) વજન ઊંચકી શકે અને પેલી ખપેડી ! નાનકડું તીડ ! પોતાની ઊંચાઈ કરતાં ૫૦૦ ગણું વધુ કૂદી શકે. માણસ એની બરોબરી કરવા ધારે તો બસો માળનું મકાન કૂદવું પડે. ને છતાં એ બધા જીવોને આપણે સામાન્ય જંતુઓ ગણીએ છીએ.

આ બધાં જંતુઓ આવી જંગી તાકાત કયાંથી મેળવતાં હશે એ કોયડો આજે પણ અણઊકલ્યો છે. આજનું વિજ્ઞાન પણ એનો ઉકેલ શોધી શકે એમ નથી.

માખીની પાંખ કે મચ્છરની પાંખ જે ઝડપથી ધ્રુજે છે એનો વિચાર કરીએ અગર તો કીડીની ઝડપી ગતિનો વિચાર કરીએ તો આજનાં આપણાં યંત્રો વામણાં લાગશે. એટલું જ નહિ પણ આપણાં યંત્રો જે સિદ્ધાંતો પર ચાલે છે એ સિદ્ધાંતો પણ કેટલેક ઠેકાણે ખોટા સાબિત થશે.

એકાદ નાનકડું જંતુ સુસવાટ ઊડતું આવે છે, સામે દીવાલ સાથે અથડાય છે, પડે છે, ગબડે છે, ફરી ઊંધું–ચત્તું થઈ જાણે કાંઈ જ બન્યું ન હોય એમ ઊડવા લાગે છે. આપણું અદ્યતન વિમાન પણ આ કામ કરી ન શકે અને સૌથી અજબ વાત તો એ છે કે આ બધાં જંતુઓ જે શકિતથી કામ કરે છે એ શકિત તેઓ જે બળતણ ખોરાક, પાણી, હવા વાપરે છે એના કરતાં અનેક ગણી વધારે હોય છે. સામાન્ય રીતે યંત્રમાં આમ બનતું નથી, બની શકે જ નહિ.

પક્ષીઓ ઠંડીની મોસમમાં હવાઈ ટાપુઓમાં ઊડીને જાય છે. વળી પાછાં વસંતઋતુમાં પાછાં ફરે છે. આ અંતર ૨૦૦૦ માઈલનું ગણાય અને આખું ઉડ્ડયન મહાસાગરના વિશાળ જળ ઉપર જ થતું હોવાથી વિસામો ખાવા માટે જમીન પણ એને મળતી નથી; એટલું જ

નહિ પણ એ પક્ષીઓની ચાંચ એ જાતની હોય છે કે હવામાં ઊડતાં જંતુઓને એ પકડી શકતાં નથી. પરિણામે, એ હજાર માઈલની લાંબી મુસાફરી એને ભૂખ્યા પેટે એકધારી કરવી પડે છે. આ પક્ષીઓનાં શરીર નાજુક હોય છે, એટલે બીજાં પ્રાણીઓ જેવો ચરબીનો જથ્થો પણ એમના શરીરમાં હોતો નથી – તો પછી આવડા જબ્બર ઉડ્ડયન માટેની શકિત તેઓ કયા પદાર્થના રૂપમાં અને કયાં છુપાવી રાખતાં હશે ?

આપણાં યંત્રો સામાન્ય રીતે એમને જે બળતણ મળે એના પ્રમાણમાં કામ આપી શકે છે. કોઈપણ યંત્ર તેને મળતા બળતણ કરતાં વધુ કામ આપી શકે જ નહિ. આ એક સ્વીકારાયેલો સિદ્ધાંત છે. પ્રાણીઓને પણ આ નિયમ લાગુ પાડીએ તો પોતાના ખોરાક, પાણી કે હવા તરીકે પ્રાણી જે બળતણ લે છે તેનો ઉપયોગ કરીને એટલે કે ઓકિસજન દ્વારા તેનું દહન કરીને શકિત મેળવે છે. આ રીતે જોતાં પ્રાણીની શકિતનો આધાર એણે લીધેલ ખોરાક વગેરે બળતણ પર રહે છે અથવા બીજી રીતે કહીએ તો પ્રાણી જે ખોરાક લે છે એના પરથી એની શકિતનો કયાસ કાઢી શકાય છે. પરંતુ આ બાબત પણ ખોટી પુરવાર થયેલ છે.

ઘણાં વર્ષો પહેલાં ફ્રેન્ચ જંતુશાસ્ત્રી જીન હેન્રી ફોબરે પોતાના બગીચાનાં નાનકડાં જીવજંતુઓનો અભ્યાસ કરીને ઘણી ચોંકાવનારી હકીકતો રજૂ કરી છે. એણે પોતાના પ્રયોગો ખાસ કરીને વીંછી અને કરોળિયા ઉપર કર્યા હતા. એણે કેટલાક નાના વીંછી અને કરોળિયાને પૂરી રાખ્યા હતા અને તેની ટેવોનો રીતસરનો અભ્યાસ કર્યો હતો. એની અજાયબીઓ વચ્ચે એણે જોયેલું કે વીંછીનાં નાનકડાં બચ્ચાં – જે જન્મ્યા પછી એકાદ અઠવાડિયા સુધી તો કશું ખાતાં જ નથી પણ એ સ્ફૂર્તિથી દોડાદોડી કરી શકતાં હતાં. એ બધું જોઈને ફોબરને પ્રશ્ન થતો : 'આ બધી શકિત આ જંતુઓ કયાંથી મેળવે છે ? નથી એમને ખોરાકરૂપી બળતણ મળતું કે નથી એમના શરીરમાં બળતણનો એવો કોઈ મોટો જથ્થો...તો પછી ?'

એને થયું કે આ જંતુઓ હવાના ઓકિસજનમાંથી શકિત ગ્રહણ કરતાં હશે અને વધુ પ્રયોગો દ્વારા એને જાણવા મળ્યું કે એ બધા દિવસો દરમિયાન પણ એ જંતુઓના શરીરનું વજન તો ઘટયું જ નહોતું, એટલું જ નહિ પણ એમના કદમાં ઊલટાનો વધારો થયો હતો.

ફોબર ચક્કરમાં પડી ગયો. કોઈપણ પ્રાણી જે જાતે જ એક બળતું યંત્ર હોય, ચોવીસ કલાક જેના શરીરમાં દહનક્રિયા ચાલ્યા જ કરતી હોય અને છતાં એનું વજન એકધારું જ રહે. અરે, પાછું એ મોટું થાય, વધે ?

એણે મોટા એટલે કે પુખ્ત કહી શકાય એવા વીંછી ઉપર એક બીજો પ્રયોગ કર્યો. એક કાચની બરણીમાં એણે વીંછી પૂરી રાખ્યા અને હવા સિવાય કોઈ વસ્તુ, કોઈ જાતનો ખોરાક કે પાણી ન મળી શકે એવી વ્યવસ્થા રાખી. નવ મહિના સુધી એણે એ પ્રયોગ કર્યો. એને તાજુબી વચ્ચે નવ મહિના પછી પણ એમનામાં કોઈ ઘટાડો નોંધી શકાયોનહિ. નવે મહિના બરણીમાં ઉપરનીચે બધે એ દોડતા જ રહ્યા. એમના શરીરમાં ખોરાકનો, બળતણનો કે ચરબીનો કોઈ મોટો જથ્થો નહોતો તો પછી એ બધી શકિત એમણે મેળવી કયાંથી ?

ફોબરના આશ્ચર્યનો પાર નહોતો ને આજે પણ આપણે ફકત આશ્ચર્ય સહિત જ એનો વિચાર કરી શકીએ છીએ. આજનું વિજ્ઞાન પણ એનો તાગ કાઢી શકે એમ નથી. એક વાત ચોક્કસ છે, ફોબના એ નાનકડા વીંછી અને કરોળિયા ગમે તે 'બળતણ'ના આધારે કામ કરતા હોય પણ એને

આજના વિજ્ઞાને બનાવેલ કોઈપણ અદ્યતન યંત્ર કરતાં પણ ઉત્તમ કોટિનું યંત્ર માનવું પડશે.

આ બધાં જીવજંતુઓની અસાધારણ શકિત જોતાં એક વસ્તુ માનવી જ પડશે કે તેઓ આપણને અજાણ કેવી કોઈ પદ્ધતિએ એમને મળતાં 'બળતણ' (ખોરાક, પાણી અને હવા)નો ઉપયોગ કરીને આપણા ધાર્યામાં પણ ન આવે એવડી શકિત ઉત્પન્ન કરી શકે અથવા તો એમની પાસે 'શકિત'નાં એવાં કોઈ છૂપાં સાધનો છે, જેની આપણને માહિતી નથી.

માણસ આ બધા જીવો કરતાં વધારે વિકસિત છે. શકિત માટેના આવા કોઈ ગૂઢ સ્ત્રોતની તે શોધ ન કરી શકે ?

અને એ બધા નાનકડા જીવોએ આ 'શકિત' ઉપર લાખો–કરોડો વર્ષોથી કાબૂ મેળવ્યો છે.

એટલું જ નહિ, આપણી પૃથ્વીને કોઈપણ જાતની હાનિ પહોંચાડયા વિના જ. આપણે 'પરમાણુ'ની શકિત તો શોધી પણ આ પૃથ્વી ઉપરના આપણા જ કેટલાક નિર્દોષ ભાંડુઓનો પહેલો જ ભોગ લીધો ને હજીયે કોણ જાણે કયાં જઈને અટકશું ? આપણા પગ નીચે ચગદાઈ જતા નાનકડા જીવોના 'શકિતના સ્ત્રોત'ને જો આપણે જાણી લઈએ, એમનું છૂપું વિજ્ઞાન જો શીખી લઈએ તો કદાચ રચનાત્મક શકિતનો કોઈક અજબ ઝરો આપણે શોધી શકીએ.

**– સૌજન્ય : 'શબ્દસૃષ્ટિ' ફેબ્રુઆરી–૨૦૨૩**
**(મોહમ્મદ માંકડ વિશેષાંક)**

•••

રામપરા (ગીર) તા.વિસાવદર, જિ. જૂનાગઢ સ્થિત આઈશ્રી રૂપલમા સ્થાપિત શ્રી નવદુર્ગા શક્તિતીર્થ ખાતે તા.૧૫/૦૨/૨૦૨૪ના રોજ સ્વ.શાંતાબેન કેશવદાન દેવ(બારોટ)ની સ્મૃતિમાં શ્રી કમલભાઈ કેશવદાન દેવ (બારોટ) પરિવાર દ્વારા આશરે રૂપિયા એક કરોડના ખર્ચે મા રૂપલ ભોજનાલયનું નિર્માણ કરી આઈશ્રી રૂપલ ચેરિટેબલ ટ્રસ્ટને અર્પિત કરાયું હતું.

ઉપરોક્ત દાતાશ્રી દ્વારા શ્રી કાનજીભાઈ નાગૈયા ચારણ કુમાર છાત્રાલય, મેઘાણીનગર, જૂનાગઢ ખાતે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે બોર્ડિંગના પટાંગણમાં જ આશરે રૂપિયા ૨૫ લાખના ખર્ચે શ્રી સોનલ વિદ્યાભવન (વાંચનાલય)નું નિર્માણ કરી અગાઉ અર્પણ કરવામાં આવેલ છે. સમસ્ત વાલગોતર પરિવારને અભિનંદન.

રામપરા ખાતે ચૈત્રી નવરાત્રિ દરમિયાન નવદુર્ગા શક્તિ તીર્થ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉપરાંત તા.૦૯/૦૪/૨૦૨૪ થી ૧૭/૦૪/૨૦૨૪ દેવી ભાગવત જ્ઞાનયજ્ઞ, ૨૪મો પાટોત્સવ તેમજ સમૂહલગ્ન સમારોહ સહિતના વિવિધ કાર્યક્રમો યોજાનાર છે.

વડોદરા શહેર નજીકના વાઘોડિયા સ્થિત સુમન વિદ્યાપીઠ ખાતે ૧૧મા પદવીદાન સમારોહનું આયોજન થયું હતું. જેમાં વિદ્યાર્થિની **ડૉ.કિંજલ ગઢવી** સુવર્ણચંદ્રકથી સન્માનિત થયા હતા.

# મહેસાણા ખાતે સોનલ બીજ–શતાબ્દી મહોત્સવ

• ભરતદાન કે. ગઢવી

તા.૧૩/૧/૨૦૨૪ના રોજ મહેસાણામાં સ્થિત ચારણ-ગઢવી સમાજે એકત્રિત થઈ આઈમાની બીજ ઉત્સાહપૂર્વક ઉજવી. ૨૦૦૬થી શરૂ થયેલ 'સોનલ બીજ'ની ઉજવણી દિન-પ્રતિદિન ઉત્સાહપ્રેરક બની,પોષ સુદી-રની રાહ જોતાં ચારણો 'સોનલ બીજ'ને નવા વર્ષનો ઓવારણાં લેતા આનંદોલ્લાસથી ભાવ ભક્તિપૂર્વક બની ઉજવે છે.

'શતાબ્દી' મહોત્સવના પ્રસંગે ચારણ મહાત્મા (એંદલા) ઉપસ્થિત રહ્યાં અને મા ભગવતીની વિવિધ વાતો, દટાંત અને સાહિત્યાભિમુખ કરી સહુ ચારણોને અભિમુખ કર્યા. શ્રી સામંતભાઈ ગઢવી(કાલરી), શ્રી ધનજીભાઈ ઝુલા (ઈડર-કુવાવા), પ્રિ.ઘનશ્યામ ગઢવી (ચરાડા) વગેરેએ વકતવ્ય આપ્યા હતા.

પ્રારંભમાં આઈમાના ફોટાની સન્મુખ દીપ પ્રાગટ્ય, આરતી ગાન દ્વારા ધાર્મિક વાતાવરણ ઊભું કર્યું હતું. આઈશ્રી સોનલ વંદના બાદ પ્રવચનની શૃંખલા અને ડાયરાના પ્રસિદ્ધ કલાકાર મિતરાજ ગઢવી(ચારણિયા)દ્વારા આઈમાની વંદના, ચરજ અને સ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી. આપણા સમાજની બહેનો ગઢવી શિલ્પાબેન/રેખાબેન દ્વારા ચરજગાન થયું હતું. ઉપરાંત બાળ કલાકાર રુદ્ર ગઢવીએ ચારણી શૈલી-છંદમાં 'કટારી' અભિવ્યકત કરી હતી.

૨૦૦૬થી શરૂ થયેલ 'સોનલ બીજ' નિરંતર ઉજવાય છે. દર વર્ષે વિવિધ દાતાઓનો સહયોગ મળે છે. આ વર્ષે શતાબ્દી-વર્ષના દાતા શ્રી ગઢવી બાબુભાઈ અંબાદાન(દેવરાસણ) રહ્યાં. શાળા-કોલેજમાં ભણતા તમામ વિદ્યાર્થીઓને ભેટ સ્વરૂપ પ્રતીક પણ આપવામાં આવે છે. જેના દાતાશ્રી જીતુદાન મોરરદાન ગઢવી (મુલરણ) રહ્યાં. સમગ્ર 'સોનલ બીજ - શતાબ્દી' વર્ષની ઉજવણીની જવાબદારી વર્ષોથી સંભાળતા એવા નરહરદાન ગઢવી(કાલરી)અને ભરતદાન કે. ગઢવી(બીડજ)એ પોતાની સેવાઓ દાખવી સહુને મા સોનલના ગુણગાનથી વાકેફ કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ મહેસાણા ખાતે હાઈવે ઉપર આવેલ 'જલારામ મંદિર'ના હોલમાં ઉજવવામાં આવ્યો હતો. આભારવિધિ ડો.જબરદાન બાટી (વિરસોડા)એ કરી હતી.

(૯૪૨૯૧ ૭૩૭૮૯)

•••

**ગુજરાત પોલીસ દળમાં વિવિધ શહેર/ જિલ્લા / યુનિટ ખાતે સરાહનીય ફરજ બદલ સન્માનિત થયેલ અધિકારીઓ તથા કર્મચારીઓની યાદી નીચે મુજબ છે :**

૧) C.P.I. શ્રી વી.કે.ગઢવી સર્કલ પોલીસ ઈન્સ્પેક્ટર - રાપર પૂર્વ કચ્છ જિલ્લો
૨) P.S.I. શ્રી જે.જે.ગઢવી સ્થાનિક ગુન્હા શોધક શાખા - જૂનાગઢ જિલ્લો
૩) P.C. શ્રી જયદાનભાઈ ગઢવી સ્થાનિક ગુન્હા શોધક શાખા - ભાવનગર જિલ્લો
૪) P.C. શ્રીઅનિરુદ્ધસિંહ મોડ વડીયા પોલીસ સ્ટેશન, અમરેલી જિલ્લો

# આજના યુગનો મહારોગ – 'કંટાળો' –

• વિનોદ મકવાણા

આજની એક વસમી સદીમાં જ્યાં નજર કરીએ કે, કોઈ વ્યક્તિને પૂછીએ તો પોતાની વ્યથા રજૂ કરતા રહે છે, 'કંટાળો આવે છે', 'કોઈ કામ કરવાની ઈચ્છા થતી નથી', 'મુડ ઓફ છે', 'થાકી જવાય છે', 'આ કામથી બોર થઈ ગયો', 'કામમાંથી સમય મળતો નથી' વિગેરે વાકયો લોકો તરફથી સાંભળવા મળે છે. વાસ્તવમાં આજકાલ આ નવા પ્રકારનો રોગ, આજના સભ્ય, શિક્ષિત સમાજમાં વિદ્યાર્થી, યુવાનો, મહિલાઓ અને વડીલોમાં વ્યાપકપણે પ્રસરી રહ્યો છે. આ સમાજ માટે ચિંતાજનક બાબત છે.

આ કંટાળો એટલે શું? BORE DOM કંટાળો એક પ્રકારની મનોસ્થિતિ છે. જે કામ ચાલુ રાખવા કે પૂરું કરવા માટે ફરજ પાડવામાં આવે અથવા કોઈ કામને સતત કરતા રહેવાથી, આપણો રસ ઘટી જતા, થાક લાગે, મન ન લાગે આવી સ્થિતિમાંથી ઉત્પન્ન થતી વૃત્તિને કંટાળો કહે છે. કંટાળો આવે છે, ત્યારે એકરસતા તૂટે છે. કંટાળાથી માનસિક વ્યગ્રતા, અસુખ, અજંપો પ્રગટે છે તેની અસર સ્વાસ્થ્ય પર થાય છે.

કોઈપણ કાર્ય કરવાનું આજે ગમે, તે કરવામાં કાલે કંટાળો પણ ઉપજે. કંટાળાની લાગણી, કામ વાસ્તવિક રૂપમાં કેવું છે? તે ઉપર નહીં પરંતુ વ્યક્તિને તે કેવું લાગે છે? તેના ઉપર આધાર રાખે છે. કંટાળો એ વ્યક્તિનું લક્ષણ છે, કાર્યનું નહીં. કંટાળો એ વૈશ્વિક બીમારી છે. દરેક વ્યક્તિને જીવનમાં કોઈને કોઈ સમયે અનુભવ થયેલ હશે જ. આ કંટાળો દૂર કરવા તેનાથી બચવાના ઉપાયો અંગે વિચારીએ.

o આપણે સૌથી વધારે આપણી જાતથી કંટાળીએ છીએ, એમાંથી બહાર આવવા કપડાની સ્ટાઈલ, હેરસ્ટાઈલ, રોજિંદી ક્રિયામાં કશો ફેરફાર કરી, લાઈફ સ્ટાઈલ બદલવી. આપણે આપણી જાતમાં કંઈક નવું શોધીએ, કરીએ.

o જ્ઞાની માણસ એ કહેવાય કે જે વર્તમાનને બરોબર સમજે છે. આપણી સમક્ષ જે વ્યક્તિ, સ્થિતિ, સ્થળ કાર્ય છે તે સર્વ શ્રેષ્ઠ જ છે. તેની સાથે આપણા જીવને ગોઠવીએ તો કંટાળો અસંતોષની ફરિયાદ જ ન રહે.

o કંટાળાજનક જિંદગીમાં પણ આનંદ અને પ્રસન્નતા શોધવા હોય તો હકારાત્મક અભિગમ અપનાવો, જુઓ પછી એ જ જિંદગી જીવવાનો આનંદ કંઈક જુદો જ આવશે.

o આપણને જીવનમાં ઈશ્વરે જે કંઈપણ કાર્ય સોંપેલ છે, તેમાં વ્યક્તિએ પોતાની બુદ્ધિશક્તિ અને કાર્યશક્તિનો મહત્તમ ઉપયોગ કરવો. કાર્યને વૈવિધ્યપૂર્ણ તથા લયબદ્ધ બનાવી પરિવર્તન લાવી વિશ્રાંતિનો સમય રાખી કાર્ય કરવું.

o વ્યક્તિ કાર્યથી કંટાળે છે, ત્યારે પોતાને કોઈ મનોરંજન કે સંતોષ મળે તેવું કંઈક નવું કરવા ઈચ્છે છે. આવા સમયે સંગીત સાંભળવું, પુસ્તકોનું વાંચન, યોગ, કસરત અને સ્પોર્ટસ જેવી પ્રવૃત્તિ કરી, મનનું રંજન કરી, કંટાળો ઓછો કરવો. શ્રી અબ્દુલકલામ સાહેબ કંટાળાને દૂર કરવા વીણા વગાડતા કે પુસ્તકો વાંચતા.

o સિનિયર સીટીજનો-નિવૃત્ત લોકોને કંટાળો વધુ આવે છે. તે માટે વડીલોએ પોતાની મનગમતી પ્રવૃત્તિમાં પ્રવૃત્ત રહેવું, નવું શીખવું, જાણવું, પ્રવાસ કરવા, મિત્રોને મળવું.

જિંદગી કંટાળારૂપ લાગે એ અધૂરી

કેળવણીની નિશાની છે. માણસને જીવનમાં કંટાળો આવે જ નહીં, તે માટે વિવિધ ઋતુઓ, તહેવારો, ઉત્સવો, જાહેર રજાઓ વિગેરેની વ્યવસ્થા છે. પરંતુ આપણે તેને માણવાને બદલે તે પ્રત્યે દુર્લક્ષ સેવીએ છીએ. આ માટે માણસને પોતાનો અહમ્, સ્ટેટ્સ,પદ, પ્રતિષ્ઠા નડે છે. જેને કારણે જીવન નિરસ બની રહે છે અને કંટાળાનો સામનો કરવો પડે છે.

દરેક વ્યકિતએ પોતાનું રસતંત્ર, રંજનતંત્ર, સહજ રીતે ખોલી લઈ, તેમાં પ્રવૃત્ત થવાનું છે, તમારા મનને કોઈ વાત કે રંગમાં રંગી નાખી, જીવનના કંટાળાને, મનગમતા રંગો વડે, રંગી લો. પછી કંટાળો નહીં કનડે. એક ચિંતક કહે છે :

**કંટાળો ને આળસ છોડી, શરમ ને હું પદ ભૂલી,**
**મન મુકીને કરીએ કામ, તન તોડીને કરીએ કામ.**

(૯૪૨૭૨ ૦૦૦૯૬)

•••

- **વિવેકભા વજુભા ભાંસળીયા (એડવોકેટ)** તાજેતરમાં યોજાયેલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં પદવીદાન સમારોહમાં ૨૦૨૩ માં કાયદાશાખા (B.A.LL.B.) માં ઉતિર્ણ થયા હોવાથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ગુજરાત રાજયના મહામહીમ રાજયપાલ અને કુલાધીપતિશ્રી આચાર્ય દેવવ્રતજી, શિક્ષણમંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ તથા રાજયકક્ષાના શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયા તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રોફે. નીલાંબરીબેન દવે હાજરી સમક્ષ સુવર્ણચંદ્રક (Gold Medal) એનાયત કરવામાં આવેલ હોવાથી ભાંસળીયા પરિવાર તથા સમસ્ત ચારણ-ગઢવી સમાજને ગૌરવ અપાવેલ છે.

- **આઈ શ્રી સોનલમા એજ્યુકેશનલ એવોર્ડ અપાયો** - રાજકોટ ખાતે તા.૪/૨/૨૦૨૪ ના રોજ યોજાયેલ ચારણ ગઢવી સમાજના ઉરમાસમૂહલગ્ન મહોત્સવમાં આઈ શ્રી સોનલમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ- રાજકોટ દ્વારા સૌરાષ્ટ્ર કચ્છના ચારણ સમાજના ૬ તેજસ્વી વિદ્યાર્થીઓને ૨૦૧૯, ૨૦૨૨ અને ૨૦૨૩ ના વર્ષ માટેનો **આઈશ્રી સોનલમા એજ્યુકેશનલ એવોર્ડ** ચારણ સમાજની વિશાળ હાજરીમાં માતાજી, સંત અને ટ્રસ્ટીઓના હસ્તે આપવામાં આવ્યો હતો સાથે દરેકને રૂ. ૧૧૦૦૦/- ધનરાશિ પણ આપવામા આવી હતી. ધો. ૧૦ અને ધો.૧૨ના વિદ્યાર્થીઓએ ટ્રસ્ટને કરેલ અરજી અન્વયે સૌથી વધુ પી. આર. મેળવનારને આ એવોર્ડ પ્રાપ્ત થયો હતો. હાલ આ વિદ્યાર્થીઓ MBBS જેવા ઉચ્ચ અભ્યાસક્રમ સાથે અભ્યાસ કરી રહ્યા છે. પૂ. આઈ શ્રી સોનલમા જન્મ શતાબ્દી વર્ષમાં આ એવોર્ડ માટે વિદ્યાર્થીઓનું ચયન થતા અને આ એવોર્ડ અપાતા ચારણ સમાજમાં હર્ષ અને આનંદની લાગણી પ્રસરી ગઈ હતી. *(એવોર્ડ અર્પણનો સચિત્ર અહેવાલ અંદરના પાના ૫૨ છે)*

- રેશમિયા, તા.ચોટીલા, જિ.સુરેન્દ્રનગર મેલડી ધામ ખાતે સમસ્ત પાલિયા પરિવાર દ્વારા તા.૧૨/૦૩/૨૦૨૪ના રોજ નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ધ્વજા આરોહણ, આઈ વંદના, સન્માન સમારોહ, પ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

# માનસિક સ્વાસ્થ્ય માટે રમત–ગમતની ભૂમિકા

• ડો.હરીશ બી. રાબા

લગભગ દરેક વ્યકિત સારું સ્વાસ્થ્ય ઈચ્છે છે. રાષ્ટ્રવ્યાપી મતદાન સૂચવે છે કે આપણે સારા સ્વાસ્થ્યને આપણા જીવનની ગુણવત્તાના સૌથી મહત્વપૂર્ણ નિર્ણાયકોમાંના એક તરીકે માનીએ છીએ. તે એક અમૂલ્ય સંશોધન છે અને આપણી સૌથી કિંમતી સંપત્તિઓમાંની એક છે, પરંતુ તે ખોવાઈ જાય ત્યાં સુધી તેને ઘણીવાર ગ્રાન્ટેડ માનવામાં આવે છે.

આપણામાંના ઘણાને લાગે છે કે આપણી જીવનશૈલી અથવા વર્તન દ્વારા આપણે આપણા સ્વાસ્થ્ય પર થોડું નિયંત્રણ રાખીએ છીએ. આપણે જે કરીએ કે ન કરીએ તે આરોગ્યને પ્રોત્સાહન આપશે અને રોગને અટકાવશે. જો કે, આપણાંમાંના ઘણા લોકોની ક્રિયાઓ આપણને જોઈએ તેવું સારું સ્વાસ્થ્ય ઉત્પન્ન કરતી નથી. કોલેજના વિદ્યાર્થી તરીકે, તમે ઘણી સ્વાસ્થ્ય પસંદગીઓનો સામનો કરો છો – પસંદગીઓ જે તમને 'અહીં–અત્યારે' અને તમારા બાકીના જીવન માટે અસર કરી શકે છે. તમારામાંના ઘણા લોકો  સ્વાસ્થ્યને કેવી રીતે જાળવવા અથવા સુધારવા માટે શ્રેષ્ઠ સંભવિત જવાબો જાણતા નથી અથવા તમારી પાસે આ શ્રેષ્ઠ પસંદગીઓને અમલમાં મૂકવા માટે જરૂરી જીવનશૈલી કુશળતાનો અભાવ છે.

**રમત ગમત અને શારીરિક શિક્ષણ**

રમત ગમત અને શારીરિક શિક્ષણ એ શાળાના અભ્યાસક્રમનો અભિન્ન ભાગ છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૮૬ જણાવે છે કે બાળક એ શિક્ષણનું કેન્દ્ર છે. શૈક્ષણિક શિક્ષણનો મૂળ ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓનો સર્વગ્રાહી વિકાસ કરવાનો છે. સર્વાંગી વિકાસમાં વિદ્યાર્થીના શારીરિક, માનસિક, સામાજિક વિકાસનો સમાવેશ થાય છે બાળકના યોગ્ય વિકાસ માટે શિક્ષણ પ્રક્રિયામાં રમત ગમત અને શારીરિક શિક્ષણને મહત્વપૂર્ણ સ્થાન આપવામાં આવ્યું છે. શાળા કક્ષાએ, વિદ્યાર્થીઓમાં બીજાને ઉપયોગી થવાની વૃત્તિ, નેતૃત્વ, સમાજ સેવા, સામાજિક અને સર્જનાત્મક શકિતનો વિકાસ જેવા ઉત્તમ અને ઉમદા ગુણો આત્મસાત કરવા માટે રમત ગમત અને શારીરિક શિક્ષણ ખૂબ જ જરૂરી છે. શારીરિક શિક્ષણ દ્વારા વિદ્યાર્થીમાં પર્યાવરણીય જાગૃતિ, શારીરિક-માનસિક તત્પરતા, બુદ્ધિમત્તા, શિસ્ત, સહકાર,આદર, સહાનુભૂતિ, અન્યો પ્રત્યે પ્રેમ, ઉદારતા, સારા માનવીય સંબંધો અને શિષ્ટાચાર જેવા ગુણોનો વિકાસ થાય છે.

કસરત(વ્યાયામ) એટલે હલનચલન. શરીરના કોઈપણ સ્નાયુ અને તેની સાથે જોડાયેલા સ્નાયુઓને ખસેડવાની ક્રિયાને કસરત કહી શકાય. સ્નાયુઓના સંકોચન અને વિસ્તરણને કારણે સાંધાના બેન્ડિંગ અને સીધા થવાને હલનચલન ક્રિયા કહેવાય છે. ટૂંકમાં, કસરતમાં શરીરના જુદા જુદા ભાગોની વિવિધ પ્રકારની હલનચલન. ઉદા., દોડવું, કૂદવું, ફેંકવું,ચાલવું વગેરે જેવી ક્રિયાઓને કસરત કહી શકાય.

**માનસિક સ્વાસ્થ્ય**

માનસિક સ્વાસ્થ્યને વ્યાખ્યાયિત કરવું સરળ નથી કારણ કે તે વિવિધ સંસ્કૃતિઓ અને પેટા જૂથોમાં મૂલ્યોના વ્યાપક જૂથને સમાવે છે. યુ.એસ.ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ હ્યુમન સર્વિસિસ (USDHS) માનસિક સ્વાસ્થ્યને 'માનસિક કાર્યના સફળ પ્રદર્શનની સ્થિતિ તરીકે વ્યાખ્યાયિત કરે છે, પરિણામે ઉત્પાદક પ્રવૃત્તિઓ, અન્ય લોકોના સંબંધો પરિપૂર્ણ થાય છે અને

પરિવર્તન અને પ્રતિકૂળતાનો સામનો કરવાની ક્ષમતા' (USDHS, 2010). વ્યાખ્યા પરથી સ્પષ્ટ થાય છે કે માનસિક સ્વાસ્થ્ય માત્ર થતું નથી; આપણે આપણી શારીરિક જરૂરિયાતોની જેમ આપણી માનસિક જરૂરિયાતો પર ધ્યાન આપવાની જરૂર છે.

**માનસિક બીમારી**

માનસિક બીમારી કોઈપણ વ્યકિતને પીડિત કરી શકે છે, પછી ભલે તેની ઉંમર, લિંગ, જાતિ અથવા આર્થિક સ્થિતિ હોય. માનસિક બીમારી એ એક રોગ છે જે વિચાર, ધારણા અને વર્તનમાં હળવાથી ગંભીર ખલેલ પહોંચાડે છે. જો આ વિક્ષેપો જીવનની સામાન્ય માગણીઓ અને દિનચર્યાઓનો સામનો કરવાની વ્યકિતની ક્ષમતાને નોંધપાત્ર રીતે નબળી પાડે છે, તો તેણે તરત જ માનસિક સ્વાસ્થ્ય વ્યાવસાયિક પાસે યોગ્ય સારવાર લેવી જોઈએ. યોગ્ય કાળજી અને સારવાર સાથે, વ્યકિત સ્વસ્થ થઈ શકે છે અને સામાન્ય પ્રવૃત્તિઓ ફરી શરૂ કરી શકે છે, અન્ય ક્રોનિક પરિસ્થિતિઓની જેમ, તબીબી વિજ્ઞાને છેલ્લા કેટલાક દાયકાઓમાં માનસિક બીમારીના કારણોને સમજવા, ઉપચાર કરવા અને દૂર કરવામાં અમને મદદ કરવામાં અવિશ્વસનીય પ્રગતિ કરી છે.

માનસિક બીમારી તમામ નિદાન કરી શકાય તેવી માનસિક વિકૃતિઓનો સમાવેશ કરે છે. (USDHS, 2010).આ માનસિક વિકૃતિઓ આપણી વિચારસરણી, મૂડ અથવા વર્તનમાં ફેરફાર દ્વારા માપવામાં આવે છે જે ક્ષતિગ્રસ્ત કાર્ય તરફ દોરી જાય છે અમારું ધ્યાન અહીં ચિંતા, ડિપ્રેશન અને તણાવ સંબંધિત માનસિક સ્વાસ્થ્યની ચિંતાઓ સુધી મર્યાદિત છે. આ માનસિક સમસ્યાઓ અમેરિકનો દ્વારા સૌથી સામાન્ય અનુભવાય છે અને રક્ષણાત્મક પરિબળ અને ઉપચારાત્મક પદ્ધતિ બંને તરીકે શારીરિક પ્રવૃત્તિથી પ્રભાવિત થાય છે.

અસ્વસ્થતા સામાન્ય પ્રતિભાવ જયારે ભય પેદા કરતી પરિસ્થિતિ ઊભી થાય છે. ગભરાટની વિકૃતિઓ માનસિક વિકૃતિઓ જે સતત સમયગાળા દરમિયાન ઉત્તેજના અથવા ડરને કારણે થાય છે. ડિપ્રેશન એ માનસિક વિકાર છે જે મૂડમાં નકારાત્મક ફેરફાર માટે નોંધપાત્ર છે. ડિપ્રેસિવ પ્રતિક્રિયાઓ સામાન્ય ઉદાસીન લાગણીઓ જેમ કે ઉદાસી અને નિરાશા.

**રમત ગમત અને શારીરિક શિક્ષણનો લાભ**

માનસિક તંદુરસ્તી એ સુખાકારીની સ્થિતિ છે અને આપણે કેવું અનુભવીએ છીએ, વિચારીએ છીએ અને કાર્ય કરીએ છીએ તેની સકારાત્મક સમજ છે. તેનો અર્થ છે તમારા મગજ અને ભાવનાત્મક સ્વાસ્થ્યને સારી સ્થિતિમાં રાખવું. શારીરિક શિક્ષણમાં માનસિક વિકાસમાં એકાગ્રતા, નિર્ણય લેવાની, સમસ્યાનું નિરાકરણ, ધ્યેય-નિર્ધારણ, સ્વ-શિસ્ત, આત્મવિશ્વાસ જેવી વિવિધ માનસિક કુશળતાના વિકાસ અને વૃદ્ધિનો સમાવેશ થાય છે.

રમતગમતની પ્રવૃત્તિઓ આદર, પ્રામાણિકતા, સંચાર, સહકાર, સહાનુભૂતિ અને નિયમોનું કેવી રીતે અને શા માટે પાલન કરવું તે શીખવે છે. રમતગમત એ આ મૂલ્યો, ખાસ કરીને યુવાનો માટે, આનંદ અને સહભાગી હોય તેવી રીતે વાતચીત કરવાની એક શકિતશાળી રીત છે. શરણાર્થીઓ, વિસ્થાપિત વ્યકિતઓ, અનાથ અને ભૂતપૂર્વ બાળ સૈનિકો માટે, રમત અસ્થિર વાતાવરણમાં માળખું પ્રદાન કરતી સામાન્યતાની ભાવના પ્રદાન કરે છે, અને ઊર્જાને હકારાત્મક રીતે ચેનલ કરવાના સાધન તરીકે સેવા આપે છે. **રમતગમત એ આંતરરાષ્ટ્રીય ભાષા છે.** સંસ્કૃતિઓને પાર કરવાની તેની ક્ષમતા રમત -

સંબંધિત કાર્યક્રમોને સામાજિક અને વંશીય વિભાજનને દૂર કરવા સક્ષમ બનાવે છે. પરિણામે, રમત શાંતિને પ્રોત્સાહન આપવા માટે એક શકિતશાળી સાધન બની શકે છે, વૈશ્વિક સ્તરે પ્રતીકાત્મક રીતે અને સમુદાયોમાં ખૂબ જ વ્યવહારિક રીતે.

**શારીરિક પ્રવૃત્તિ અને આરોગ્ય જોડાણ**

શારીરિક પ્રવૃત્તિ અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચેના સકારાત્મક સંબંધનું સારી રીતે દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે (રેગલિન અને વિલ્સન, ૨૦૧૨). શારીરિક પ્રવૃત્તિને માનસિક સ્વાસ્થ્ય સાથે જોડતી વૈજ્ઞાનિક સર્વસંમતિ એ ભલામણોમાં પરિણમી છે કે કસરતનો ઉપયોગ માનસિક સ્વાસ્થ્યના પ્રોત્સાહન અને જાળવણી માટે અને માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓના સંચાલનમાં થવો જોઈએ(વોસ એટ અલ.,૨૦૧૧). સર્વસંમતિ એ છે કે જે લોકો શારીરિક રીતે સક્રિય છે તે લોકો બેઠાડુ લોકો કરતા મહત્વપૂર્ણ માનસિક સ્વાસ્થ્ય પરિબળો જેમ કે આત્મગૌરવ, સ્વ-વિભાવના, સ્વ-મૂલ્ય, શરીરની છબી અને જ્ઞાનાત્મક કાર્ય પર ઉચ્ચ સ્કોર કરે છે(Erickson et al.,2011). વધુમાં, શારીરિક પ્રવૃત્તિ એવા લોકોની સારવારમાં અસરકારક હોવાનું દર્શાવવામાં આવ્યું છે જેઓ ચિંતા, હતાશા અને તાણના લક્ષણોની જાણ કરે છે (McAuley et al.,2011).

આપણું માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્ય આપણા જીવનની ગુણવત્તા માટે જરૂરી છે અને આપણા શારીરિક સ્વાસ્થ્યને પ્રભાવિત કરે છે. નિયમિત શારીરિક પ્રવૃત્તિ અને માનસિક સુખાકારી વચ્ચેનો સંબંધ સ્થાપિત થયો છે. શારીરિક પ્રવૃત્તિના શારીરિક સ્વાસ્થ્ય લાભો વિશે ઘણું જાણીતું છે કારણ કે તે માવજત, વજન વ્યવસ્થાપન અને સંખ્યાબંધ દીર્ઘકાલીન રોગોની સ્થિતિના નિયંત્રણ સાથે સંબંધિત છે. હવે આપણે શારીરિક પ્રવૃત્તિને માનસિક સ્વાસ્થ્ય અને વ્યાપક તણાવ વ્યવસ્થાપન વ્યૂહરચનાઓ માટે મહત્વપૂર્ણ યોગદાન તરીકે પણ જોઈ શકીએ છીએ. તણાવ વ્યવસ્થાપન નિષ્ણાતો વધુને વધુ શારીરિક પ્રવૃત્તિને તણાવ ઘટાડવાની સૌથી આરોગ્યપ્રદ રીતે માને છે. જે લોકો શારીરિક રીતે સક્રિય હોય છે તેઓનું માનસિક સ્વાસ્થ્ય વધુ સારું હોય છે. નિયમિત રીતે સક્રિય રહેવાથી સુખાકારી અને હકારાત્મક મૂડની સામાન્ય લાગણીઓ વધે છે, અને ચિંતા અને હતાશામાં ઘટાડો થાય છે. તમારા શરીરને નિયમિતપણે શારીરિક પ્રવૃત્તિમાં સામેલ કરીને, તમે તેને ભાવનાત્મક કટોકટી સાથે સંકળાયેલા શારીરિક તાણનો સામનો કરવા માટે તૈયાર કરો છો. તમારું શરીર તણાવ અને તણાવપૂર્ણ પરિસ્થિતિઓ દરમિયાન છોડવામાં આવતા રસાયણોને નિયંત્રિત કરવામાં વધુ સારી રીતે સક્ષમ બને છે. સ્વસ્થ મન અને સ્વસ્થ શરીર આપણા એકંદર સ્વાસ્થ્ય માટે સમાન રીતે મહત્વપૂર્ણ છે.

**—— રમત ગમતમાં અવનવું ——**

૦ ક્રિકેટ અન્ડર-૧૯માં કર્ણાટકના પ્રખર ચતુર્વેદીએ કૂચબિહાર ટ્રોફી ફાઈનલમાં ૪૦૪ રન કરીને ૨૫ વર્ષ જુનો રેકોર્ડ પોતાના નામે કર્યો.

૦ ગુજરાતમાં ૨૩ જિલ્લાના ફૂટબોલ એસોસિયેશનોએ બ્લુ કબ્સ લીગનું આયોજન કર્યુ. આખા રાજયમાંથી ૪૨૦૦ બાળકો ફૂટબોલ રમી રહ્યા છે; નાની વયના બાળકોએ રસ દાખવ્યો.

૦ ભારતના યશસ્વી જયસ્વાલ યુવા સ્ટારના સિતારા બુલંદ, બે ટેસ્ટમાં બેવડી સદી. ૧૪૭ વર્ષમાં પહેલીવાર, અકરમના રેકોર્ડની બરાબરી

૦ ૨૨ માર્ચથી શરૂ થશે આઈપીએલની ૧૭મી સીઝન. ચેરમેન અરુણ ધૂમલે આપ્યું મોટું અપડેટ.

(૭૩૮૩૬ ૦૯૭૮૯)

•••

# સ્વ.હેમુ ગઢવીની સર્જન યાત્રા

• રાજેન્દ્ર હેમુ ગઢવી

આજે એમના સ્વર્ગલોકગમનને ૫૮ વરસ થયાં. શ્રોતાઓની ત્રણ-ચાર પેઢીઓ બદલી ગઈ તો પણ તેઓ આજે પણ એટલા પ્રસ્તુત અને લોકપ્રિય કેમ ? આ જાણવા વિષયમાં થોડા ઊંડા ઉતરવું પડે.

હેમુભાઈએ લોકગીતોને ગાયાં નહોતાં, ગાઈ જાણ્યાં હતાં. તેઓ લોકગીતોના માત્ર ગાયક નહોતા પણ એ ગીતોના નાયક હતા. ચેલૈયાનું હાલરડું ગાય ત્યારે તેઓ ચંદ્રાવતી હતા. શિવાજીનું હાલરડું ગાય ત્યારે એ જીજાબાઈ હતા. 'સોનલા વાટકડીને રૂપલા કાંગસડી' ગાય ત્યારે એ ભરથરીના માતા હતા. અને 'કુંડાળે મોત' ગાય ત્યારે એ 'વિહળ રાબા'હતા. નાટ્ય અભિનયમાં અભિનેતાના પાત્રમાં 'પરકાયા પ્રવેશ' કરે.હેમુભાઈનો લોકગીત અને ભજનમાં પરકાયા પ્રવેશ થતો અને એમાં એમનું રંગમંચનું ખેડાણ કામ આવતું.

આકાશવાણીમાં વાદ્યકારો ઘણા હતા. ધાર્યું હોત તો વાદ્યોની ભરમાર કરી શક્યા હોત પણ એમના સંગીતમાં વાદ્યો જૂજ રહેતાં અને એ વાદ્યો ગાયક અને ગીતને ખભ્ભા પર ઊંચકી લેતા હોય એવું લાગતું. એમના ગીતો ધ્યાનથી સાંભળીએ તો રીધમ અને મંજીરા ઉપરાંત વાયોલિન, સિતાર, બંસરી, સારંગી પણ સંભળાય અને આ બધાના વાદકો પંડિતની શ્રેણીમાં આવતાં. ધારે તો prelude અને interlude માં સંગીતના individual solo પીસ વગડાવી શકતા હતા પણ એ વાદકો અને હેમુભાઈની સહિયારી સમજણ તો જુઓ! કે વાદ્યો માત્ર માત્ર ગાયકને ફોલો જ કરતાં. ક્યારેક અને માત્ર ક્યારેક જ નાનજીભાઈના વાયોલિન નો કે રણજીતભાઈ ભટ્ટનો સોલો પીસ સાંભળવા મળતો. અને વાદ્યોનું સાઉન્ડ બેલેન્સ અદ્ભુત રહેતું. આ એટલા માટે કરતા કારણ કે એમના ગીતો આકાશવાણીના ટેલેન્ટ સ્કાઉંટિંગના માધ્યમથી ગામડાઓમાંથી આવતાં અને એના મૂળ પોતમાં જ એને થોડાં શણગારી એ ગીતો ગામડાંઓને જ પાછા ભેટ ધરવામાં આવતાં. હેમુભાઈનો ultimate શ્રોતા એક ગામડિયો રહેતો પણ એ ગીતોમાં જળવાયેલી મીઠાશે શહેરી પ્રજાને પણ લોકસંગીત સાંભળતી કરી દીધી.

શબ્દોની શુદ્ધિ, ઉચ્ચારણોની શુદ્ધિ અને શબ્દોનું પ્લેસમેન્ટ એ એમની એક આગવી ઉપલબ્ધિ હતી. શબ્દોનો એક નાનકડો ફેરફાર પણ પેલા ગામડિયાને ખૂંચશે એ બાબતે તેઓ સાવધ હતા અને એટલે જ આપણને અણીશુદ્ધ ઢાળ અને text વાળાં ગીતો મળ્યાં.

એમના પછી અમુક ગાયકો એ high pitch માં અવાજ તરડાઈ જાય તો પણ ગાવાનું શરૂ કરેલું. હેમુભાઈના અવાજને રેન્જની કોઈ મર્યાદા ન હતી. પરંતુ એમને ગીતની 'listening value' જળવાય એ માટે મોટે ભાગે law pitchમાં જ ગીતો ગાયાં અને યે સાકરથી એ મીઠાં લાગ્યાં.

એમની ગાયન શૈલી, નિર્માણ વિશેષતા, પ્રયોગશીલતા અને સમર્પણની વાતો લખવા બેસીએ તો એક આખી લેખમાળા થાય. વધુ તબક્કાવાર લખવાનો મારો પ્રયત્ન રહેશે. મને ખાત્રી છે કે 'હેમ ઈચ્છા' બળવાન રહેશે અને આ કાર્ય મારા હાથે થશે.

OOO

ગાયક તો રિયાઝથી પણ બની શકાય છે. ઘણા બન્યા છે, ઘણા બનવા મથે છે. આમાં અમુક થોડા ઘણા અંશે સફળ પણ થાય છે. શાસ્ત્રીય સંગીતના ગાયક પંડિત કુમાર ગાંધર્વનો અવાજ

ઘણો તીણો હતો પણ રિયાઝથી તેઓ સફળ ગાયક બન્યા હતા. ભૂતકાળમાં અને આજે પણ કાનને ગમે નહિ એવા અવાજવાળા ઘણા સ્વરપેટીનું મંથન કરી પોતાના જ્ઞાનનો પ્રકાશ પાડવા મથે છે. તો પણ એ વાત સ્પષ્ટ છે કે લોકોના હૃદય સોંસરવું ઉતરવા માટે તો કુદરત જૂજ અવાજો પેદા કરે છે અને એ અવાજો પૃથ્વી પરના માધુર્યના શૂન્યાવકાશને ભરી દે છે. થોડા નામો લઉં તો પણ બીજા નામોને અન્યાય થશે પણ કહેવા દો કે લતાજી, રફી સાહેબ, સચિનદેવ બર્મન, ભૂપેન હઝરિકા, રેશમા, મુકેશજી, મેંહદી હસન, આ બધા અવાજોની એક કશીશ લઈને આવ્યાં અને એમણે શ્રોતા ઓ ના દિલ ઉપર રાજ કર્યું જો કે અલૌકિક અવાજના માલિક હોવા ઉપરાંત એમણે સંગીતનો ઊંડો અભ્યાસ અને રિયાઝ પણ કર્યા.

હેમુભાઈ આ બીજી શ્રેણીમાં આવે. કુદરતે એમને એક ઘેઘૂર, સમૃદ્ધ પીચ અને metalic tone વાળો અવાજ આપ્યો અને વધારામાં 'કાકુ' સ્વરની મહાન દેણ આપી. ઘણા લોકોને આ કાકુ સ્વરની ખબર નથી હોતી. ટૂંકમાં સમજવું હોય તો ગાયક જ્યારે ગાયનમાં લીન બને, ગીતના નાયક કે નાયિકાનો એની કાયામાં પ્રવેશ થાય, પૂરેપૂરા ભાવ જગતને એ પોતાના સ્વર વડે બેઠું કરી રહ્યો હોય ત્યારે કોઈ અતિ સંવેદનશીલ શબ્દ પર ગાયકનો અવાજ કુદરતી રીતે crackle થાય, એટલે કે અવાજ માં એક ખાંચો પડે પણ એ એવો પડે કે શ્રોતાના હૃદય સોંસરો ઉતરી જાય. આ બિલકુલ પ્રયત્ન વગર થતી કુદરતી ઘટના છે. બહુ જૂજ ગાયકોને આ ઈશ્વરીય દેણ મળે છે. આનું ઉદાહરણ જોવું હોય તો હેમુભાઈનું ગાયેલ ભજન 'સોનલા વાટકડી ને રૂપલા કાંગસડી' સાંભળો. હેમુગઢવી ટ્રસ્ટ યુ ટ્યુબ ચેનલમાં અત્યારે જ. અને જ્યારે એમાં 'ઊંચું રે જુવે તો માડી એની રહ રહ રુવે જો' આ પંક્તિ આવે ત્યારે આ 'રહ રહ' શબ્દમાં તમને કાકુ સ્વર સંભળાશે. મેં કીધું એમ આ ભજનમાં હેમુભાઈની કાયામાં ભરથરીએ પ્રવેશ કર્યો હોય, ભાવ જગત એની પરાકાષ્ઠા પર હોય ત્યારે ભજન ના અતિ સંવેદનશીલ શબ્દ પર અવાજમાં ખાંચો પડે છે. હેમુભાઈના દરેક ગાયનમાં કુદરતની પ્રસાદી સમો આ કાકુ સ્વર એકાદ વાર તો સાંભળવા મળી જ જશે પણ મેં કીધું એમ આ એક કુદરતી ઘટના છે. પ્રયત્નપૂર્વક આને લાવી શકાય નહિ. ઘણા એ લાવવા મથ્યા છે અને મથી રહ્યા છે પણ એ તદ્દન અકુદરતી અને ભદ્દું લાગે છે. કારણ કે એ સભાનતાપૂર્વક, ગીતના નાયકના પરકાયા પ્રવેશ વિનાનું અને લોકોને પ્રભાવિત કરવા માટેનું કૃત્ય હોય છે. હેમુભાઈ પછી 'બીજો હેમુ' બનવા નીકળી પડેલા એક ગાયક આ કરતા.

ooo

આપણે હેમુભાઈના અવાજની quality ની વાત કરતા હતા. કુદરતે હેમુભાઈના અવાજનું texture કંઇક એવું ઘડ્યું હતું કે એ જાણે સીધો અંતરના ઊંડાણમાંથી જ આવતો હોય એવું લાગે. ઘણાં લોકો આને નાભિ સ્વર કહે છે અને આવું માત્ર ગાયનમાં જ નહીં, અભિનય કે વાચિક સંવાદો વખતે પણ હેમુભાઈના અવાજમાં આ તત્વ જોવા મળતું. તમે 'રાંકનું રતન' નાટિકામાં એમણે ભજવેલું ચારણનું પાત્ર સાંભળો. આ જ ગહનતા તમે સંવાદોમાં અને એમાં આવતા દુહા – મરશિયાના ગાયનમાં અનુભવી શકશો. બીજું એમના અવાજમાં એક કુદરતી મેટાલિક ટોન હતો. કદાચ સચિન દેવ બર્મન કે કિશોર કુમારમાં આ ટોન ભિન્ન પ્રકારે હતો એમ મારું માનવું છે. હેમુભાઈના અવાજ સાથે થોડું ઘણું સામ્ય (ફકત texture નું) ધરાવતા અને ગુજરાતી ફિલ્મોમાં ઠીક ઠીક સફળ થયેલા એક ગાયકને સાંભળો ત્યારે એ metalic tone ની ગેરહાજરી તમે અનુભવી શકો.

હેમુભાઈ સાથે સરખાવો એટલે બિલકુલ spineless ગાયન લાગે પણ ચાલી ગયું. અમારો રાજીપો.

હેમુભાઈના અવાજની રેન્જ ઘણી હતી. સામાન્ય રીતે ખાસ કરીને લોકગીતોમાં સ્ત્રી ગાયિકા સાથે duet ગાતી વખતે સ્કેલ મેચ નો બહુ મોટો issue થાય. આપણે જોયું છે કે ઘણાં લોકગીતો ડાયરામાં અને ફિલ્મોમાં એવાં ગવાયાં છે જેમાં female voice સાથે સ્કેલ અને પીચ ન મળતાં male singer એ આખું ગાયન એક સપ્તક અદ્ધરથી ગાયું હોય. સ્વાભાવિક છે કે એમાં melodyનો ભોગ સહુ પહેલો લેવાયો હોય. હેમુભાઈને આ પ્રશ્ન કયારે પણ નડયો નહિ. એમણે દીનાબેન ગાંધર્વ, રાજુલબેન મહેતા અને પુષ્પાબેન છાયા સાથે ઘણા ડયુએટ ગાયા પણ હેમુભાઈનો અવાજ એ જ ઘેઘૂર મીઠાશવાળો જળવાઈ રહેલો જોવા મળે. ઉદાહરણ રૂપે (૧) દીના મા સાથે 'મોરબીની વાણીયણ' (૨) રાજુલબેન સાથે 'માંડી હું તો બા બાર વરસે આવીયો'(૩)પુષ્પાબેન સાથે 'કાન તારી મોરલીએ' આ ત્રણ ગીતો જ સાંભળો (સરનામું 'hemu gadhvi trust' you tube chennel)ત્રણે ગીતોમાં singersનું પરસ્પરનું અનુસંધાન તમે અનુભવી શકશો.

એવું ન્હોતું કે હેમુભાઈ ત્રીજા સપ્તકમાં કે high pitch ના ગીતો નથી ગાયા. જયાં જયાં શૌર્ય રસનો ભાવ લાવવાની જરૂર પડી ત્યાં તેમણે high pitch માં ગાયું જ છે. 'ના છડિયાં હથિયાર' એ એનું સીધું પ્રમાણ છે પણ એ અવાજ કયારે પણ તરડાયો નથી કે આજના (અને ગઈકાલના પણ) ભજન ગાયકોની જેમ એમણે ચાલુ ગાયને ઉપરના સ્વરોને ગાવા pitch bend કરી (જેને falsee voicing કહે છે તે) નામી સ્વરમાં ગાયું નથી. આમ ગાવું એ શ્રોતાની છેતરપિંડી છે. તમે અવાજ નારી કરી નાખો એટલે બીજાં દોઢ સપ્તક ઉપર જઈ શકો પણ સમૂળગો ગાયક બદલાઈ ગયો હોય (કોક બીજું ગાવા બેસી ગયું હોય) એવું લાગે.

આકાશવાણીના એક સુજ્ઞ સ્ટેશન ડાયરેકટર શ્રી ભાઈલાલભાઈ બારોટે એક લેખ માં નોંધ કરી છે એની વાત કરું. ગાયક જ્યાં થી ગીતને પકડે (શરૂ કરે) ત્યારે એના સુરિલાપણાંની કસોટી થતી હોય છે. ગીતને પકડતાં જેનો સુર ફગે છે તેને બાકીનું ગીત સુરીલું કરવા મથવું પડે છે. સુજ્ઞ શ્રોતા ને શરૂઆતમાં જ રસ ભંગ થાય છે અને સરવાળે ગાયક નિષ્ફળ જાય છે. આ સુર પકડવાને શાસ્ત્રીય સંગીતની ભાષામાં 'ગ્રહ' કહે છે. અને ગાયનની પંક્તિ જ્યાં પૂરી થાય તેને 'ન્યાસ' કહે છે એક સફળ ગાયક થવા માટે આ 'ગ્રહ અને ન્યાસ' પરનો કાબૂ અતિ આવશ્યક છે.ભાઈલાલભાઈના શબ્દોમાં કહું તો 'હેમુનો ગ્રહ અને ન્યાસ પર સંપૂર્ણ કાબૂ હતો... એ સ્વયં પ્રકાશિત નક્ષત્ર જેવો હતો.'

એમના અવાજની એક અન્ય એક વિશેષતા એ કે એમણે હંમેશા 'ON AIR' ગાયું અને બાકીનું લાઈવ રેકોર્ડિંગ કર્યું જેમાં એક જ માઇક્રોફોન માંથી બધા જ સોર્સ સાઉન્ડ લેવાતા પણ એક પણ ગીતમાં એમનો શ્વાસ લેવા નો અવાજ કયારે ય ન સંભળાયો. આ માટે ગીતમાં breathing gap બનાવવા પડે. લતાજી આ વિલક્ષણતા અનિલ વિશ્વાસ પાસેથી શીખેલા. આજે તો સ્ટુડિયોમાં ગાયકે સતત લીધેલા શ્વાસના ડચકાં સોફ્ટવેરથી વેવમાં જઈને કાપવા પડે છે. કિર્તીદાન જેવા બહુ ઓછા ગાયકો છે જે આ breathing ની મહારત ધરાવે છે.

(૯૮૨૫૨ ૨૩૧૫૭)

•••

# કાગ એવોર્ડ એનાયત સમારંભ

• રાજુલ દવે

માનસમર્મજ્ઞ મોરારિબાપુ પ્રેરિત, દુલાભાઈ કાગ એવોર્ડ એનાયત સમારંભ ૧૩મી માર્ચ, કાગ ચોથ (ફાગણ સુદ ચોથ), દુલાભાઈ કાગની ૪૭મી પુણ્યતિથિના અવસરે કવિના વતન કાગધામ(મજાદર) ખાતે ભવ્ય રીતે યોજાઈ ગયો. મોરારિબાપુની પ્રેરણાથી ૨૦૦૨ના વર્ષથી આ એવોર્ડની શરૂઆત થઈ છે. સતત ૨૩ વર્ષથી કાગ એવોર્ડ એનાયત સમારંભ કાગધામ ખાતે યોજાય છે. ચાલુ વર્ષે પાંચ વ્યકિતને એવોર્ડથી નવાજવામાં આવી, તે સહિત અત્યાર સુધીમાં કુલ ૧૦૮ વ્યકિત લોકસાહિત્યના આ પ્રતિષ્ઠિત એવોર્ડથી પોંખાઈ ચૂકી છે. લોકસાહિત્યમાં રસ ધરાવતા લોકો દર વર્ષે આ દિવસની ઉત્સુકતાપૂર્વક પ્રતીક્ષા કરે છે.

૨૦૨૪ના વર્ષનો કાગ એવોર્ડ મનુભાઈ જોધાણી(મરણોત્તર), રાજુલ દવે(સંશોધક), લાખણશીભાઈ ગઢવી(ચારણી સાહિત્ય), દેવરાજભાઈ ગઢવી(લોકકલાકાર) અને ગિરધરદાન રત્નુ(રાજસ્થાન)ને મોરારિબાપુના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. પાંચ વ્યકિતઓને શાલ, સન્માનપત્ર, સૂત્રમાલા અને ધનરાશિનો ચેક અર્પણ કર્યા પછી મોરારિબાપુએ પ્રાસંગિક વકતવ્યમાં પ્રસન્નતા વ્યકત કરીને પાંચેય વ્યકિતઓએ પોતાના ક્ષેત્રમાં કરેલી કામગીરીને બિરદાવી હતી. રાજા ભોજના દરબારનું ઉદાહરણ આપી મોરારિબાપુએ ભગતબાપુના કંઠ, કવિતા, કહેણી અને કરણીમાં સદાય રામ રમતા હતા તે સમજાવ્યું હતું. ભગતબાપુના પહેરવેશને તેમણે માર્ગી સાધુનો પહેરવેશ ગણાવ્યો હતો. બાપુએ કહ્યું કે કવિ નિરંકુશ હોવો જોઈએ. તેની ઉપર માતા સરસ્વતી અને શકિતનો જ અંકુશ હોઈ શકે. કવિ કોઈથી ડરે નહીં, કોઈની શેહમાં ન આવે એ સંદર્ભમાં નિરંકુશ હોવો ઘટે. તે ઉપરાંત નિષ્કલંક, નિસ્પૃહ, નિર્લેપ અને નિરાલંબ હોવો જોઈએ. ભગતબાપુના આ ગુણો તેમના સાહિત્ય તેમજ સમાજમાં કેવી રીતે દેખાતા તેનું ભાવવાહી વર્ણન મોરારિબાપુએ કર્યું હતું. ભગતબાપુ સાથેના સંસ્મરણો તેમણે યાદ કર્યા હતા. આદ્ય શંકરાચાર્ય રચિત 'દેવ્યાપરાધ સ્તોત્ર'ના એક સ્તોત્રનું તેમજ દુલાભાઈ કાગના એક કાવ્યનું ગાન તેમણે કર્યું ત્યારે મેદની તેમના સુર સાથે એકાકાર બની ગઈ હતી.

સન્માનનો પ્રત્યુત્તર આપતાં રાજુલ દવેએ ભગતબાપુ અને મોરારિબાપુ સાથેના સંભારણાં યાદ કર્યા હતા. મજાદરને તેમણે જ્ઞાનની ભૂમિ અને મોરારિબાપુને 'ધન્ય સૌરાષ્ટ્ર ધરણી'ના અર્વાચીન સ્વરૂપ ગણાવ્યા હતા. રાજસ્થાનના ગિરધરદાનજી રત્નુએ ગણેશસ્તુતિ અને શકિતસ્તુતિ હલકભર્યા કંઠે રજૂ કરી હતી. વી.એસ. ગઢવીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડો.બળવંત જાનીએ કર્યું હતું.

બપોરની બેઠકમાં ભગતબાપુના પરિવાર સાથે પારિવારિક નાતો ધરાવતા, રાજયના ભૂતપૂર્વ મુખ્ય સચિવ અને લેખક પ્રવીણભાઈ લહેરીએ ભગતબાપુના ત્રણ કાવ્યોનો રસાસ્વાદ કરાવ્યો હતો. તેમણે 'ઊડી જાઓ પંખી પાંખોવાળા' ભજનમાં પર્યાવરણ કઈ રીતે વણાયેલું છે તેની ઉદાહરણ સાથે સમજૂતી આપી હતી. પગ મને ધોવા દ્યો રઘુરાય એ પ્રખ્યાત ભજનનું પણ પ્રવીણભાઈ લહેરીએ માર્િક

રીતે રસદર્શન કરાવ્યું હતું. ભગતબાપુની કાવ્યઉપમાઓને પ્રવીણભાઈએ સંસ્કૃતના મહાકવિ કાલિદાસની ઉપમા સાથે સરખાવી હતી.

પ્રવીણભાઈ લહેરીએ ભગતબાપુના તેમના પિતાજી કનુભાઈ સાથેના સ્મરણો, મજાદર સાથેના પોતાના સંભારણાં રજૂ કર્યા હતા. એક કલાકનું તેમનું વકતવ્ય સાહિત્ય તેમજ સંસ્મરણોથી સભર રહ્યું હતું. લહેરી સાહેબે ભગતબાપુની નશાબંધી સહિતની પ્રવૃત્તિઓનો પરિચય શ્રોતાઓને આપ્યો હતો. તેમણે આ વિસ્તામાં દુલાભાઈ કાગ, કનુભાઈ લહેરી, સુરગભાઈ વરુ, કલ્યાણજીભાઈ મહેતા, છોટુભાઈ મહેતા વગેરેએ કરેલી કામગીરીનો પરિચય શ્રોતાઓને કરાવ્યો હતો.

એવોર્ડ એનાયત કાર્યક્રમમાં કાગ પરિવાર વતી સ્વાગત જયદેવ કાગે કર્યું હતું. સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાંથી તેમજ રાજકોટ, રાજુલા, જાફરાબાદ, મહુવા, સાવરકુંડલા, ચલાળા, બગસરા, અમરેલીથી લોકસાહિત્યમાં રસ ધરાવતા લોકો બહોળી સંખ્યામાં કાર્યક્રમમાં ઉપસ્થિત હતા. એવોર્ડ એનાયત સમારંભ રાતના ૯ થી ૧૧ – બે કલાક ચાલ્યો હતો. તે બાદ રાતના મોડે સુધી કાગવાણીનું ગાન સૌરાષ્ટ્રના નામી કલાકારોએ કર્યું હતું. દિવસભરના કાર્યક્રમના આયોજનમાં બાબુભાઈ કાગ અને સમગ્ર કાગ પરિવાર ઓતપ્રોત રહ્યો હતો.

(૯૪૨૬૨ ૨૯૫૧૭)

•••

- પરોડિયા તા.જામ ખંભાળિયા જિ. દેવભૂમિ દ્વારકા ખાતે જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકા મથક નજીકના ભૂચર મેદાન ખાતે વિક્રમ સંવત ૧૬૪૮માં આશરા ધર્મ કાજે મુઘલ સેનાની વિરુદ્ધમાં યુદ્ધ થયું હતું, જેમાં કુલ - ૧૩૫૦ ચારણ -ગઢવી યોદ્ધાઓ પણ વીરગતિ પામ્યા હતા. આ યુદ્ધમાં તુંબેલ ચારણ સેનાના મોવડી માણસીભાઈ પાલાભાઈ મસુરા પણ શહીદ થયા હતા. તેઓની સ્મૃતિમાં રચાયેલ માણસી મસુરા ચેરિટેબલ ટ્રસ્ટ - પરોડિયા દ્વારા તા.૧૪/૦૨/૨૦૨૪ના રોજ પરોડિયા ખાતે વીર માણસી પાલા મસુરાના મંદિરે સ્મારક મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા તથા વીરગતિ પામેલ તમામ તમામ ચારણ–ગઢવી યોદ્ધાઓને દીપાંજલી સહ શ્રદ્ધાંજલિ, યજ્ઞ, જ્યોત સામૈયા, શ્રદ્ધાંજલિ સભા, રાસોત્સવ, સંતવાણી સહિતના કાર્યક્રમોનું આયોજન થયું હતું. ઉપરાંત કવિશ્રી આસપાર અલૈયા મસુરા રચિત 'વીર વ્યૂહ' પુસ્તકનું વિમોચન થયું હતું.

- ઝરપરા,તા.મુન્દ્રા,જિ.કચ્છ નિવાસી ડો.વૈષ્નવીબેન પુનશીભાઈ ગીલવા ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૨ શિક્ષણ સંવર્ગમાં અધ્યાપિકા તરીકે ફરજ બજાવતાં તેમણે રસાયણશાસ્ત્રમાં શોધનિબંધ રજૂ કરી અને Ph.D.ની ઉપાધિ મેળવી બદલ અભિનંદન. ઝરપરા નિવાસી અને સચિવાલય ગાંધીનગર ખાતે નાયબ સેક્શન ઑફિસર તરીકે ફરજ બજાવતાં શ્યામભાઈ એમ. ગઢવી ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસીએશન ચૂંટણીમાં મહામંત્રી તરીકે ચૂંટાયા બદલ તેઓને પણ અભિનંદન.

- રાણ,તા.જામ કલ્યાણપુર, જિ. દેવભૂમિ દ્વારકા ખાતે રાણ નિવાસી સમસ્ત સાખરા (ગઢવી) પરિવાર દ્વારા તા.૧૭/૦૨/૨૦૨૪ના રોજ આઈશ્રી ખોડિયાર માતાજી નૂતન મંદિર દ્વિતીય વાર્ષિક પાટોત્સવ ખોડલના ખોળે યોજાયો હતો. જેમાં ધ્વજા પૂજન તથા આરોહણ, યજ્ઞ, રમત, ભોજન સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

# પંચત્વમાં પીગળી ગયો પંકજ ઉધાસનો પ્રાણવાન સ્વર

• આર.પી. જોશી

જલારામબાપાનાં ગામ વીરપુરની નજીકનાં ગામડાં ગામ 'ચરખડી'ના વતની સ્વ. કેશુભાઈ ગઢવી( અટક – ઉધાસ) એક અચ્છા દિલરૂબાવાદક અને ગાયક. તેમના ત્રણેય પુત્રોએ આ કલાવારસાને આગળ વધારીને પોતીકી ગરિમાપૂર્ણ ગાયકી થકી દેશ-વિદેશમાં પોતાની ખ્યાતિ વિસ્તારી.

આ ત્રણ ભાઈઓ તે મનહર ઉધાસ, નિર્મળ ઉધાસ અને આ પંકજ ઉધાસ.

આજથી ૭૨ વરસ અગાઉ એટલે કે ૧૭ મે, ૧૯૫૧ના રોજ જેતપુર ( કાઠી) ખાતે જન્મેલ પંકજ ઉધાસે ભાવનગર અને ત્યાર બાદ ચૌધરી હાઈસ્કૂલ, રાજકોટ ખાતે ઔપચારિક શિક્ષણ લીધા બાદ રાજકોટની **'સૌરાષ્ટ્ર સંગીત નાટ્ય એકેડમી'** માં તબલાવાદનની પણ તાલીમ લીધી.

માત્ર ૧૧ વર્ષની ઉમરે પાંચેક હજાર પ્રેક્ષકો સામે **ए मेरे वतन के लोगों** એ ગીત પ્રસ્તુત કરીને જનમેદનીની વાહવાહ અને ૫૧ રૂપિયાનો પુરસ્કાર મેળવનાર પંકજ ઉધાસ થોડા સમય પછી ૧૯૬૫માં રાજકોટથી મુંબઈની વાટ પકડી.કેમ કે ત્યાં મનહરભાઈ અને નિર્મળભાઈએ બંને વડીલબંધુઓ પોતાના કઝીન બનેવીસાહેબ સ્વ.મનુભાઈ ગઢવીલોકસાહિત્યના મર્મજ્ઞ કલાકાર શ્રી રમેશ ઉધાસના સગ્ગા બનેવીસાહેબ તથા બ્લોકબસ્ટર હિંદી ફિલ્મ ધૂમ વાળા સંજય ગઢવીના પ્રતાપી પિતા અને 'કસુંબીનો રંગ'/'કંકુ પગલાં' જેવી સ-ફળ ગુજરાતી ફિલ્મોના દિગ્દર્શક અને લોકડાયરાના મર્મી આયોજકની ભલામણ અને મદદ થકી મુંબઈમાં કારકિર્દી બનાવવાની શરૂઆત કરી રહ્યા હતા.

પંકજ ઉધાસ મુંબઈમાં સેન્ટ ઝેવિયર્સમાં ગ્રેજ્યુએટ થઈને હિંદી ફિલ્મોમાં ગાયક તરીકે પગદંડો જમાવવા લાગ્યા. પંકજ ઉધાસને પ્રથમ ગીત ગાવાં મળ્યું હિંદી ફિલ્મ કામના માં, જે ઉષાખન્નાએ સ્વરાંકિત કરેલ પણ પ્રથમ ગ્રાસે મક્ષિકા. ફિલ્મ ફ્લોપ ગઈ.

આ બાજું મોટાભાઈ મનહર ઉધાસ પણ હિંદી ફિલ્મોમાં પાર્શ્વગાયક તરીકે સંઘર્ષરત હતા. એ સમયે હિંદી ફિલ્મોનાં ગીત – સંગીતની એકવિધતાથી કંટાળીને સંગીતરસિકો મહેંદી હસન, ગુલામ અલી, જગજિત સીંગ જેવા ગઝલગાયકો તરફ આકર્ષાયેલા. આ જ સમયગાળામાં લાગ જોઈને પંકજ ઉધાસે પણ મહેફિલી ગઝલ-ગાયન તરફ પોતાની ગાયનકળાને વાળી.

અને આમ, ઉર્દૂ ગઝલ-ગાયન ક્ષેત્રે સંપૂર્ણપણે ઝુકાવીને પ્રથમ આલ્બમ બહાર પાડ્યું : आहट : પછી તો પંકજ ઉધાસે પાછું વળી જોયું નથી. કેનેડા,અમેરિકા, બ્રિટન અને અન્ય દેશોમાંય ગઝલ-ગાયનના સેંકડો કાર્યક્રમો કરનાર પંકજભાઈએ ગઝલ ગાયક તરીકે એક નોખી જ કેડી કંડારી અને તેમાં તેમને જબરદસ્ત સફળતા સાંપડી.

અત્યાર સુધીમાં ગઝલનાં આશરે ૫૦ જેટલાં આલ્બમ્સ પંકજ ઉધાસનાં નામે બોલે છે, જે પૈકી મુખ્યત્વે છેઃ आहट / मुकरर / तरन्नूम / नायाब / शगुफ़्ता / महेफिल / जशन / खजाना / घूंघट / Stolen Movement / In

Search of Meer ઈત્યાદિ.

कतिल शिफाई, फैज अहमद फैज, बशीर बद्र, नीदा फाजली જેવા અગ્રણી ઉર્દૂ શાયરો ઉપરાંત આપણા અમદાવાદી શાયર शेखादम आबुवाला ની પણ કેટલીક उर्दू ગઝલોને પંકજ ઉધાસે પોતાનો કંઠ આપીને વિશેષ લોકપ્રિયતા બક્ષી.

પંકજ ઉધાસે ગાયેલ કેટલીક લોકપ્રિય રચનાઓ જોઈએ તો –

चांदी जैसा रंग है तेरा...
थोडी थोडी पिया करो...
वो लडकी याद आती है...
घूंघट को मत खोल...
आप जिन के करीब होते है...
रोशन चहेरा, काली झूल्फे...
कभी मयखाने तक...
सर्दी हो या गर्मी हो...
एक तरफ उस का घर...

ગઝલગાયનની સમાંતરે પંકજ ઉધાસે હિંદી ફિલ્મોમાંય પાર્શ્વગાયન કરતાં રહીને ત્યાંય પગ રાખ્યો.

૧૯૮૬ માં મહેશ ભટ્ટની ફિલ્મ નામ માં ગઝલ–ગાયક તરીકે જ મંચસ્થ થઈને પંકજ ઉધાસે आनंद बक्षी ની આ રચના પ્રસ્તુત કરીને વિશેષ લોકપ્રિયતા બક્ષી :

चिट्ठी आई है, वतन से चिट्ठी आई है...

આ રીતે નામ ઉપરાંત गोला बारूद / साजन / दिल आशना है / ये दिल्लगी / शेरबाजार એમ કુલ ૬ ફિલ્મોમાં પડદા પર અભિનય પણ કરી જાણ્યો છે પંકજભાઈએ.

તો વળી સંગીતકાર તરીકે પણ પંકજભાઈએ ૩ ફિલ્મો કરી : अग्निदाह, औरत पैर की जूती नहीं है અને एक ही मकसद.

કુલ ૭૫ ઉપરાંત હિંદી ફિલ્મોમાં ૨૭ જેટલા સંગીતકારો માટે ગીતો ગાઈને એક સ–ફળ પાર્શ્વગાયક તરીકે ખ્યાતિ રળનાર પંકજ ઉધાસનાં કેટલાક લોકપ્રિય ફિલ્મગીતો જોઈએ તો –

चिट्ठी आई है – નામ
ना कजरे की धार – મોહરા
इक पल इक दिन – જિગર
जिये तो जिये कैसे – સાજન
जो गीत नहीं जन्मा – સંગીત
पूरब न जईयो – જવાબ
आज फिर तुम पे प्यार – દયાવાન
छूपाना भी नहीं आता – બાજીગર
दिल देता है रो रो के दुहाई – ફિર તેરી કહાની યાદ આઈ
इक तो शराब कम – માન ગયે મુગલે આઝમ
होठो पे बस तेरा नाम– મેં ખિલાડી તું અનાડી

પારસી કન્યા ફરીદા સાથે પ્રેમલગ્ન કરનાર પંકજ ઉધાસને બે દીકરીઓ છે : નાયાબ અને રેવા.

ગઝલકેન્દ્રી ટી. વી. કાર્યક્રમ आदाब अर्ज है નું સાફલ્યપૂર્ણ સંચાલન પણ કર્યું છે પંકજ ઉધાસે.

ભારતમાં સૌ પ્રથમ Compact Disc (CD) પંકજ ઉધાસનાં ગઝલ આલ્બમ શગુફ઼્તા ની બનેલ હોવાનું નોંધાયું છે.

ગાયનકળામાં નોંધપાત્ર સિદ્ધિ બદલ ભારત સરકાર દ્વારા ૨૦૦૬ માં 'પદ્મશ્રી'થી સન્માનિત ગરવા ગાયક શ્રી પંકજ ઉધાસની કલાચેતનાને વિનમ્ર નમન સંગીતપૂર્વક !

(૯૮૨૫૨ ૭૨૩૮૨)

•••

# અમીરસ ઈતિહાસનો(૩૬)

• રામભાઈ જામંગ

અમીરસના ઈતિહાસમાં સદીની – બે સદીની અને આપણામાંથી ઘણાંની ઉપસ્થિતિની યાદગાર અને અસ્મરણીય યાદીની પળોને સતત માણવા, મમતાળી માઁની સોનલ શતાબ્દીમાં ઉપસ્થિત અને મઢડા ટીંબે નહી ઉપસ્થિત રહી શકનાર પણ આ માધ્યમો દ્વારા ઘેર બેઠા માણી રહેલા અને બાકી રહી ગયેલા કાનો-પકાન સાંભળનારાઓના જીવનમાં આ અણમોલ ઘડી અમીનો ઓડકાર આપનાર બની ગઈ. વિશ્વના ચોકમાં ચારણત્વના ચમકારા અને ખમકારા થયા, સૌ રાજી થયા.

આઈશ્રી સોનલમા ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત ચારણ મેગેઝિન પણ સદ્‌ભાગી બન્યુ. કારણકે સોનલ બીજના ત્રિદિવસીય પ્રસંગના સમાપન સમારંભ એટલે 'સોનલબીજ' શતાબ્દીનો દિવસ તા.૧૩/૧/૨૦૨૪ મઢડામાં મહામહિમ રાજયપાલ દેવવ્રતની ઉપસ્થિતમાં પદ્મશ્રીઓના સન્માનના ગૌરવવંતા દિવસે ઉપસ્થિત કેન્દ્ર સરકારના મંત્રીશ્રી માનનિય રૂપાલાજીએ પોતાના વિદ્વતાભર્યા ભાષણ-વકતવ્યમાં બે બાબતોનો ઉલ્લેખ કરીને 'ચારણ મેગેઝિન'(ચારણ સંસ્કૃતિ અંક-૫૩, જાન્યુઆરી ૨૦૨૪)ને ગૌરવવંતુ સ્થાન વિશ્વના ચોકમાં અપાવ્યું તેનો સહુને આનંદ છે. શ્રી રૂપાલાજીના અન્ય સંદર્ભો કવિ કાગબાપુની ઐતિહાસિક કવિતાની વિગતે વાત કરી અને સાથે આ મેગેઝીનનાં પ્રસંગો યાદ કર્યા (પુનઃ અહી મુકીને સૌ માણી, જાણી શકે અને કાયમી અલગ યાદગીરી રહે તે હેતુથી મુકેલ છે). આ મેગેઝિન પણ પોતાની શતાબ્દી તરફ ધીમા પગરણ માંડી રહ્યું છે. સંવત ૧૯૮૧-૮૨માં આ મેગેઝિનનો 'ચારણ' તરીકે રાજસ્થાનથી શુભારંભ થયેલ અને પાંચ વખત પોરા ખાધા પછી છઠ્ઠી વખત સોનલમા ટ્રસ્ટ, રાજકોટ દ્વારા પુનઃ શરૂ થઈને હાલ ૧૩ વરસ પૂર્ણ કરીને સતત ૫૪મો ત્રિમાસિક અંક બહાર પડશે અને સંવત ૨૦૮૦ મહા મહિનો ચાલી રહ્યો છે. ૯૯ વરસ થયા. આવતા કારતક ૨૦૮૧ના શતાબ્દીનો શુભારંભ થશે.

આવો, તો હવે શ્રી રૂપાલાજીએ જે બે વાતો ચારણ મેગેઝિનની રજૂ કરી તે જોઈએ. **પ્રથમ પ્રસંગ** 'ગાય'ની ઝોકની વાત કરી, તે વાત આપણાં નિયમિત લેખક, કવિ, વિદ્વાન અને સોનલમા ટ્રસ્ટને તન,મન, ધનથી કાયમી સહયોગી રહ્યા છે તેવા આદરણીયશ્રી ઈસુભાઈ ગઢવી, હિંમતનગરનો લેખ...(૯૮૨૫૯ ૬૧૨૭૦)

**"આદેશ મા સોનલનો" – લેખનો પ્રસંગ**

દોઢસો વર્ષ પહેલાનો પ્રસંગ છે. જૂનાગઢ મંદિરમાં સ્વામિનારાયણ ભગવાનના થાળમાં દૂધ ધરાવવા ગીરના ગાળાની એકાદ દૂધાળી ગાયની જરૂર પડતાં મંદિરના સાધુ સેવક ગીરના એક નેસડામાં ગયા. ભગવાન માટે દૂધાળી ગાયની વાત કરી. માલધારીએ સારામાં સારી ગાય ભેટમાં આપીને દોરી આપી. એ વખતે માલધારીનાં ઘરવાળાં હટાણું કરવા બહાર ગયાં હતાં. ગાય લઈને સાધુ સેવક થોડાક દૂર ગયા ત્યાં એ માલધારી બાઈ સામે મળ્યાં. એમણે એમના નેસડાની ગાય જોઈ. ભગવાન અને મંદિર માટે લઈ જવાની વાત જાણી. ખૂબ રાજી થઈ. એ બાઈએ સાધુસેવકને આ ગાય બે-પાંચ ઘડી નેસડામાં પાછી લઈ જવાની વિનંતી કરી. ગાય

નેસડામાં પાછી લાવીને એ માલધારી બાઈએ ગાયને ખીલે બાંધી. એના કપાળમાં કંકુનો ચાંદલો કર્યો. ચોખા ચોડયા. એની પૂજા કરી. પછી બે હાથ જોડી જાણે સગી દીકરીને લગન પછી વિદાય દેતી વેળાએ જેમ શિખામણ આપે એમ બાઈએ ગાયને વિનવણી કરી.

'આજ સુધી તેં જગતના જીવોને તારાં અમૃત પાઈ હૈયા ધરવ કરાવ્યો છે. તારું અહોભાગ્ય કે આજ તું ભગવાનને ધરવવા જાય છે. આ નેસડાની ઝોકમાં તું વર્ષો સુધી રહી છો. આજ અમારો નેસડો અને નેસડાની ઝોક મૂકીને કાયમી જાય છે ત્યારે તને અરજ કરૂં છું કે આ ઝોકની લાજ રાખજે. ભગવાન, સંત, સાધુને જાત્રાળુને તારા દૂધથી ધરવી દેજે. દોવા ટાણે પૂરો પારહો દેજે. ટાણે કટાણે પણ દોવા દેજે. કોઈ દી' અહીં ગોવાળને રાજી કર્યા છે હવે ત્યાં ગોપાળને રાજી કરજે. બે હાથ જોડીને તને વિનવું છું. આ નેસડાની ઝોકની લાજ રાખજે. તારા કોઈ નાનકડા વાંકે તારી આ ઝોક લજવાય એવું કાંઈ કરતી નહીં. માવડી આ ઝોકની લાજને જાળવજે.' આટલું કહી એ બાઈએ ગાયનાં દુઃખણાં લીધાં. ભીની થયેલ આંખ્યું ને હથેળીયુંથી લૂછીને એ બાઈએ બેય હાથ ગાયની માથે મૂકી સાધુ સેવકને દોરી આપી.

ooo

**બીજી વાત** તેમણે કરી તે આ ચારણ મેગેઝિનની કવિતાની કરી. જે કવિતા પ્રથમ મને અમારા યુવાન કાર્યકરશ્રી મુકેશભાઈ નૈયા રાજકોટ(સિંહમોયમા ટ્રસ્ટ)એ વોટ્સએપથી મોકલી અને કહ્યું આ કવિતા અંકમાં લેવાય તો જોજો. મેં કવિતા જોઈ ગમી અને એના કવિ રાજકોટના યુવાન (શ્રી જીલુભા ગગાભા રાબાની) છે. જેની કવિતાઓ અગાઉ પણ આ 'ચારણ મેગેઝિન'માં આવી ગઈ. આ કવિતાનું મુખડું જ બ્રેમંડને હલાવી નાખે એવું છે. 'કહી દ્યો કલિકાળને' ખરેખર ખુમારીનો ખોંખારો, મઢડા ટીંબેથી વિશ્વએ માણ્યો. ત્યારે આ કવિ પણ મઢડે સેવામાં અને સભામાં જ હતા, તો આ રહી એ આખી કવિતા. (જીલુભા ગઢવી-૭૦૪૩૩ ૯૯૦૯૩)

### "કહી દ્યો કલિકાળને"

કહી દ્યો કલિકાળ ને, તું તારું સંભાળને
ખાલી શબ્દો ખખડાવી, છંછેડાય ના ચારણ બાળને
દેવળ ફેરવ્યા દ્વારિકાના, જુનાણે ઈતિહાસ જાગે
ચરાડવા થી દિલ્હી પોગતા, વાર કેટલી લાગે
અમે અમારું કરી લઈશું, તું તારાને પંપાળને
**કહી દ્યો કલિકાળને, તું તારું સંભાળને..**

ઝળહળે છે જગદમ્બા કેરી, આજેય જયોતું એવી
ધા સૂણીને ધોડી આવે, કૃપા કેવડી કેવી
સુવાણ્ય કરીયે સાથે બેસી, છોડી જગ જંજાળ ને
**કહી દ્યો કલિકાળને, તું તારું સંભાળને..**

સજજનને ના સલાહ દઈએ, દુર્જનને ન દઈએ ડારો
આપીએ ના કોઈ દી' અમે તો, અકર્મી ને આવકારો
જે ડાળ પર પંખી બેસે, તોડીયે ના એ ડાળને
**કહી દ્યો કલિકાળને, તું તારું સંભાળને..**

વસુધૈવ કુટુમ્બકમ્ કેરો, ભીતર અમાણે ભાવ
સૌનુંસારું ઈચ્છીએચારણ, અમોનેલાગણી સાથે લગાવ
જાત સાથે જિદ કરીયે તો, કરડી ખાઈએ કાળને
**કહી દ્યો કલિકાળને, તું તારું સંભાળને..**

ooo

**(ચારણ મેગેઝિનને પ્રોત્સાહિત કરવા બદલ સોનલમા ટ્રસ્ટ ધન્યતા અનુભવે છે અને શ્રી પરસોત્તમભાઈ રૂપાલાજી રાજકોટથી લોકસભાની ચૂંટણીની ઉમેદવારી નોંધાવે છે તેઓશ્રીને અમારી શુભેચ્છાઓ)**

(૯૮૨૪૨ ૮૮૮૫૨)

•••

## ભેળસેળ વગર શુદ્ધ અને સાત્વિક અથાણા.....

**અમારે ત્યાંથી દરેક સીઝનલ અથાણા તૈયાર મળશે**
**તથા ઓર્ડર ઉપર બનાવી આપવામાં આવશે**

NO રીફાઈન્ડ
NO કોલેસ્ટ્રોલ
NO ભેળસેળ
NO કેમિકલ

ફ્રી
હોમ ડીલવરી
જૂનાગઢ શહેરમાં




સંપર્ક

**મા શક્તિ ગૃહ ઉદ્યોગ**

શ્રેયસ સોસાયટી, બ્લોક નં. ૨૫, સંજય નગર,
ગાંધીગ્રામ, જૂનાગઢ.

**હર્ષાબેન ગઢવી : મો. : ૯૦૩૩૩ ૯૧૬૩૦ / ૭૮૭૪૫ ૧૧૧૦૮** જા×ખ

# શ્રદ્ધાંજલિ



## સ્વ. મનીષ જબ્બરદાન ગઢવી

(રાયધણપર-અમદાવાદ) સ્વ. તા. ૨૧-૩-૨૪

કાળજું કંપાવનારી આપની અણધારી વિદાય ક્યારેય
મન સ્વીકારી શકે એમ નથી. પરમકૃપાળુ પરમાત્મા અને મા ડુંગરેચી
તમારા દિવ્ય આત્માને મોક્ષ પ્રદાન કરે એવી પ્રાર્થના

**શોકમગ્ન**

જબ્બરદાન નારણજી ગઢવી (પિતા)
નિવૃત્ત આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર
સ્વ. રાધાબેન જબ્બરદાન ગઢવી (માતા)
ગં.સ્વ. અંજુબેન મનીષદાન ગઢવી (પત્ની)
રિયા મનીષદાન ગઢવી (પુત્રી)
સ્વ. અમિત જબ્બરદાન ગઢવી (ભાઈ)
ભરતદાન નારણજી ગઢવી (કાકા)
જગદીશદાન નારણજી ગઢવી (કાકા)

કિશોરદાન નારણજી ગઢવી (કાકા)
અ.સૌ. વિમળાબેન શંકરદાન ગઢવી (ફૂઈ)
સ્વ. હંસાબેન ભુપેશદાન ગઢવી (ફઈ)
લક્ષ્મણભાઈ લાહોરી
(પ્રાઈમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ)-ગાંધીધામ (સસરા)
અ.સૌ. મીરા લક્ષ્મણભાઈ લાહોરી (સાસુ)
પ્રકાશ લક્ષ્મણભાઈ લાહોરી (સાળા)
વિજય લક્ષ્મણભાઈ લાહોરી (સાળા)

## શિવશંકર સ્તુતિ

### દુહો

સમરથ ભોળો શિવજી, હરહર તારણ હાર.
કર જોડી કે કાનભા, કરુણાનિધિ કિરતાર.

### છંદ મોતીદામ

સદાય રહો તુમ સેવક સાથ,
નમો ઉમિયા પતિ શંકર નાથ,
ધરોય સદાશિવ શંકર ધ્યાન,
ભજો મન મેલ તજી ભગવાન (૧)

રહો તુમ સેવક નાં રખવાળ,
દયા કર કાયમ દેવ દયાળ,
બડો જગમેં સબસે તુમ બાપ,
જપે નવનાથ તમું નિત જાપ (૨)

હરો ભયભંજન દુઃખ હમેશ,
કરો હમસે સબ દૂર કલેશ,
હણો અમ સંકટ તારણ હાર
કરાં અરજી દલથી કિરતાર (૩)

સદાશિવ શંકર દેવ સમાન,
દિયે નય દેવ દુજો વરદાન,
નમો નિલકંઠ બડો તવ નામ,
ધુરંધર શોભત સુંદર ધામ (૪)

મનોરથ પૂર્ણ કરોય મહેશ,
નમુ ભવતારણ નાથ નરેશ,
તમે પરમેશ્વર છો અમ તાત,
જપે શિવ માનવ દાનવ જાત (૫)

ગમે શિરપે બહતી તવ ગંગ,
ભભૂત ભલી અરુ પીવત ભંગ,
ગલેય ફણીધર નાચત ગોલ,
અલૌકિક ભાલ શશી અણમોલ (૬)

નિરંતર નામ રટો શિવ નેક,
અજંન્મ અનંતહ શંકર એક,
દશાનન રાવણ શંકર દાસ,
અડાભિડ માનવ કો તવ આશ (૭)

સબે જગ શોભત સુંદર સ્થાન,
મહાબલ શંકર દેવ મહાન,
ગમે કરવાં તમણાં ગુણગાન,
કથે કવિતા તમણી કવિ કાન (૮)

**– કાનભા રવસુરભા મોખીયા(ગઢવી)**
(૭૩૫૯૭ ૭૧૩૮૧)

## નથી ગમતું

સમયના શાંત સગપણમાં, મને સજવું નથી ગમતું;
લડાકુ જિંદગી હું છું, હવે ડરવું નથી ગમતું.

હસીને વાત કરવામાં, હવે મજા નથી પડતી;
હણાયો હાસ્યથી હું છું, હવે હસવું નથી ગમતું.

કરે છે હસ્તધૂનન પણ, મહીં કાળી બળતરા છે;
રૂપાળાં હોય તોયે શું !? હવે મળવું નથી ગમતું.

અહીં આ ધર્મના સ્થાનો, બજારું ચીજ થઈ બેઠાં;
વેચાતા ઈશને જોઈ, હવે નમવું નથી ગમતું.

જગતના માળખામાં અહીં, કેવું વિજ્ઞાન વિકસ્યું છે!
એને હું આવકારું છું, હવે હટવું નથી ગમતું.

**– બાબુ ગઢવી 'બાગ'**
(૯૩૨૭૧ ૮૪૯૨૫)

## વ્યસનો તજો
*(હરિગીત)*

વિદ્યા ભણી વ્યસનો તજી, વેદો ગીતા વંચાવશે,
કર્મી બની કારજ પ્રથા, કુરિવાજ કોઈ કઢાવશે,
લાલચ વિનાના ચારણો, છંદો દુહા લલકારશે,
**આશીશ દેવા એ સમે, શ્રી આઈ સોનલ આવશે(૧)**

ભોરિંગ ઈર્ષ્યા દ્વેષના, સાચપ ધરી સળગાવશે,
મોટાઈ ત્યાગી માનને, મેળાપ સેતું માંડશે,
ભાયું મળી સદભાવથી, ઉત્તમ ક્રુતી ઉપજાવશે.
**આશીશ દેવા એ સમે, શ્રી આઈ સોનલ આવશે(૨)**

તરશૂળ માંડી તે ફળે, ગાથા ચરજ ગવરાવશે,
આયલ ગુણોને ગાઈને, ઉર સંશયો ઉકલાવશે,
થાકેલ કેરો થોભ થૈ, દુર્જન હિયા થથરાવશે,
**આશીશ દેવા એ સમે, શ્રી આઈ સોનલ આવશે(૩)**

ધારણ કરી ધીરજ સદા, ઉત્તમ ક્રિયા અપનાવશે,
શુભવાત સૌની સાંભળી, વિખવાદ વેગો વારશે,
સદસંગ ને સત્સંગથી, ગુણવંત શબ્દો ગાળશે,
**આશીશ દેવા એ સમે, શ્રી આઈ સોનલ આવશે(૪)**

ઉન્માદને આઘોકરી, પરમાદને પ્રજળાવશે,
સુરતા ધરી નિજ શ્યામથી, ઉદ્વેગને અળશાવશે,
આતમ તણાં ઉજવાશથી, પરના દીવા પ્રગટાવશે,
**આશીશ દેવા એ સમે, શ્રી આઈ સોનલ આવશે(૫)**

ભૂલા પડેલા ભાંડુને, સદવાત કૈં સમજાવશે,
આસમય સાચો ઓળખી, ભ્રમણા હિયાની ભાંગશે,
સૌ ભેદ ટાળી ચારણા, ધારત મતી ધમકાવશે,
**આશીશ દેવા એ સમે, શ્રી આઈ સોનલ આવશે(૬)**

દેશે અને દેશાવરે, વિશ્વે ગમે ત્યાં જૈ વશે,
છોડે ન ચારણ રીત તો, હિંગોળ હાજર ત્યાં હશે,
ત્યાં યાદ કરતા તૂજને, તત્કાળ આવી તારશે,
**આશીશ દેવા એ સમે, શ્રી આઈ સોનલ આવશે(૭)**

ગૂંથેલ 'ભાવે' ગીતડું, મમતાળ રૂડું માનજે,
તારા ગણીને તારણી, હે ચારણી તું તારજે,
કપરા કુડા કળિકાળને, વીહાભુજાળી વાળશે,
**આશીશ દેવા એ સમે, શ્રી આઈ સોનલ આવશે(૮)**

**– ભાવેશભા વશરામભા ખાત્રા**
(૯૭૨૭૩ ૧૬૦૨૭)

## ઈશ્વરને અરદાસ

**(કવિત)**

પ્રથવી કે પટન મે, અંબર કે અંશન મે,
મૃતક યા જીવન મે, આપ અવિલંબ હે,
વિજ્ઞાન જ્ઞાન વેદકો, ગીતા કેરે ગુંજન કો,
પુરાણ સબ પ્રાણ કો, આપ હિ તો અર્થ હે,
રઘુકુળ રાઘવ કો, સોમ કુળ શ્યામન કો,
યમલોક ઈન્દર કો, આપ હિ તો ઈષ્ટ હે,
દીપે ઘર દેશાણ મે, આતમ બદ્રી ઉમરે,
કવિત અરુ કંઠમે, કર્નલા કૃપાળ હે.

ooo

**(છંદ કુંડલિયો)**

યમ લોકે આડી ફરી, કરણી ભગિની કાજ,
અમર વરદ ઓપાવિયાં, લખન બચાવી લાજ,
લખન બચાવી લાજ, સગત અરજ અમ સુણો,
અટક ઉકેલો આજ, ભ્રાત ધખત લાગ્યો ધુણો,
કાઉ ભણા કિનિયાણ, માત વખાણો મ્હેરના
એનું ના ઓહાણ, યમ લોકે આડી ફરે

**– બદ્રીદાન ચારણ, ઝંડાલા**
(૬૩૫૪૨ ૬૩૦૨૫)

**દુનિયામાં બેકાર તો એક તણખલું પણ નથી હોતું,**
**જો તમારામાં ઉપયોગ કરવાની આવડત હોય તો.**

## સોનલમાનો ભાવ

દુહો

**દૈવત રહે દિલમાં, લોયૂ ન તારો લોભ,**
**સોનલ ગુણ સમરવા, મને જબરી દેને જીભ.**

એજી સોનલ દે જીભ રૂપાળી રે...
જપવા તારા નામ ને જાળી રે... (ટેક)

ઓળા અંધકારના ભાળી, ઊગી સૂરજ પ્રભાળી
તેદી પોહે લીજ પારણે ભાળી રે...
હા મા ઘર લોબડીયાળી રે... **સોનલ દે...**

ખજાના જ્ઞાનના ખાળી, વિદ્યારૂપી વીરડી ગાળી,
ફેંકી વરમાળ જંજાળી રે...
ઓઢી માએ કામળી કાળી રે... **સોનલ દે...**

ભૂખ્યા-દુખ્યા બાળને ભાળી, કકળી ઊઠી માત કૃપાળી
પંપાળે માત હેતાળી રે...
પાંહે બેહી પીરહી થાળી રે... **સોનલ દે...**

નવે ખંડ નજરૂ વાળી, હવે દારૂડાનો દાટ દેવાળી
જીભા સૌની રેય રસાળી રે...
જેવી ઠાકરના ઘરની થાળી રે... **સોનલ દે...**

માઢુડાની ચડતી ભાળી, હરખે બહુ માત હેતાળી,
તેદી આવી ભેરે મઢડા વાળી રે...
બુડતી માએ બેડલી ભાળી રે... **સોનલ દે...**

ભગતો નો ભાવ બહુ ભાળી,ત્રાજવડે માત તોળાણી,
અજાચક વ્રત ને પાળી રે...
ચારણની જાત ઉજાળી રે... **સોનલ દે...**

બ્રહ્મચારી બિરદ પાળી, સદાચાર પાળવા વાળી,
હવે આશિષ દે ઓરડાવાળી રે...
દાદુને રોજ દિવાળી રે... **સોનલ દે...**

દુહો

**લોઢા માથે લીટીયું, આદેશ તારા આઈ;**
**ઈ ભવે નહીં ભુંસાય,(તારી)સત લકીરું સોનબાઈ**

**– દાદુભાઈ ગઢવી( મોદાળીયા)**
(૯૭૨૫૮ ૪૫૭૫૫)

## ગઝલ

રૂપ એવું તું આજ ધરી લે,
મોતની સામે બાથ ભરી લે.

રોજ ઊઠીને મરવા કરતાં,
આજ તું એક વાર મરી લે.

એટલો નબળો જીવ નથી તું,
જીતની હૈયે હામ ભરી લે.

એમ વળગી જા જાત નિચોવી,
મોતને બેબે હાથ કરી લે.

વરવું જીવન વરવા કરતાં,
મોતની સાથે આજ વરી લે.

ખીલવું ખરવું જીવન છે તો,
સત્ય કાજે તું આજ ખરી લે.

ઊઠ **'ચારણ'** તાકાત લગાવી,
મોતની તું ઔકાત હરી લે.

**– જીલુભા રાબા**
(૭૦૪૩૩ ૯૯૦૯૩)

**કિસ્મત એ એક એવું પુસ્તક છે જેમાં લખેલું બધું જ હોય છે, પરંતુ કશું જ વાંચી શકાતું નથી.**

## મળવા જેવા માનવી

### **અશ્વિનભાઈ કે. ગઢવી,** ચીફ ઓફિસરશ્રી, જેતપુર જી. રાજકોટ

• વેજાંધ એમ. ગઢવી

કોઈપણ સમાજ, રાજય કે રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં શિક્ષણ ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. અત્યારે ઈન્ફર્મેશન ટેકનોલોજીના સમયમાં જયારે વિશ્વના દેશોના સીમાડાઓ રહ્યા નથી અને શિક્ષણના ક્ષેત્રે અવનવા અનેક વિકલ્પ ખુલ્યા છે ત્યારે જરૂર છે માત્ર યોગ્ય દિશામાં, યોગ્ય સમયે, યોગ્ય દિશા તરફ વાળવાની. વર્તમાન સમયે આપણા સમાજમાં પણ આઈશ્રી સોનલમા એ જગાવેલ શિક્ષણની જ્યોતની ફળશ્રુતિ રૂપે શિક્ષણનું પ્રમાણ વધ્યું છે.

નવા વિચારોથી ભરપૂર, લોકો માટે કંઈક કરી છૂટવાની જેમનામાં અદમ્ય ભાવના છે, માત્ર ચારણ-ગઢવી સમાજ નહીં પરંતુ અન્ય સમાજના યુવાનો માટે આદર્શ અને માર્ગદર્શક, એવા શ્રી અશ્વિનભાઈ કે. ગઢવી સાહેબ વિશે આજે વાત કરવી છે.

અશ્વિનભાઈ ખાનજીભાઈ ગઢવીએ કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના ધુણઈ ગામના વતની છે. માતા રાધાબેન તથા પિતા ખાનજીભાઈના ઘેર તા.૨૯/૧૨/૧૯૭૬ના જન્મેલ અશ્વિનભાઈ ગઢવી સામાન્ય ચારણ પરિવારમાંથી આવે છે.

પ્રાથમિક શિક્ષણ અંજાર ખાતે મેળવ્યું. ત્યાર બાદ ધોરણ ૮ થી ૧૨ સુધીનો અભ્યાસ અંજાર ખાતે કરેલ. ત્યાર બાદ હિન્દી વિષયમાં સ્નાતકની ડિગ્રી તોલાણી કોલેજ, આદિપુર ખાતેથી મેળવી હતી. ત્યાર બાદ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી શરૂ કરેલ. એ સમયમાં જ ચીફ ઓફિસરની ભરતી બહાર પડેલ. જે ભરતીમાં પ્રથમ પ્રયાસે અશ્વિનભાઈ ગઢવીએ વર્ષ ૨૦૦૯ માં પાસ કરેલ. અને ચીફ ઓફિસર તરીકે નિમણૂંક મળેલ. અશ્વિનભાઈ ગઢવીએ ચીફ ઓફિસર તરીકે ભચાઉ, અંજાર, જામજોધપુર, ખંભાલિયા વગેરે શહેરોમાં નિષ્ઠાથી ફરજ બજાવી હતી. હાલે અશ્વિનભાઈ ગઢવી રાજકોટ જિલ્લાના જેતપુર નવાગઢ ખાતે ચીફ ઓફિસર તરીકે ફરજ બજાવે છે.

યુવા વર્ગ માટે અશ્વિનભાઈ ગઢવીનો સંદેશ :-

**જયાં સંઘર્ષ નથી ત્યાં પ્રગતિ પણ નથી**
**જયાં સુધી જીવન છે ત્યાં સુધી શીખતા રહો**
**કારણ કે અનુભવ સૌથી મોટો ગુરુ છે.**

'જનસેવા એ જ પ્રભુસેવા' એ વિચારને સાર્થક કરી અનેક યુવાનો માટે અશ્વિનભાઈ ગઢવી પ્રેરણારૂપ બન્યા છે. અવિરત કાર્ય કરનાર અશ્વિનભાઈ ગઢવીને મા જગદંબા સોનલ તંદુરસ્ત અને નિરામય જીવન આપે તેમજ તેઓ વધુને વધુ પ્રગતિ કરે તેમના જીવનનો હેતુ સિદ્ધ કરે એવી પ્રાર્થના.

(૯૯૧૩૦ ૫૧૬૪૨)

•••

## સમાચાર વિભાગ

• આઈશ્રી સોનલમા જન્મ શતાબ્દી મહોત્સવ તથા સોનલ બીજ ઉજવણી નિમિત્તે વિવિધ સ્થળોએ ધાર્મિક ઉત્સવો, ઉજવણીઓ વગેરે યોજાયા હતા, જે નીચે મુજબ છે :

મઢડા,તા.કેશોદ, જિ.જૂનાગઢ ખાતે તા.૧૧ થી ૧૩ જાન્યુઆરી – ૨૦૨૪, ત્રિદિવસીય પોષ સુદ – ૨ (સોનલ બીજ)ની ઉજવણી થઈ હતી. આ તકે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વીડિયોના માધ્યમથી શુભકામનાઓ પાઠવી હતી. જ્યારે ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી સહિત કેન્દ્રીય મંત્રીશ્રીઓ, રાજ્ય મંત્રીશ્રીઓ, સંસદ સભ્યો, ધારાસભ્યો સહિત અન્ય રાજકીય અગ્રણીઓ, વિવિધ પદાધિકારીઓ, અધિકારીઓ ઉપરાંત મોરારિબાપુ સહિત અન્ય કથાકારો, માતાજીઓ, સાધુ-સંતો, મહંતો, કવિઓ, સાહિત્યકારો, કલાકારો, સંશોધકો, લેખકો, વકતાઓ, ઉદ્યોગપતિઓ, અગ્રણી મહિલાઓ સહિત વિવિધ ક્ષેત્રના મહાનુભાવોએ ત્રિ-દિવસીય મહોત્સવ દરમિયાન મંચ કાર્યક્રમોને સંબોધ્યા હતાં. રાસ-ગરબા, સંતવાણી, ભોજન-પ્રસાદ સહિત વિવિધ કાર્યક્રમો યોજાયા હતાં. બહોળી સંખ્યામાં દેશ-વિદેશથી ભાવિકજનો મહોત્સવમાં ઉમટી પડ્યા હતાં. તા.૨૫/૦૧/૨૦૨૪ના રોજ આઈશ્રી બનુમાના ૯૫મા જન્મોત્સવ નિમિત્તે મઢડા ખાતે રાસોત્સવ તથા ડાયરો સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. રાજકોટ નિવાસી આહીર કાનાભાઈ લક્ષ્મણભાઈ કાનગડ પરિવાર દ્વારા સોનલ બીજના દિને ત્રણ એકર જમીન સોનલધામ – મઢડાના અન્નક્ષેત્ર નિર્માણ હેતુ અર્થે અર્પણ કરી હતી.

• કણેરી, તા.કેશોદ, જિ.જૂનાગઢ ખાતે તા.૧૧ થી ૧૩ જાન્યુઆરી – ૨૦૨૪, ત્રિ-દિવસીય પોષ સુદ-૨(સોનલ બીજ)ની ઉજવણી થઈ હતી. ત્રિ-દિવસીય મહોત્સવ દરમિયાન માતાજીઓ, સાધુ-સંતો, કથાકારો, સાહિત્યકારો, કલાકારો સહિત વિવિધ ક્ષેત્રના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં. શ્રી સોનલ સદનનો શુભારંભ, યજ્ઞ, આરતી,ધર્મસભા, સન્માન સમારોહ,રાસ-ગરબા, સંતવાણી, ભોજન-પ્રસાદ સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

• રાજસ્થાનના ભાણસોલ (ગઢવાળા), તા.માવલી, જિ.ઉદયપુરના આઈશ્રી સોનલમા કૃપા ધામ ખાતે આઈશ્રી કંકુ કેશરમા દ્વારા તા.૮ થી ૧૩ જાન્યુઆરી, ૨૦૨૪ દરમિયાન આઈશ્રી ખોડિયારમા, આઈશ્રી કરણીજી તથા આઈશ્રી સોનલમા મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ, નવ કુંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. મહોત્સવ દરમિયાન માતાજીઓ, મોરારિબાપુ સહિત અન્ય સાધુ-સંતો તથા વિવિધ ક્ષેત્રના મહાનુભાવો સહિત બહોળી સંખ્યામાં ભાવિક ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતાં. અત્રે ભજન-ભોજન સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

• જામ ખંભાળિયા જિ.દેવભૂમિ દ્વારકા ખાતે ગઢવી યુવક પરિવાર, આઈશ્રી સોનલધામ ટ્રસ્ટ તથા સમસ્ત ગઢવી સમાજ દ્વારા તા.૧૦/૦૧/૨૦૨૪ના રોજ આઈશ્રી સોનલમા મંદિર, જડેશ્વર રોડ, જામ ખંભાળિયા ખાતે સંતવાણીનો કાર્યક્રમ યોજાયો હતો.

• ગાંધીનગર ખાતે આઈશ્રી ખોડિયાર મંદિર પરિવાર, સેક્ટર – ૫, ગાંધીનગર દ્વારા તા.૧૩/૦૧/૨૦૨૪ના સોનલ બીજ નિમિત્તે યજ્ઞ, સમૂહ આરતી, શોભાયાત્રા, 'દેવીયાણ' સમૂહ પાઠ, રાસ-ગરબા,ભોજન-પ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

• દેવરાસણ તા.જિ.મહેસાણા ખાતે આઈશ્રી સોનલ બીજ મહોત્સવ મંડળ તથા તમામ ચારણ-ગઢવી પરિવાર દેવરાસણના સંયુક્ત ઉપક્રમે તા.૧૩/૦૧/૨૦૨૪ના સોનલ બીજ નિમિત્તે આરતી, શોભાયાત્રા, ભોજન-પ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

• ટોકરા(મેવાકંપા), તાલુકો : વડાલી, જિ.હિંમતનગર (સાબરકાંઠા) ખાતે સમસ્ત હોદા બારહટ પરિવાર ગઢવી સમાજ દ્વારા તા.૧૩/૦૧/૨૦૨૪ સોનલ બીજ નિમિત્તે યજ્ઞ, શોભાયાત્રા, રાસ-ગરબા, ડાયરો, ભોજન પ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

• વાછકપર તા.ટંકારા, જિ.મોરબી ખાતે શ્રી સોનલ ગઢવી યુવક મંડળ દ્વારા તા.૧૩/૦૧/૨૦૨૪ના રોજ શોભાયાત્રા, પ્રસાદ, લોક ડાયરો સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

• દક્ષિણ ભારતના તામિલનાડુ રાજ્યના ચેન્નાઈ ખાતે આઈશ્રી સોનલમાના ૧૦૦મા જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

• ગાંધીધામ જિ. કચ્છના આઈશ્રી સોનલધામ મંદિર ખાતે સોનલ બીજની ઉજવણી, શોભાયાત્રા તથા વિદ્યાર્થીઓ તથા વિવિધ ક્ષેત્રોમાં સફળતા મેળવનાર પ્રતિભાઓનો સન્માન સમારોહ યોજાયો હતો.

• ઝરપરા, તા.મુન્દ્રા, જિ.કચ્છ ખાતે સોનલ બીજની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શોભાયાત્રા, સન્માન સમારોહ, રાસ-ગરબા, ભોજન - પ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

• માંડવી જિ.કચ્છના શ્રી લક્ષ્મણ રાગ ચારણ બોર્ડિંગ ખાતે આઈશ્રી સોનલમા પ્રેરિત કચ્છ ચારણ મહિલા સશક્તિકરણના હેતુથી તા.૨૪/૧૨/૨૦૨૩ના રોજ મહિલાઓ દ્વારા તથા ફક્ત મહિલાઓ માટે પ્રદર્શન તથા સેલનું આયોજન કરવામાં આવ્યું હતું.

• ગઢવી મિત્ર મંડળ - માંડવી જિ. કચ્છ તથા સંપાદક વાલજીભાઈ ગઢવી દ્વારા સાતમા વર્ષે સોનલ બીજના શુભ દિવસથી કેલેન્ડર વર્ષ શરૂ થાય તે મુજબનું ચારણ તિથિ કેલેન્ડરનું પ્રકાશન સહ વેચાણ શરૂ કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે,સમગ્ર કચ્છ પ્રદેશમાં સોનલ શતાબ્દી મહોત્સવ ઉજવણી વર્ષ અન્વયે ચારણ-ગઢવી સમાજના વિવિધ ૨૩ ગામોમાં દાતાશ્રીઓના સહકારથી ૨૩ સોનલ સરોવરનું નિર્માણ કરી ઉજવણી કરવામાં આવી હતી.

• પોરબંદર ખાતે તા.૦૯/૦૧/૨૦૨૪ના રોજ ચારણ છાત્રાલય, જ્યુબેલી ખાતે યજ્ઞ, આરતી સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

• પિંગલ શાસ્ત્ર પાઠશાલા Whats App ગ્રુપના ૬૯ પ્રશિક્ષણાર્થીઓને તેઓની પ્રતિભા અનુસાર પ્રમાણપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત તેઓ દ્વારા રચાયેલ વિવિધ ચારણી છંદોને 'છંદ જ્યોતિ' પુસ્તક મારફત પ્રકાશિત કરવામાં આવ્યા હતા. ઉપરોકત નિઃશુલ્ક ગ્રુપમાં જોડાવા માટે નિવૃત્ત શિક્ષક ભાઈજીભાઈ ચાટકા(મો.૯૯૭૯૦ ૦૭૨૯૨) નો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

• બલિયાવડ,તા.જિ.જૂનાગઢ આઈશ્રી દેવલમા દ્વારા મા ભગવતી શક્તિપીઠ ખાતે તા.૧૪/૦૧/૨૦૨૪ના રોજ અન્નક્ષેત્ર તથા યજ્ઞશાળાના પ્રારંભ નિમિત્તે શતચંડી યજ્ઞ ઉપરાંત આરતી, રાસ-ગરબા, સંતવાણી, પ્રસાદ તથા રક્તદાન કેમ્પ સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

• ઢોકળવા, તા.ચોટીલા, જિ.સુરેન્દ્રનગરના શ્રીસોનલ - મોગલ શક્તિધામ ખાતે સમસ્ત ઢોકળવા ચારણ-ગઢવી સમાજ દ્વારા તા.૨૪/૧૨/

૨૦૨૩ના રોજ આઈશ્રી મોગલમાનો તરવેડો, આઈશ્રી ખોડિયાર માતાજીનો ઉત્સવ તથા સોનલબીજ નિમિત્તે શોભાયાત્રા, ભોજન પ્રસાદ, સંતવાણી સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

- આઈશ્રી ચારણ-ગઢવી સમાજ સમૂહલગ્ન સમિતિ – જૂનાગઢ દ્વારા તા.૨૮/૦૧/૨૦૨૪ના રોજ સમૂહલગ્ન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જે સમારોહમાં એક યુગલની નોંધણી થતાં કન્યાના ઘર આંગણે જ લગ્ન સમારોહ યોજાયો હતો.
- શ્રી સોનલમા સેવા સહાય ટ્રસ્ટ – રાજકોટ (સમૂહ લગ્ન સમિતિ-જૂની) દ્વારા તા.૦૪/૦૨/૨૦૨૪ના રોજ રાજકોટ શહેર ખાતે ચારણ-ગઢવી સમાજનો ૩૨મો સમૂહલગ્ન મહોત્સવ યોજાયો હતો. જે સમારોહમાં સમાજના કુલ-૨૩ નવદંપતીએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતાં. ઉપરોક્ત સમારોહમાં આઈશ્રી સોનલમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ – રાજકોટ દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સોનલમા એજ્યુકેશનલ એવોર્ડ રોકડ ધનરાશિ સાથે અર્પણ કરવામાં આવ્યા હતાં.
- શ્રી ચારણ (ગઢવી) સમાજ સેવા ટ્રસ્ટ – રાજકોટ દ્વારા તા.૧૧/૦૨/૨૦૨૪ના રોજ ૨૯મો સમૂહલગ્ન સમારોહ યોજાયો હતો. જે સમારોહમાં કુલ-૧૫ યુગલ જોડાયા હતાં. દરેક કન્યાઓના ઘર આંગણે જ લગ્ન સમારોહ યોજાયા હતાં.
- ઝરપરા તા.મુન્દ્રા, જિ.કચ્છ ખાતે ઝરપરા ચારણ સમાજ દ્વારા તા.૧૩/૦૨/૨૦૨૪, વસંતપંચમીના દિને ૮મો સમૂહલગ્ન સમારોહ યોજાયો હતો. જે સમારોહમાં કુલ-૨૩ નવદંપતીએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતાં.
- આઈશ્રી સોનલ ચારણ ગઢવી સમાજ – પંચમહાલ(ગોધરા) દ્વારા પોપટપુરા (છ) ખાતે તા.૨૬/૦૨/૨૦૨૪ના ચારણ-ગઢવી સમાજના ૧૭મા સમૂહલગ્ન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જે સમારોહમાં સમાજના ૨૭ નવદંપતીએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતાં.
- રવેચી ધામ મુ.રાજપરા (ગીર) તા.વિસાવદર, જિ.જૂનાગઢ ખાતે શ્રી રાજભા (ગીર) સેવા ફાઉન્ડેશન ટ્રસ્ટ, જૂનાગઢ દ્વારા લોકસાહિત્યકાર રાજભા આલસુરભા ગઢવીના યજમાન પદે ગીરના નેસડામાં તા.૦૬/૦૩/૨૦૨૪ના રોજ દ્વિતીય ચારણ સમાજ સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ-૧૯ નવદંપતીએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા.
- શ્રી અખિલ કચ્છ ચારણ સભા તથા સમૂહલગ્ન સમિતિ, માંડવી જિ. કચ્છ દ્વારા તા.૧૦/૦૫/૨૦૨૪ અખાત્રીજના દિવસે ૨૮મો સમૂહલગ્ન સમારોહ માંડવી ખાતે યોજાનાર છે.
- સરદાર વલ્લભભાઈ પટેલની ૭૩મી પુણ્યતિથિ નિમિત્તે સ્વરાજ આશ્રમ, બારડોલી જિ.સુરત ખાતે 'સમર્થ વહીવટકર્તા સરદાર' વિષયે ચિંતક, લેખક અને વક્તા શ્રી વી. એસ. ગઢવીનું વ્યાખ્યાન યોજાયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી માનભાઈ ભટ્ટ સ્મારક નાગરિક સન્માન ઉપક્રમ વર્ષ :૨૦૨૩ અન્વયે શ્રી વી.એસ.ગઢવીને શિશુ વિહાર ભાવનગર ખાતે સન્માનિત કરવામાં આવ્યા હતા.
- ગુજરાત પોલીસ દળમાં નિમણૂક પામેલ નવનિયુક્ત પોલીસ કોન્સ્ટેબલની તાલીમ દરમિયાન વિવિધ કાયદાઓના વ્યાખ્યાતા તરીકે શ્રેષ્ઠ ફરજ બજાવનાર નિવૃત્ત પોલીસ ઇન્સ્પેક્ટર ડી.એમ.ગઢવી (નરેલા)ને રાજકોટ પોલીસ કમિશ્નરશ્રી I.P.S.રાજુ ભાર્ગવ દ્વારા પ્રશંસાપત્ર

અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

- રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા ઉત્તમ શૈક્ષણિક કાર્ય, શાળાકીય સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ, નાવીન્યપૂર્ણ પ્રયોગો તથા સામાજિક ક્ષેત્ર સહિત વિવિધ ક્ષેત્રોમાં નોંધનીય યોગદાન બદલ સરાહનીય ફરજ બજાવતાં કર્મનિષ્ઠ કર્મયોગીઓને રાષ્ટ્રીય પર્વ નિમિત્તે પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવે છે. ૭૫મા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે, ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકા ખાતે ફરજ બજાવતાં શિક્ષિકા હિરલબેન દિનકરભાઈ ગઢવીને શિક્ષણ સચિવની સહી સાથેનું પ્રશંસાપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતાં. રાજકોટ નિવાસી Rtd. P.I. શ્રી ડી.એમ.ગઢવી(નરેલા) પરિવારના પુત્રવધૂ હિરલબેન ગઢવીએ સમાજની મહિલાઓનું ગૌરવ વધાર્યું છે.

- ઈન્દુબેન ધીરુભાઈ ગઢવી મેમોરિયલ ટ્રસ્ટ - રાજકોટ તથા ડીવાઇન ચેરિટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે સોનલધામ મંદિર - જામનગર ખાતે નિઃશુલ્ક દંતયજ્ઞ તથા ટોકન દરે દાંતના ચોકઠા માટેનો કેમ્પ યોજાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આઈશ્રી દેવલમા પ્રેરિત તથા આઈશ્રી સોનલમા શૈક્ષણિક અને સામાજિક ચેરિટેબલ ટ્રસ્ટ - જામનગર દ્વારા તથા સરસ્વતી શિશુ મંદિર જામનગરના સહયોગથી ચારણ સમાજના વિદ્યાર્થીઓ માટે ટ્યુશન, રમત-ગમત, સંસ્કાર સિંચન તથા પ્રવાસ જેવી વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ અત્રે સોનલધામ મંદિર ખાતે થઈ રહી છે.

- કીડી તા.બાબરા જિ.અમરેલી ખાતે જામંગ પરિવાર દ્વારા ચંડીપાઠ (યજ્ઞ) તથા મોગલ માતાજીનો ૨૪ કલાકના માંડવા નિમિત્તે ભોજન-પ્રસાદ સહિત અન્ય કાર્યક્રમો યોજાયા હતા.

- બામણાસા (ગીર) તા.તાલાળા, જિ.ગીર સોમનાથ ખાતે ચારણ સમાજ-બામણાસા (ગીર) દ્વારા આઈશ્રી દેથુ માતાજીની દેરી ખાતે ચતુર્થ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ડાયરો, પ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

- હોટેલ રેડિસન તા.ગાંધીધામ, જિ.કચ્છ ખાતે શ્રી ચંદ્રશેખરભાઈ અયાચી તથા ટીમ દ્વારા દ્વિતીય આંતરરાષ્ટ્રીય ચારણ-ગઢવી બિઝનેસ મીટ-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશ-વિદેશથી સમાજના ઉદ્યોગપતિઓ, વ્યાપારીઓ વગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ તકે અમદાવાદ-ગાંધીનગર ખાતે નિર્માણ પામનાર આઈશ્રી સોનલ શિક્ષણધામ ભાવિ પ્રોજેકટના ભંડોળ અર્થે માત્ર એક કલાકમાં રૂપિયા ૨૦ કરોડ જેટલી માતબર રકમ એકઠી થઈ હતી. ગત વર્ષે પ્રથમ બિઝનેસ મીટ રાજસ્થાનના ઉદયપુર ખાતે યોજાઈ હતી. C.G.I.F. ના ઉપક્રમે આ ફંકશન આયોજિત થયું હતું.

- ભોજપરા તા.ચોટીલા જિ. સુરેન્દ્રનગરના મહિલા સરપંચ શીતલબેન જયદેવભાઈ ગઢવી (અમોતિયા)ની પ્રજાહિતલક્ષી કામગીરી બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા સન્માનપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

- રાજકોટ નિવાસી કુમારી માનસી ગઢવી જુડો - કરાટેની આંતરરાષ્ટ્રીય વિજેતા બની સિલ્વર તથા ગોલ્ડ મેડલથી સન્માનિત થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ વિવિધ ૧૬ મેડલ મેળવી સન્માનિત થઈ ચૂક્યા છે.

- સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ - રાજકોટ દ્વારા રાજકોટ જિલ્લાની ૫૦૦ જેટલી ખાનગી

શાળાઓમાં સેવારત આચાર્યોની સેવાને દ્રોણાચાર્ય એવોર્ડથી સન્માનિત કરવાનો ઉપક્રમ યોજાયો હતો. જેમાં દિનેશભાઇ જી. સોયાને દ્રોણાચાર્ય એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

- રાણ તા.જામ કલ્યાણપુર જિ. દેવભૂમિ દ્વારકા ખાતે તા.૧૧/૦૨/૨૦૨૪ના રોજ આશબાઈધામ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રી પીઠડ માતાજીનો ૧૧ કૂંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. યજ્ઞ, ધ્વજા આરોહણ, ભોજન પ્રસાદ, ડાયરો સહિતના કાર્યક્રમો યોજાયા હતા.
- ગઢવાળા (નિનામા) તા.સાયલા, જિ. સુરેન્દ્રનગર ખાતે તા.૨૫/૦૧/૨૦૨૪ના રોજ આઈશ્રી કુંવરમાના ઓરડે આઈશ્રી જાલુમાનો પ્રથમ વાર્ષિક પાટોત્સવ યોજાયો હતો. ચંડીપાઠ યજ્ઞ, પ્રસાદ, રાસ - ગરબા, ડાયરો સહિતના કાર્યક્રમો યોજાયા હતા.
- અચરાસણ, તા.કડી, જિ.મહેસાણા ખાતે મા સોનલ આશીર્વાદ ગ્રુપ દ્વારા તા.૧૯/૦૧ થી તા.૨૧/૦૧/૨૦૨૪ સુધી ત્રિ-દિવસીય કરણી કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે સમારોહમાં કરણી કથા ઉપરાંત કળશ યાત્રા, રાસ-ગરબા, ભજન-કીર્તન, ભોજન-પ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાયા હતા.
- સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી સ્ટેટ રાજકવિશ્રી સ્વ.શંકરદાનજી જેઠીભાઈ દેથાની સ્મૃતિમાં 'શંકરા ફાઉન્ડેશન'ની રચના કરવામાં આવી છે. સદરહુ સંસ્થાના ટ્રસ્ટી તથા રાજકવિના પ્રપૌત્ર વિશ્વજીતસિંહ દેથાની એક યાદીમાં જણાવ્યા અનુસાર, ગુજરાત સ્થિત કોઈપણ મંદિર તથા સેવાભાવી સંસ્થાઓને શંકરા ફાઉન્ડેશન દ્વારા સંપૂર્ણ નિ:શુલ્ક વેબસાઈટનું નિર્માણ કરી આપવામાં આવશે. ઉપરોક્ત નિ:શુલ્ક સેવા પ્રાપ્ત કરવા ઈચ્છુક સંસ્થાઓએ મોબાઈલ નંબર : ૯૮૨૫૪ ૬૨૫૬૮ પર સંપર્ક કરવા એક યાદીમાં જણાવ્યું છે.
- રાજસ્થાનના હિંગળાજમાતા મંદિર, મું.વળદરા જિ.સિરોહી ખાતે તા.૨૨/૦૨/૨૦૨૪ના રોજ ૨૫મો વાર્ષિકોત્સવ તથા ચારણ સમાજ પ્રતિભા સન્માન સમારોહ - ૨૦૨૪ યોજાયો હતો.
- જામનગર નજીકના હાપા ખાતે ટ્રેન મેનેજર તરીકે ફરજ બજાવતા મયુરભાઈ ડી. સોયાને વિશિષ્ટ કામગીરી બદલ વેસ્ટર્ન રેલવે, મુંબઈ કચેરી ખાતે સન્માનિત કરવામાં આવ્યા હતા.
- બહુજન સાહિત્યમાં સવાયા દલિત સાહિત્યકાર તરીકે જાણીતા લેખક પ્રવીણભાઈ ગઢવીનું પુસ્તક 'ભારતીય સંસ્કૃતિનું સત્ય' આર. આર. શેઠ પ્રકાશન કંપની દ્વારા પ્રકાશિત થયું છે.
- વોવાર તા.મુન્દ્રા, જિ.કચ્છ ખાતે જય મોરદાદા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન ઉપરાંત ટ્રસ્ટના નવા કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.
- આઈશ્રી સોનલ આદેશ યુવક મંડળ - ગાંધીનગર દ્વારા તા.૧૧/૦૨/૨૦૨૪ના રોજ રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં ભરતી થવાના હેતુથી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા ગઢવી સમાજના યુવક-યુવતીઓ માટે You Tube પર ઓનલાઈન કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.


ooo

**–સમાચારોનું સંકલન : હિતેષ ગઢવી(નરેલા)**
રાજકોટ (૯૯૨૪૮ ૧૦૫૯૪)

## કાગએવોર્ડ ૧૩–૩–૨૦૨૪ મજાદર કાગધામ



તા.૧૩-૩-૨૦૨૪, કાગ ચોથના સપરમા દિવસે કાગધામ(મજાદર) ખાતે કવિ કાગ એવોર્ડ એનાયત કાર્યક્રમ માનસમર્મજ્ઞ મોરારિબાપુની હાજરીમાં યોજાઈ ગયો. મોરારિબાપુની પ્રેરણાથી આરંભાયેલ પ્રવૃતિ સતત ૨૩ વર્ષથી ચાલી રહી છે. એવોર્ડ પ્રાપ્ત કરનાર પાંચ વ્યકિતઓ(ડાબેથી રાજુલ દવે, દેવરાજભાઈ ગઢવી, ગિરધરદાનજી રત્નુ, લાખણશીભાઈ ગઢવી અને મનુભાઈ જોધાણી(મરણોત્તર) પરિવારના ગૌરાંગભાઈ જોધાણી, મોરારિબાપુ અને વી.એસ. ગઢવી સાથે



## શ્રદ્ધાંજલિ

ગઝલ સમ્રાટ શ્રી પંકજ ઉધાસ તથા શ્રી મનહર ઉધાસનું રાજકોટમાં આઈ શ્રી સોનલમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટ દ્વારા સન્માન કરતા નાણામંત્રી શ્રી વજુભાઈ વાળા, ટ્રસ્ટના ચેરમેન શ્રી લાખાભાઈ ગઢવી તથા સચિવશ્રી વી.એસ. ગઢવી(ફાઈલ તસ્વીર)



પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ
સ્વ. રેણુકાબેન રમેશભાઈ જાળગ
સ્વ. તા. ૫/૩/૨૦૨૩, ફાગણ સુદ-૧૩, રવિવાર
આ જગતમાં તુ એક જ વડીલ, જેને "તું" કહી બોલાવતાં;
માં, કાકી, મોટી માં, મામી, માસી, ફૂઈ અમાણી તેં થાતી,
પણ તે તો અમુ તોં'ળા કોખના છોરૂં કરી રાખ્યા.
તારા સ્નેહને ખોબે ખોબે પીધા અમે, એના મૂલ અટાણે સમજાય અમને.
તોં'ળી આગળ તો અમે હજી બાળ હતાં, તું ગઈ ને ભેગું અમારૂં બાળપણ લેતી ગઈ તું.
"પુરા માં આશિષ" ના ડેલે રાહ જોતી અમાણી કાયમ તું, ઈ ડેલો તો,ળા વગર હવે સૂનો અમુ લાગશે.
અમાણા માટે તો,ળી દેહ પીડા નકારી તે, એ અહેસાસથી અશ્રુના સાગરમાં ડૂબે આંખુ અમાણી.
રેણું! તોં'ળી વાતું, આવકર, સ્નેહ, સ્મિત અને તું; ક્યારેય નહીં વિસરાય, કદી નહીં ભૂલાય !
રમેશભાઈ નારણભાઈ જાળગ(પતિ)
બહાદુરભાઈ નારણભાઈ જાળગ(દીયર)
મનોજ દેવસુરભાઈ જાળગ(ભત્રીજા)
વિપુલ રઘુભાઈ જાળગ(ભત્રીજા)
THE BRAND SHOP
નિખીલ રમેશભાઈ જાળગ(પુત્ર)
કિશન રમેશભાઈ જાળગ (પુત્ર)
કુલદીપ રાજેશભાઈ જાળગ(ભત્રીજા)
(ધ બ્રાન્ડ શોપ)
તથા જાળગ પરિવાર - રાજકોટ
મો. ૭૯૯૦૮૩૧૩૦૩(નિખીલ) ૭૯૯૦૨૫૨૦૬૦(કિશન)
Advt.

## આઈશ્રી સોનલમા શતાબ્દી વર્ષ ની લંડનમાં ઉજવણી



આઈશ્રી સોનલમા



જય માતાજી...જય સોનલ માં...
અરજ કરીએ ચરજ કહીયે, રમીએ હૈયા થી રાસ
અમને તો ખોળે ખેલવી, માડી રક્ષજે બારો માસ
મા ડી તું તો જાણે રજેરજ, હૈયે દેજો અમને ધીરજ

આપણા સૌ ના પરમ પ્રિય આઈ શ્રી સોનલ મા ના શતાબ્દી વર્ષેની ઉજવણી પરંપરા મુજબ પોષ સુદ બીજ **૧૩** જાન્યુઆરી **૨૦૨૪** શનિવાર ની સંધ્યાએ ધામધુમ ભકિતભાવ અને ઉત્સાહ પૂર્વક ઉત્તરલંડન સ્થિત દરજી પેવેલીયન માં યોજાયો. સૌ પ્રથમ ભોજનપ્રસાદ થી શરૂઆત થઈ. લગભગ બસો થી વધુ લોકોએ સહભોજન કર્યું . અમારા સ્વયંસેવકો ના આયોજન થી સરસ રીતે સંપન્ન થયુ

વિશ્વભરથી લોકો મહડા શતાબ્દી વર્ષે નો ઉત્સાહ આઈમાં પ્રાગટ્ય ઓચ્છવ નો અનેરો આનંદ સાક્ષી થવા ચુકે થી પ્રયાણ કર્યું .

અહિં લંડન માં ઘણા વર્ષે થી સોનલબીજ ઉજવાય છે. આ વર્ષે તો સોનામાં સુગંધમય સૈકાઓનો ખાસ ભકિતસભર ભાવ ચારણીલય ગવાય છવાય સંગીતબધ્ધ ગવાય અને ઝીલાય, હમેંશ ની જેમ હે ચારણી બહ્મ ચારણી... ની પ્રાર્થના થી શરૂઆત ત્યાર બાદ આપણા યુવાકાર્યેકર શ્રી કરણભાઈ સૌ ને આવકાર્યા બાદ માં કાર્યેક્રમ માં શ્રી મીનાબહેને પ્રાસંગિક માં ના સમાજ સુધારણા અને મહિલાઓ ના ઉત્કર્ષે ની જાણ કરી ભકિતભાવ નો દોર શરૂ થયો પ્રતાપભાઈએ હાર્મોનિયમ સથવારે ગાયકી થી સુભાષભાઈ જયશ્રીબહેન માધુરીબહેન અને મીનાબહેન ની સ્વરયાત્રા શરૂ કરી. અહીં ની યુવા પેઢી એ આપણો સંગીત નો દિવ્ય વારસો જાળવી રાખ્યો છે એવા ઘણા યુવાન યુવતીઓ છે તેમાં ના શ્રીકુંજે ઢોલક થી સંગત કરી.


મા સરસ્વતી વંદના થી દોર પ્રારંભ

આપણે સૌ શકિત ના ઉપાસકો, માં ભગવતી અને આઈઓ ના અમી આશિષ થી ચારણી સાહિત્ય આર્વેદષ્ટાઓ કવિ દૈવીપુત્રો પુત્રીઓ અને લોકસંગીત ના દેન થી આપણો દિવ્ય વારસાનો વિશાળ સાગર ના મોતી સમી રચનાઓ નો જાદુ અકબંધ છે

જન્મદિવસ અને કેક ન હોય એ કેમ બને? યુવા કાર્યેકર રાજીવ, કરન જાનલ, નિલેશ,ચંદ્રકાંત ને ભાવેશભાઈ ધીરેનભાઈ અને કેતનભાઈએ કેક ની વ્યવસ્થા કરી સૌ ને પ્રોત્સાહિત કર્યા...વિશેષ તો દેશ થી આવેલ યુવક યુવતીઓ પણ સહભાગી બન્યા અને સોનલબીજ અહિં પણ ઉજવાય છે એના સાક્ષી બન્યાથી પુલકિત થયા અને એનો આનંદ સૌ પર છવાયો.

લગભગ રાત્રિ ના સાડાદસે આરતી ઘંટનાદ શંખનાદ થી વિરામ આપ્યો. કારપાર્કિંગ ની સુંદર વ્યવસ્થા અને કાર્યેકરગણે અંત માં સાફ સફાઈ કરી આજ ના આનંદ ને વાગોળતાં વાગોળતાં જય માતાજી કરી ને વિદાય લીધી.

**-પ્રતાપભાઈ જાળફવા, લંડન**



શ્રદ્ધાંજલિ
સ્વ. ગઢવી શ્રી રાણાભા રામસુરભા જાળગ
સ્વ. તા. ૧૦/૩/૨૦૨૪, રવિવાર
ગામ : તુરખા હાલ : રાજકોટ
પરમ પૂજ્ય મામાશ્રીને પ્રણામ..
માતાજી તેમના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ આપે તેવી પ્રાર્થના...
-: આપના ભાણેજ :-
વજુભા માલસુરભા ખાત્રા
સ્વ. ભીખુભા જીવાભા સાસી
ભરતભા માલસુરભા ખાત્રા
મુકેશભા જીવાભા સાસી
દિનેશ નાગરભાઈ બુધશી
નીલેશ બાબુભા લાંબા
નિમીષ નાગરભાઈ બુધશી
દિનેશ બાબુભા લાંબા
વજુભા ખાત્રા - ૯૭૧૪૨ ૫૯૮૦૯
Advt.



## ૧૯૭૪ના જૂનાગઢ સમેલંનની અલભ્ય તસ્વીર



પૂ. આઈ શ્રી સોનલમાની તુલાવિધી સમયની અલભ્ય તસ્વીર(જૂનાગઢ), જેમાં પૂ. આઈમા બિરાજમાન છે, શ્રી મુળુભાઈ પાલીયા-જાંબુડા (પાલીયા સાહેબ) માઈક પર પ્રવચન આપી રહ્યા છે અને પાઘડી વાળા બેઠેલા મહાનુભાવોમાં શ્રી મુળુભાઈ મુળીયા(રાજકોટ) અને શ્રી ગંગદાસભાઈ(બચુભાઈ) બાવડા (પારેવાળા) દ્રશ્યમાન થાય છે અને પૂ. મા ની સમક્ષ શ્રી પિંગળશીભાઈ પાયક કંઈક વાંચી રહ્યા હોય તેવી મુદ્રામા દ્રશ્યમાન થાય છે.





CHARAN SANSKRUTI (QUARTERLY) Editor, Publisher & Printer : RAMBHAI L. JAMANG Owner : AAI SHREE SONALMA EDUCATION & CHARITABLE TRUST, Place of Publication : CHARAN SANSKRUTI KARYALAY MULAJIBHAI K. LAMBA CHARAN VADI, SUKHRAMNAGAR-2, KOTHARIYA CHOKDI, RAJKOT-360 002. GUJARAT Printed At : GIRISH OFFSET, JAYANT K.G. MAIN ROAD, RAJKOT-360 004, GUJARAT.